MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૨૫-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 CAA-NRC વિરોધમાં ૭૬ મુસ્લિમ-નેતાઓએ ભાજપમાંથી રાજીનામા આપ્યા
5 ઈન્સ્ટાગ્રામ પર આજે વેબ સીરિઝ 'ફસ્ટ્ર્સ' રિલીઝ થશે
6 સીએએ સમર્થક પરિવારોનુ પાણી રોકાયાનો આક્ષેપ કરનાર સાંસદ સામે જ ફરિયાદ
8 નીતિન પટેલે રાજકોટમાં ફ્લાવર શોને ખુલ્લો મુક્યો, ૨૦ રૂપિયા ટિકિટથી લોકોમાં રોષ
9 અધિકારીઓના નામે રૂપાણીની સામે ભાજપના ધારાસભ્યોનો ખુલ્લો બળવો...?
10 રૂા. ૪.૫૦ કરોડ જમીન વેચાણ પેટે વસૂલી દસ્તાવેજ કરવાનો ઇન્કાર
11 રઘુવીર ટેક્સ. માર્કેટમાં ફરીથી આગ ભડકી ઉઠતા ફાયર બ્રિગેડની દોડાદોડી
12 દેશના ૧૦૦ શહેરોમાંથી પ્રોજેક્ટના અમલીકરણના બેસ્ટ પર્ફોમન્સ બદલ....


મેગેઝિને કવર પેજ પર કાંટાળા તારની વચ્ચે ભાજપનું ચૂંટણી ચિહ્ન કમળ મૂક્યુ

'અસહિષ્ણુ ભારત': ધ ઈકોનોમિસ્ટના કવર પેજે વિવાદ છેડ્યો

મોદી સરકાર જનતાને ભટકાવે છે,એનઆરસી-સીએએના પગલે ભારતના ૨૦ કરોડ મુસ્લિમ ભયભીત,વડાપ્રધાન પર વિશ્વના સૌથી મોટા લોકતંત્રના ભાગલા પાડવાનો આરોપ લગાવાયો

ન્યુ દિલ્હી

જાણીતા મેગેઝિન ધ ઈકોનોમિસ્ટના નવા કવર પેજને લઈને વિવાદ શરુ થઈ ગયો છે. મેગેઝિને નાગરિકતા કાયદો અને એનઆરસીને લઈને ભારતમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો મુદ્દે મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. કવર પેજ પર કાંટાળા તારની વચ્ચે ભારતીય જનતા પાર્ટીનું ચૂંટણી ચિન્હ કમળનું ફુલ દેખાઈ રહ્યું છે. જેના પર લખ્યું છે કે, 'અસહિષ્ણુ ભારત, કેવી રીતે મોદી વિશ્વના સૌથી મોટા લોકતંત્રને જોખમમાં નાંખી રહ્યા છે'. ધ ઈકોનોમિસ્ટ મેગેઝિનના કવર પેજને ટ્વીટ કર્યું હતું. આર્ટિકલના ટાઈટલમાં પીએમ મોદી પર વિશ્વના સૌથી મોટા લોકતંત્રના ભાગલા પાડવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. જેમાં આગળ લખવામાં આવ્યું છે કે, ભારતના ૨૦ કરોડ મુસલમાન ડરમાં જીવી રહ્યા છે કારણ કે પ્રધાનમંત્રી હિન્દુ રાષ્ટ્રના નિર્માણમાં વ્યસ્ત છે. ૮૦ના દાયકામાં રામ મંદિર માટે આંદોલનની સાથે



ભાજપની શરુઆત પર ચર્ચા કરતા લેખમાં આગળ તર્ક તર્ક આપવામાં આવ્યો છે કે, સંભવિત રીત નરેન્દ્ર મોદી અને ભાજપને ધર્મ અને રાષ્ટ્રીય ઓળખના આધાર પર કથિત વિભાજનથી ફાયદો થયો છે. એનઆરસી મુદ્દે મેગેઝિન લેખમાં લખવામાં આવ્યું છે કે, ગેરકાયદે શરણાર્થિઓની ઓળખ કરવામાં કાયદેસર ભારતીયો માટે રજિસ્ટર તૈયાર કરવાની પ્રક્રિયાથી ૧૩૦ કરોડ ભારતીય પ્રભાવિત થશે. આ અનેક વર્ષો સુધી ચાલશે. લિસ્ટ તૈયાર થયા પછી તેમા રહેલા પડકારો અને ફરીથી સુધારા કરવાની કામગીરી લાંબા સમય સુધી ચાલશે. આર્ટિકલમાં લખવામાં આવ્યું છે કે, આ પ્રકારના મુદ્દાઓને લોકો સામે ધરીને અન્ય મુદ્દાઓ જેવા કે અર્થવ્યવસ્થા, બેરોજગારી વગેરે પરથી લોકોનું ધ્યાન ભટકાવવામાં આવી રહ્યું છે. ભાજપે સત્તા મેળવ્યા પછીથી જ દેશની અર્થવ્યવસ્થા પડકારોનો સામનો કરી રહી છે.

અનુસંધાન પાના નં. ૭

જો ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કર્યું તો પાસપોર્ટ-વિઝા બંન્ને રદ થઈ જશે...!!?

લુધિયાણા

ભારતમાં દિવસે દહાડે ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. જેના પર અંકુશ મેળવવા ભારત સરકાર દ્વારા થોડા સમય પહેલા જ આકરા ટ્રાફિક નિયમો અમલી બનાવ્યા હતાં. તેમ છતાંયે ટ્રાફિકના નિયમોનું કડકાઈથી પાલન કરાવવા માટે વધુ એક આકરો નિર્ણય લેવાયો છે.

હવે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવું પડી શકે છે. તેમાં પણ ખાસ કરીને એ લોકોને જે વિદેશ જવા ધારે છે. આ લોકોના ટ્રાફિકના નિયમો તોડવા પર પાસપોર્ટ અને વીઝા બંને રદ થઈ શકે છે.

પંજાબના લુધિયાણામાં ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખતા લુધિયાણાના પોલીસ કમિશ્નર દ્વારા પહેલ કરવામાં આવી છે. જે લોકો હવે વિદેશમાં જવા માટે ઈચ્છુક છે અને જો તે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેમને ભારે કિંમત ચૂકવવી પડે છે. કારણ કે ટ્રાફિક નિયમોનું વારંવાર ઉલ્લંઘન કરનારના પાસપોર્ટ રદ કરવાની ચળવળ લુધિયાણા પોલીસે શરૂ કરી છે. આ ઉપરાંત લુધિયામાં ગેરકાયદેસર કબજા વિરૂદ્ધ પણ પોલીસે ચળવણ શરૂ કરી

અનુસંધાન પાના નં. ૭

કેરળના મુખ્યમંત્રીએ વિદેશમંત્રીને પત્ર લખી વિદ્યાર્થીઓની મદદ કરવા કહ્યું

ચીનમાં કોરોના વાયરસથી ૨૫ લોકોના મોતઃ વુહાનમાં ૨૫ ભારતીય ફસાયા

ન્યુ દિલ્હી

ભારતના ૨૫ વિદ્યાર્થી ચીનના કોરોના વાયરસથી પ્રભાવિત વુહાન શહેરમાં ફસાયા છે. વાયરસને બહાર ફેલાવાથી રોકવા માટે વુહાનથી લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. ત્યાં ફસાયેલા ૨૫માંથી ૨૦ વિદ્યાર્થી કેરળના છે. કોરોના વાયરસના ફેલાવાથી ભારત માટે પણ ચિંતાનું કારણ એટલા માટે છે કે લગભગ ૭૦૦ જેટલા ભારતીય વિદ્યાર્થીઓ વુહાન અને તેની આસપાસના વિસ્તારોમાં રહે



છે. જેમાંથી મોટાભાગના ચીની વિશ્વવિદ્યાલયોમાં મેડિકલનો અભ્યાસ કરે છે. ચીનમાં કોરોના વાયરસે અત્યાર સુધીમાં ૨૫ લોકોના જીવ લઈ લીધા છે. જ્યારે ૮૩૦ લોકો આ વાયરસથી પીડિત હોવાનું સામે આવ્યું છે.

મુંબઈમાં અધિકારીઓએ કહ્યું કે છેલ્લાં ૬૦ કલાકમાં વુહાન અને ચીનના અન્ય ભાગમાંથી પાછા આવેલા પાંચ ભારતીયોની ઊંડી તપાસ ચાલી રહી છે. તેમાંથી બે લોકોને તાવ-શરદી છે, આથી તેમને કસ્તૂરબા હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અધિકારીઓએ કહ્યું કે તેમનામાં સામાન્ય તાવ અને શરદી સિવાય બીજા કોઈ વાયરસના લક્ષણ દેખાતા નથી. એપિડોમિઓલોજિસ્ટ ડૉ. પ્રદીપ આવટે એ કહ્યું કે આ બંને કોરોના વાયરસથી મુક્ત છે.

ભારત સરકારે કહ્યું કે સાઉદી અરબમાં કામ કરનાર કેરળની એક નર્સ વાયરસથી પ્રભાવિત થયાની આશંકા હતી પરંતુ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તે બિલકુલ સ્વસ્થ છે. વિદેશ રાજ્યમંત્રી વી.મુરલીધરણે ગુરૂવારના રોજ ટ્વીટ કરી કહ્યું હતું કે કેરળની એક નર્સ અસીર

અનુસંધાન પાના નં. ૭

છત્તીસગઢના મુખ્યમંત્રીએ મોદી-શાહની સરખામણી હિટલર સાથે કરી

રાયપુર

છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલનું એક નિવેદન ફરી એક વખત વિવાદમાં પડ્યું છે. આ વખતે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહની સરખામણી હિટલર સાથે કરી દીધી છે. તેમણે હિટલરની એક સ્પીચનો ઉલ્લેખ કરતા કહ્યું કે હિટલરે એક વખત પોતાના ભાષણમાં કહ્યું હતું કે તમે ભલે મને ગાળો આપો પણ જર્મનીને ગાળી આપશો નહીં. વધુમાં કહેતા તેમણે કહ્યું કે હવે મોટા ભાઈ અને નાના ભાઈ બંને હિટલરની જ ભાષા બોલી રહ્યા છે.

આ અગાઉ ભૂપેશ બઘેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની વચ્ચે મનભેદ હોવાની વાત પર પણ નિવેદન આપી ચૂક્યા છે. તેમણે કહ્યું હતું કે, 'છેલ્લા પાંચ વર્ષ વડાપ્રધાન મોદીના હતા અને વર્તમાન સરકારના જે સાત મહિના થયા છે તે ગૃહમંત્રી અમિત શાહના છે. ગઈ વખતના કાર્યકાળમાં વડાપ્રધાન મોદીએ નોટબંધી, જીએસટી વગેરે લાગુ કર્યા ત્યારે આ કાર્યકાળના સાત મહિનામાં ગૃહમંત્રીએ સીએબી, સીએએ, કલમ ૩૭૦ નાબૂદ કરી, રામ મંદિર પર ઐતિહાસિક ચુકાદો

અનુસંધાન પાના નં. ૭

જમ્મુ-કાશ્મીરમાં પહલગામ -૧૩.૪ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું

કાશ્મીર સહિત ઉત્તર ભારત ઠંડીમાં ઠૂંઠવાયુંઃ દ્રાસમાં -૩૦ ડિગ્રી



શ્રીનગર

કાશ્મીરમાં હાડ થીજવતી ઠંડીએ ફરી જોર પકડ્યું છે અને તાપમાનનો પારો નીચે ગગડતો જોવા મળ્યો છે. સમગ્ર ખીણ વિસ્તાર ઠંડીમાં ઠૂંઠવાયો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં વરસાદ તેમજ બરફવર્ષા થવાની સંભાવના રહેલી છે.

આ વિસ્તારમાં રાત્રીનું તપામાન નોંધપાત્ર ગગડ્યું હોવાનું હવામાન વિભાગે નોંધ્યું છે. શ્રીનગરમાં તાપમાન ગગડીને -૬ ડિગ્રી નોંધાયું હતું જે અગાઉ -૦.૫ ડિગ્રી જ હતું. આ ઉપરાંત કાઝીગંદ ખાતે તાપમાન -૮.૨ ડિગ્રી રહ્યું હતું. પ્રવાસનના પોઈન્ટ એવા પહલગામમાં પારો ગગડીને -૧૩.૪ ડિગ્રીએ પહોંચ્યો હતો. કાશ્મીર પ્રદેશમાં પહલગામ સૌથી ઠંડુ શહેર હોવાનું હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન ઉત્તર કાશ્મીરમાં ગુલમર્ગમાં પારો -૧૧ ડિગ્રી રહ્યો હતોજે અગાઉ -૧૧.૨ ડિગ્રી

અનુસંધાન પાના નં. ૭

ચૂંટણી કાર્ડને આધારકાર્ડ સાથે લિંક કરવાની તૈયારીમાં સરકાર..!: ચૂંટણી પંચની તૈયારી પૂર્ણ

ન્યુ દિલ્હી

પાન કાર્ડ બાદ હવે તમારા વોટર આઈડી કાર્ડને પણ આધાર કાર્ડ સાથે લિંક કરાવવું જરૂરી બની શકે છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, કાયદા મંત્રાલયે ચૂંટણી પંચ તરફથી આવેલી ભલામણનો સ્વીકાર કરી લીધો છે. પરંતુ કાયદા મંત્રાલયે સ્પષ્ટ કહ્યું છે કે, એ અંગે ખાતરી જરૂરી છે કે આ પ્રક્રિયા દરમિયાન ડેટા ચોરી થતી રોકવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે. રિપોર્ટ પ્રમાણે આધાર કાર્ડને વોટર આઈડી સાથે લિંક કરવા માટે કેન્દ્રીય કાયદા મંત્રાલયે અમુક શરતો સાથે હા પાડી છે. કાયદા મંત્રાલયની મંજૂરી પછી હવે ચૂંટણી પંચને વોટર આઈડીને આધાર કાર્ડ સાથે લિંક કરવા માટેનો કાયદાકીય અધિકાર મળી શકે છે.

નોંધનીય છે કે ચૂંટણી પંચે આ પહેલા ફેબ્રુઆરી ૨૦૧૫માં આધારને વોટર આઈડી કાર્ડ સાથે જોડવાની કવાયત શરૂ કરી હતી. આ સમયે એચ એસ બ્રહ્મા મુખ્ય ચૂંટણી કમિશનર હતા.

જોકે, સુપ્રીમ કોર્ટ તરફથી જાહેર વિતરણ વ્યવસ્થા, એલપીજી અને કેરોસિનના વિતરણમાં આધારના ઉપયોગ પર રોક

અનુસંધાન પાના નં. ૭



દાવોસમાં અમેરિકાન સમાજસેવક સોરેસે વડાપ્રધાન પર નિશાન સાધ્યું

ભારતમાં લોકશાહી રીતે ચૂંટાયેલા મોદી દેશને હિન્દુ રાષ્ટ્ર બનાવવા માંગે છે



ભારત સરકારના નિર્ણયથી લાખો મુસ્લિમો પર નાગરિકતાગુમાવવાનો ડર,દુનિયામાં હવે તાનાશાહોનું રાજ

દાવોસ

સ્વિત્ઝરલેન્ડના દાવોસમાં આયોજીત વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ગુરુવારે અમેરિકાના અબજપતિ સમાજસેવક જોર્જ સોરોસે પોતાના વિચાર રાખ્યા હતા. રાષ્ટ્રીયતાના મુદ્દે સોરોસે જણાવ્યું કે, હવે રાષ્ટ્રીયતાનો અર્થ જ બદલાઈ ગયો છે. ભારતમાં લોકશાહી રીતે ચૂંટાયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને હિન્દુ રાષ્ટ્ર બનાવવા માગે છે. તેઓ અર્ધ-સ્વાયત મુસ્લિમ ક્ષેત્ર કાશ્મીરમાં દંડનીય પગલા લઈ રહ્યા છે. સાથે જ સરકારના નિર્ણયને કારણે ત્યાં વસવાટ કરી રહેલા લાખો મુસ્લિમો પર નાગરિકતા છીનવાઈ જવાનું જોખમ આવી પડ્યું છે.

સોરોસે જણાવ્યું હતું કે, સિવિલ સોસાયટીમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. માનવતામાં ઘટાડો થઈ રહ્યો છે. એવું લાગી રહ્યું છે કે આગામી વર્ષોમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના ભાગ્યથી જ દુનિયાની દિશા નક્કી થશે.

હાલ વ્લાદિમીર પુતિન, ટ્રમ્પ અને જિનપિંગ તાનાશાહ જેવા શાસક છે. સત્તાને વળગી રહેનારા શાસકોમાં વધારો થઈ રહ્યો છે.

સમાજસેવક સોરોસે વધુમાં જણાવ્યું હતું કે, ખુલ્લા સમાજની કલ્પના જોખમમાં છે. આનાથી વધારે મોટો પડકાર છે- જળવાયુ પરિવર્તન. હવે મારા જીવનનો સૌથી મહત્વનો પ્રોજેક્ટર ઓપન સોસાયટી યુનિવર્સિટી નેટવર્ક (ઓએસયુએન) છે. આ એક એવું પ્લેટફોર્મ છે, જેમાં વિશ્વની તમામ યુનિવર્સિટીના લોકો અભ્યાસ કરી શકશે અને શોધ કરી શકશે. ઓએસયુએન માટે હું એક અબજ ડોલર (લગભગ ૭૧૦૦ કરોડ રૂપિયા)નું રોકાણ કરીશ.

સીએએને લઈને મધ્યપ્રદેશ ભાજપમાં ભડકો

સીએએ-એનઆરસીના વિરોધમાં ૭૬ મુસ્લિમ-નેતાઓએ ભાજપમાંથી રાજીનામા આપ્યા

ભોપાલ

મધ્ય પ્રદેશમાં ઓછામાં ઓછા ૭૬ મુસ્લિમ ભાજપ કાર્યકર્તાઓ અને પદાધિકારીઓએ સંશોધિત નાગરિકતા કાયદો અને પ્રસ્તાવિત એનઆરસીના વિરોધમાં પાર્ટીના સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું છે. પક્ષ છોડનારા બધા કાર્યકર્તાઓ ભાજપના ઈન્દોર, દેવાસ અને ખરગોનના લઘુમતી શાખાઓ સાથે જોડાયેલા હતા.

ભાજપના વરિષ્ઠ નેતા કૈલાશ વિજયવર્ગીયના નજીકના ગણાતા રજિક કુરૈશી ફરશીવાલાએ એક મીડિયા સાથે કરેલી ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું કે અમે જ જાણીએ છીએ કે પોતાના સમુદાયના લોકોને ભાજપને મત આપવા માટે મનાવવા અમારા માટે કેટલા મુશ્કેલ હતા, પરંતુ હવે ભાજપ દ્વારા સતત એવા મુદ્દા પર વાત કરવામાં આવી રહી છે, જેના કારણે અમારા માટે મુશ્કેલીઓ વધી રહી છે.

ઉલ્લેખનીય છે કે જે મુસ્લીમ નેતાઓએ ભાજપ સાથે છેડો ફાડયો છે, તેમાં વધારે પ્રમાણમાં બૂથ લેવલના પદાધિકારીઓ છે અને સક્રિય કાર્યકરો છે. આ નેતાઓએ ભાજપને છોડતા પહેલા ઈન્દોરમાં એક પત્રકાર પરિષદનું આયોજન કરી પોતાના આ નિર્ણય અંગેની જાણકારી આપી. નોંધપાત્ર છે કે કેટલાક દિવસ પહેલા સંશોધન નાગરિકતા કાયદાના મુદ્દા પર એમપીમાં અલગ-અલગ વિસ્તારોમાંથી પાર્ટીના મુસ્લિમ નેતાઓએ ભાજપનો સાથ છોડી દીધી હતો.

વીરતા એવોર્ડ મેળવવો અને ફોટો છપાવવો જ પૂરતું નથી,ઊંચુ લક્ષ્ય બનાવો

શરીરમાંથી નીકળતો પરસેવો મારા ચહેરાના મેલને દૂર કરે છેઃ મોદી



ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય વીરતા પુરસ્કારોથી સમ્માનિત બાળકોને મળી તેમને દેશનું ભવિષ્ય ગણાવતા કેટલાંક મંત્રો આપ્યા. પીએમે આ દરમ્યાન પોતાની પણ એક દિલચસ્પ વાત કહી. તેમણે કહ્યું કે મહેનતના લીધે દિવસમાં ચાર વખત પરસેવો આવવાની વાત કરતાં પોતાની એક રસપ્રદ વાત શેર કરી.

પીએમે કહ્યું કે એક વખત એક શખ્સે તેમને પૂછયું હતું કે તમારા ચહેરા પર આટલું તેજ કેવી રીતે છે? ત્યારે પીએમે કહ્યું કે મેં એ વ્યક્તિને જણાવ્યું કે હું દિવસ દરમ્યાન ખૂબ મહેનત કરું છું અને શરીરમાંથી નીકળતો પરસેવો મારા ચહેરાના મેલને દૂર કરે છે. તેનાથી જ મારો ચહેરો આટલો તેજ દેખાય છે. તેનાથી જ મારા ચહેરા પર આટલું બધું તેજ દેખાય છે.

પીએમે બહાદુર બાળકોને કહ્યું કે તેમની વાર્તા સાંભળીને તેમને અને દરેક લોકોને ગર્વ થાય છે. પીએમે કહ્યું કે તેઓ બધા બાળકોના બહાદુરીના કિસ્સા દુનિયા સાથે શેર કરશે. તમે બધા આમ તો નાની ઉંમરના છો પરંતુ તમે જે કામ કર્યું છે તે કરવાનું તો છોડી દો, વિચારવામાં પણ મોટા-મોટા લોકોને પરસેવો છૂટી જાય છે.

બાળકો સાથે વાત કરતાં પીએમે કેટલીય પોતાની વાતો પણ કહી. તેમને કોઈએ પૂછયું મમ્મીની યાદ નથી આવતી? તો પીએમે જવાબ આપ્યો કે જ્યારે યાદ કરું છો તો તમામ થાક ઉતરી જાય છે. આ સાથે જ તેમણે કહ્યું કે આ પુરસ્કાર મેળવનાર બાળકો પર આખા દેશનું ધ્યાન જાય છે. તમે બધા તેમના હીરો બની જાઓ છો.

દેશભરમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે પૂર્વ રાષ્ટ્રપતિનું સૂચક નિવેદન

આંદોલનની લહેર લોકતંત્રના મૂળિયાઓને વધુ મજબૂત કરશેઃ પ્રણવદા

આંદોલનથી જ લોકશાહી મજબૂત બને,નિષ્પક્ષ ચૂંટણી માટે ચૂંટણી પંચને મજબૂત બનાવો,સામાન્ય લોકોનું મંતવ્ય લોકતંત્રની જીવાદોરી સમાન હોય છે,બંધારણમાં આસ્થાએ મારા હૃદયને સ્પર્શી લીધું

ન્યુ દિલ્હી

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ વિભિન્ન મહત્વપૂર્ણ મુદ્દાઓ પર દેશમાં ઉભરેલો યુવાઓના સ્વરનો હવાલો આપતાં ગુરુવારે કહ્યું કે, સહમતિ અને અસહમતિ લોકતંત્રનો મૂળ તત્વ છે. મુખર્જીએ ચૂંટણી પંચ દ્વારા આયોજિત પહેલા સુકુમાર સેન સ્મૃતિ વ્યાખ્યાનને સંબોધિત કરતાં કહ્યું કે, ભારતીય લોકતંત્ર સમયની કસોટી પર દરેક વખતે ખરું ઉતર્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં વિભિન્ન મુદ્દાઓ પર લોકો રસ્તાઓ પર ઉતર્યા, ખાસ કરીને યુવાઓ એન મહિલાઓએ આ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પોતાનો અવાજને બુલંદ કર્યો. બંધારણમાં તેમની આસ્થા હૃદયને સ્પર્શે તેવી વાત છે. પૂર્વ રાષ્ટ્રપતિને દેશમાં જાહેર આંદોલનો સાથે જોડાયેલા કોઈ મુદ્દાનું નામ લીધા વગર કહ્યું કે, સામાન્ય મત લોકતંત્રની જીવન રેખા છે. લોકતંત્રમાં તમામની વાત સાંભળવા, વિચાર વ્યક્ત કરવા, વિમર્શ કરવા, તર્ક-વિતર્ક કરવા અને ત્યાં સુધી કે અસહમતિનું મહત્વપૂર્ણ સ્થાન છે. તેઓએ કહ્યું કે, મારું માનવું છે કે દેશમાં શાંતિપૂર્ણ આંદોલનોની હાલની લહેર ફરી એકવાર આપણા લોકતંત્રના મૂળિયાઓને ઊંડા અને મજબૂત બનાવશે.

મુખર્જીએ દેશમાં લોકતંત્રના મજબૂત આધારનો શ્રેય ભારતમાં ચૂંટણીની સર્વોચ્ચ માન્યતાને આપતાં કહ્યું કે, મારો વિશ્વાસ છે કે દેશમાં ચૂંટણી અને ચૂંટણી પ્રક્રિયાને પવિત્ર અને સર્વોચ્ચ કાયમ રાખવાના કારણે જે લોકતંત્રના મૂળીયા મજબૂત થયા છે. આ બધું ભારતના ચૂંટણી પંચની સંસ્થાગત કાર્યયોજના વિના શક્ય ન થાત.

મુખ્ય ચૂંટણી કમિશ્નર સુનીલ અરોરા, ચૂંટણી કમિશ્નર અશોક લવાસા, સુનીલ ચંદ્રા ઉપરાંત તમામ પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર, ચૂંટણી કમિશ્નર અને અન્ય દેશોના ચૂંટણી અધિકારી ઉપસ્થિત હતા. વ્યાખ્યાનને સંબોધિત કરતાં મુખર્જીએ ચૂંટણી આચાર સંહિતાના મહત્વને બરકરાર રાખવાની જરૂરિયાત ઉપર પણ ભાર મૂકતાં કહ્યું કે, સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી માટે સંહિતાનું નિષ્ઠાપૂર્વક પાલન થવું જોઈએ. તેઓએ કહ્યું કે આઝાદી બાદથી જ ચૂંટણી પ્રક્રિયાને સુદૃઢ કરવા માટે પંચ દ્વારા કરવામાં આવેલા કારગર ઉપાયોએ ભારતની ચૂંટણી પ્રણાલીને વિશ્વસનીય તો બનાવી છે ઉપરાંત તેની પ્રતિષ્ઠા સમગ્ર દુનિયામાં સ્થાપિત થઈ છે.

શાહના નિવેદન પર કેજરીવાલનો પલટવારઃ ૨૦૦ યુનિટ વીજળી ફ્રી જ છે

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુરુવારે દિલ્હી રેલીને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર ફ્રી વાઈફાઈને લઈને નિશાન તાક્યું હતું. અમિત શાહે જણાવ્યું હતું કે, કેજરીવાલજી તમે કહ્યું હતું કે સમગ્ર દિલ્હીમાં ફ્રી વાઈ-ફાઈ આપશો. હું રોડ પર વાઈ-ફાઈ શોધતા શોધતા આવ્યો છું, બેટરી પૂરી થઈ ગઈ પરંતુ મને વાઈ-ફાઈ મળ્યું નહીં.

જેનો જવાબ આપતા કેજરીવાલે પોતાના ટ્વિટર એકાઉન્ટ પર ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, સર, અમે ફ્રી વાઈ-ફાઈની સાથે ફ્રી બેટરી ચાર્જિંગની વ્યવસ્થા કરી છે. દિલ્હીમાં ૨૦૦ યુનિટ વીજળી ફ્રી છે. સબ્સિડી આપવાને લઈને વિપક્ષની ટિકાઓનો સામનો કરી રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શુક્રવારે જણાવ્યું હતું કે, મર્યાદિત માત્રામાં મફત સેવા આપવી અર્થવ્યવસ્થા માટે સારી છે કેમકે આનાથી ગરીબોની પાસે ઉપલબ્ધતા વધે છે જેનાથી માગ વધે છે.

સેબી ઈન્ફોસિસનાં સીઈઓ સલિલ પારેખ પર લાગેલા આરોપોની તપાસ કરશે

બેંગ્લુરુ/મુંબઈ

ભારતની દિગ્ગજ આઈટી કંપની ઈન્ફોસિસ છેલ્લાં કેટલાક માસથી આર્થિક અનિયમિતતાનાં આરોપોનો કરી રહી છે. જોકે હવે સેબીનાં કડક વલણને જોતા કંપની ખરી સમસ્યા હવે શરુ થઈ શકે છે. સેબી કંપનીની બેલેન્સ શીટની ફોરેન્સિક તપાસ કરાવવાની તૈયારીમાં છે. ગત વર્ષે ઈન્ફોસિસના જ એક વ્હિસલ બ્લોઅરે કંપનીના સીઈઓ પર આર્થિક ગેરરીતિ કરવાનો આરોપ લગાવ્યો હતો. સૂત્રોના જણાવ્યાં અનુસાર આરોપોની ઊંડાણપૂર્વક તપાસ માટે સેબી હવે ઈન્ફોસિસની બેલેન્સશીટની ફોરેન્સિક તપાસ કરાવી શકે છે.

ઈન્ફોસિસની ઈન્ટર્નલ ઓડિટ કમિટીનાં ૧૦ જાન્યુઆરીના રિપોર્ટ બાદ સેબીએ આ ફેંસલો લીધો છે. કંપનીની ઈન્ટર્નલ તપાસમાં ખુલાસો થયો છે કે વ્હિસલ બ્લોઅરમાં આરોપ પાયાવિહોણાં છે. કંપનીએ આ રિપોર્ટ સેબીને પણ સોંપી દીધી છે. સૂત્રોનાં જણાવ્યાં મુજબ કંપનીનાં આંતરિક પરિણામો સેબી માટે મહત્વપૂર્ણ નથી. સેબી હવે આ મામલે ફોરેન્સિક ઓડિટર નિયુક્ત કરી રહ્યું છે.

બે શંકાસ્પદ મુસાફરોને મેડિકલ ઓબ્ઝર્વેશન હેઠળ રખાયા

ભારતમાં કોરોના વાયરસની એન્ટ્રી...!!,મુંબઈમાં બે શંકાસ્પદ કેસ

મુંબઈ

ચીનમાં હાહાકાર મચાવીને બીજા દેશોમાં ફેલાયેલા જીવલેણ કોરોના વાયરસનો ભારતમાં પણ હવે પગપેસારો થયો હોવાની આશંકા છે. મુંબઈ એરપોર્ટ પર ચીનથી આવતા મુસાફરોનુ સ્ક્રિનિંગ થઈ રહ્યુ છે.ચીનથી ભારત પાછા ફરેલા બે યાત્રીઓમાં આ વાયરસના શંકાસ્પદ ચિન્હો જોવા મળ્યા છે. જેમને હવે ડોક્ટરોના નિરિક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. મુંબઈ નગરપાલિકાના સૂત્રોએ કહ્યુ હતુ કે, આવા લોકોના ઉપચાર માટે અલગ વોર્ડ બનાવાયો છે.મુંબઈના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આ વાયરસના કારણે પાંચ દિવસમાં ૧૭૮૯ યાત્રીઓની થર્મલ સ્ક્રિનિંગ કરવામાં આવી છે. જોકે જેમને નિરિક્ષણ હેઠળ રખાયા છે તે કોણ છે તેની કોઈ જાણકારી આપવામાં આવી નથી. એરપોર્ટ પર ડોક્ટરોને સ્પષ્ટ સૂચના અપાઈ છે કે, કોઈ પણ પ્રકારની શંકા હોય તો તરત જ એવા મુસાફરોને આ અલાયદા વોર્ડમાં મોકલી આપવામાં આવે.



ઉત્તરપૂર્વી જાપાનના મિયાગી પ્રીફેકચર, હિગાશી-મત્સુશીમા, જાપાન એર સેલ્ફ-ડિફેન્સ ફોર્સની એરોબટિક નિદર્શન ટીમ બ્લુ ઈમ્પલ્સ દ્વારા દોરેલા આકાશમાં લોકો ઓલિમ્પિકના રિંગ્સ તરફ ધ્યાન આપે છે.

ભાજપ સાથે હાથ મિલાવે તો નવાઇ નહીં

મનસે સુપ્રિમો સીએએ-એનઆરસીના સમર્થનમાં ૯ ફેબ્રુઆરીએ મેગા રેલી કરશે

મુંબઈ

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ કેન્દ્ર સરકારના સીએએ-એનઆરસીને ટેકો જાહેર કર્યો હતો. નવમી ફેબ્રુઆરીએ રાજ આ બંનેના સમર્થનમાં એક મેગા રેલી યોજશે એવી જાહેરાત પણ મનસે તરફથી કરવામાં આવી હતી.

ભાજપ માટે આ એક સૂચક ઘટના છે કારણ કે મહારાષ્ટ્રમાં રાજના પિત્રાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરેની કોંગ્રેસ તથા એનસીપી સાથેની સરકાર છે અને કોંગ્રેસ તથા એનસીપીએ સીએએ-એનઆરસીનો ખુલ્લો વિરોધ કર્યો હતો. રાજ ઠાકરે કેન્દ્રના આ બંને પગલાને ટેકો જાહેર કરે એનો અર્થ એ પણ થયો કે એ ઉદ્ધવ ઠાકરે કરતાં જુદો અભિપ્રાય ધરાવે છે. જો કે અત્યાર સુધી ઉદ્ધવે આ બંને મુદ્દે અકળ મૌન સેવ્યું છે કારણ કે એને પોતાની સરકાર ટકાવવા કોંગ્રેસ અને એનસીપીની ગરજ છે.

રાજના આ પગલાનું મહત્ત્વ એટલા માટે વધુ છે કે અત્યાર સુધી રાજ ઠાકરે કેન્દ્ર સરકારના જુદા જુદા નિર્ણયોની આકરી ટીકા કરતા હતા. હવે રાતોરાત અભિપ્રાય બદલે એનો એક સૂચક અર્થ એવો પણ થઈ શકે છે કે રાજ ઠાકરે હવે ભાજપની સાથે હાથ મિલાવવા તૈયાર છે. અત્યાર અગાઉ ઉદ્ધવ ઠાકરે અને શિવસેના ભાજપની સાથે હતાં. મહારાષ્ટ્રમાં સરકાર રચવાના મુદ્દે શિવસેના અને ભાજપ વચ્ચે મતભેદો થયા હતા. આખરે શિવસેનાએ કોંગ્રેસ અને એનસીપીના ટેકાથી સરકાર રચી હતી. ભાજપ સાથેના પચીસ વર્ષના સંબંધો એક ઝાટકે તોડી નાખ્યા હતા.

સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર પોઝિટીવઃ સેન્સેક્સમાં ૨૨૬ અંકનો ઉછાળો

મુંબઈ

સપ્તાહના અંતિમ ટ્રેડિંગ દિવસે ભારતીય શેર બજારમાં વધીને સેટલ થયા છે. બીએસઈ સેન્સેક્સ ઈન્ડેક્સ ૨૨૬ અંક કૂદીને ૪૧,૬૧૩ નજીક જ્યારે નિફ્ટી ૫૦ આંક ૬૭ અંક વધીને ૧૨,૨૪૮ નજીક બંધ આવ્યા છે. જો કે, બજારની શરૂઆત નરમ રહી હતી પરંતુ દિવસના અંત સુધી ઉપલા મથાળેથી ખરીદદારીને પગલે માર્કેટ સુધરીને બંધ આવ્યા છે.

બેંક નિફ્ટની વાત કરીએ તો ઈન્ડેક્સ ૨૩૭ અંક વધીને ૩૧,૨૪૧ નજીક સેટલ થયો છે. જ્યારે બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સની વાત કરીએ તો શુક્રવારે મિડકેપ ઈન્ડેક્સ ૦.૭૭ ટકા જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫૦ ટકાના વધારા સાથે બંધ થયા છે. અન્ય સેક્ટર્સમાં બીએસઈ પર ઓટો ઈન્ડેક્સ ૦.૪૪ ટકા, મેટલ ઈન્ડેક્સ ૦.૯૮ ટકા, રિયલિટી ઈન્ડેક્સ ૦.૩૪ ટકા અને પાવર ઈન્ડેક્સ ૦.૩૩ ટકા ઉછળીને સેટલ થયા છે. જ્યારે બીજી તરફ બીએસઈ પર ઓઈલ એન્ડ ગેસ સેક્ટર્સમાં વેચવાલીને પગલે ઈન્ડેક્સ ૦.૦૨ ટકાના નજીવા ઘટાડા સાથે સેટલ થયો છે.

આ સિવાય એશિયન માર્કેટની વાત કરીએ તો જાપાન નિક્કી અને હોંગકોંગમાં આજે મંદ વલણ જોવા મળ્યું છે. જ્યારે ચીનના શંઘાઈ કંપોઝિટ, તાઈવાનના તાઈપેઈ શેર માર્કેટ અને દક્ષિણ કોરિયાના કોસ્પી આજે જાહેર રજાને પગલે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ પેકમાં અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૪૭ ટકા, ટેક મહિન્દ્રા ૨.૪૩ ટકા, એલએન્ડટી ૨.૦૩ ટકા, એક્સિસ બેંક ૨.૦૧ ટકા, કોટક બેંક ૧.૯૮ ટકા, કોટક બેંક ૧.૯૮ ટકા, ટાઈટન ૧.૯૧ ટકા, એચસીએલ ટેક ૧.૫૭ ટકા, બજાજ ફાયનાન્સ ૧.૫૬ ટકા, હિરોમોટો રૂા.૧.૫૩ ટકા, નેસ્લે ઈન્ડિયા ૧.૪૩ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૧.૧૮ ટકા, એચડીએફસી ૧.૦૨ ટકા વધ્યા હતા. જ્યારે સૌથી વધારે ઘટાડો નોંધાવનાર શેરોમાં પાવરગ્રીડ ૨.૧૪ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૧.૨૧ ટકા, સનફાર્મા ૦.૪૯ ટકા,ટીસીએસ ૦.૪૦ ટકા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૦.૩૫ ટકા ગગડ્યા હતા. સેન્સેક્સ પેકમાં સૌથી ૩૦ પૈકી આઠ કંપનીના શેરમાં મંદી અને ૨૨ કંપનીના શેરમાં તેજી જોવા મળતી હતી.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

યુદ્ધ ટળ્યુ પણ શંકા છે

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધના વાદળો જતા રહ્યા છે પરંતુ આશંકા હજુ પણ અકબંધ રહી છે. યુદ્ધના જે વાદળો હજુ સુધી ઘેરાઈ રહ્યા હતા તે વિખેરાઈ ગયા છે પરંતુ સ્થિતી હજુ પણ ખતરનાક બનેલી છે. ઈરાનના ધર્મ ગુરૂ અને સર્વોચ્ચ નેતા ખમેનીએ અમેરિકાને સૌથી મોટા દુશ્મન તરીકે ગણાવીને તેની ટિકા કરી છે. ઈરાની પ્રમુખ હસન રુહાનીએ કહ્યુ છે ઈરાનના પરમાણુ કાર્યક્રમને નવી ગતિ આપવામાં આવનાર છે. બીજી બાજુ અમેરિકાએ કહ્યુ છે કે તે કોઇ પણ કિંમતે ઈરાનના પરમાણુ કાર્યક્રમને આગળ વધવા દેશે નહીં. જોરદાર ગરમીથી અલગ થઈને જોવામાં આવે તો જનરલ સુલેમાનીની હત્યા એક એવુ પગલુ છે જેના કારણે આ સમગ્ર વિસ્તારમાં અમેરિકાની સ્થિતીને પહેલા કરતા વધારે મુશ્કેલ બનાવે છે. ઈરાનમાં છેલ્લા કેટલાક વર્ષોથી આંતરિક વિદ્રોહના પવન ફુંકાઈ રહ્યા છે. ખામેનીની સામે પણ માહોલ ગરમ છે. સત્તા પરિવર્તનની માંગ જોરદાર રીતે ચાલી રહી છે. સુલેમાનીની હત્યાથી અમેરિકા વિરોધી ભાવના તીવ્ર બની રહી છે. જેના કારણે સત્તા પરિવર્તનની હવા દબાઈ ગઈ છે. આ હત્યાનાના કારણે અમેરિકી વિરોધી જુથને એક કરવામાં ભૂમિકા અદા કરી છે. ઈરાન અને અમેરિકાની વચ્ચે વધતા જતા તણાવના કારણે સમગ્ર દુનિયા ચિંતાતુર છે. ટેન્શનના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થા ખરાબ થઈ શકે છે. આવી સ્થિતીમાં આ બાબત પણ ઉભરીને સપાટી પર આવી રહી છે કે ભારત આ દેશો વચ્ચે સેતુનુ કામ કરી રહ્યુ છે. ઈરાન તરફથી એવા સંકેતો પણ આપવામાં આવ્યા છે કે ભારત આ દેશો વચ્ચે સેતુનુ કામ કરી શકે છે. ઈરાન તરફથી એવા સંકેત પણ આપવામાં આવ્યા છે કે જો ભારત આવી કોઈ મોટી પહેલ કરે છે તો તેના કારણે તમામ દુનિયા આનુ સ્વાગત કરી શકે છે. જો કે આ શક્યતા પર આગળ વધતા પહેલા આ બાબત પર્ ધ્યાન આપવાની જરૂર છે કે જનરલ સુલેમાનીને ખતમ કરી દેવા માટે અમેરિકાએ જ્યારે રોન હુમલો કર્યો ત્યારે તેની સુચના ભારતને પણ મળી ન હતી. હત્યા બાદ પણ અમેરિકાએ કેટલાક દેશોને આની સુચના આપી હતી પરંતુ ભારતને સુચના આપવાની તેને જરૂરિયાત દેખાઈ ન હતી. જો કે આના કારણે આ બાબત બદલાઈ જતી નથી કે જો મધ્યમ પૂર્વના માહોલ બગડી જાય તો ભારતના હિતોને સીધી રીતે માઠી અસર થઈ શકે છે. લાખોની સંખ્યામાં ત્યાં રહેતા ભારતીયોની સુરક્ષાને લઈને પ્રશ્ન થઈ શકે છે. તેઓ ભયભીત થઈને ભારત પરત ફરવા માટેના નિર્ણય કરી શકે છે. જેથી તેમના દ્વારા નિયમિત રીતે મોકલી દેવામાં આવતી વિદેશી રકમમાં પણ ઘટાડો થઈ શકે છે. અમેરિકાના આ હુમલાના કારણે એવા ત્રાસવાદી સંગઠનો ઉભા થઈ શકે છે જેના નિશાના પર અમેરિકાની સાથે સાથે ભારતના હિત હોઈ શકે છે. કહેવાનો અર્થ એ છે કે ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધના વાદળો વિખેરાઈ ગયા છે પરંતુ હજુ સુધી આશંકા અકબંધ રહી છે. જેથી દુનિયાના દેશો અને ખાસ કરીને અમેરિકા અને ઈરાન વચ્ચે સંબંધોમાં સુધારો થાય તે જરૂરી છે હાલમાં તો સ્થિતી હળવી બની છે. જો કે સમસ્યા વધારે ગંભીર બની શકે છે. આવનાર દિવસો તમામ માટે પડકારરૂપ હોઈ શકે છે.

અમેરિકા ઈરાની પરમાણુ કાર્યક્રમને કોઈ પણ કિંમતે આગળ ન વધવા દેવાના મુડમાં

કોંગી પોતાના સુધી મર્યાદિત

વર્તમાન સમયમાં કોંગ્રેસ પાર્ટી પોતાના સુધી મર્યાદિત થઈ રહી છે. મહારાષ્ટ્રમાં સત્તાની લાલચમાં શિવસેના સાથે ગઠબંધન કરવામાં આવ્યા બાદ લઘુમતિ સમુદાયમાં પણ તેની છાપ ખરાબ થઈ રહી છે. શિવ સેના સાથે મળીને સરકાર બનાવી લેવામાં આવ્યા બાદ તેની દેશભરમાં સેક્યુલર છાપ પર માઠી અસર થઈ રહી છે. સામાન્ય રીતે તો કોંગ્રેસ પાર્ટી હવે ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, બંગાળ, તેલંગાના, આંધ્રપ્રદેશ, તમિળનાડુ, કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, જમ્મુ કાશ્મીર, ગોવા તેમજ આસામ સહિત પૂર્વાંચલના તમામ રાજ્યોમાં પોતાના નેટવર્કને ગુમાવી ચુકી છે. હવે કોંગ્રેસ પાર્ટી તો આ રાજ્યોમાં પ્રાદેશિક પક્ષોની સાથી પક્ષોની ભૂમિકામાં આવી ગઈ છે. તાજેતરમાં જ કોંગ્રેસ પાર્ટી પહેલા તો મહારાષ્ટ્રમાં શિવ સેનાના નેતૃત્વમાં સરકારમાં સામેલ થઈ છે. ત્યારબાદ હવે ઝારખંડમાં ગઠબંધન સરકારમાં સામેલ થઈ છે. જો કે બંને રાજ્યોમાં મુખ્યપ્રધાન ક્ષેત્રીય દળોના રહ્યા છે. મહારાષ્ટ્રમાં શિવ સેના અને ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચાની સાથે મળીને પહેલા ભારતીય જનતા પાર્ટી પણ સરકાર ચલાવી ચુકી છે. આવી સ્થિતીમાં તેનુ નેટવર્ક વધી રહ્યુ છે તેમ જો કોંગ્રેસ માને છે તો તેના માટે પોતાને જ ગેરમાર્ગે દોરવા સમાન છે. નાગરિક સુધારા કાનુનને લઈને કોંગ્રેસ પાર્ટી દ્વારા જે રીતે વિરોધ કરવાની નીતિ અપનાવી છે તેના કારણે દેશભરમાં બુદ્ધીજીવી અને રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવનાર લોકોના મનમાં કોંગ્રેસ પ્રત્યે તેની છાપ વધારે ખરાબ થઈ છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી વિપક્ષી એકતા સ્થાપિત કરીને નરેન્દ્ર મોદી સરકારને ઘેરવા માટેના પ્રયાસ કરવાના બદલે પ્રદેશોમાં પોતાની સ્થિતીને મજબતુ કરવાની જરૂર છે. પોતાની પાર્ટીના સંગઠનને મજબુત કરવાની જરૂર દેખાઈ રહી છે. રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પાર્ટીના અન્ય દિગ્ગજ નેતાઓ રાષ્ટ્રવાદના મુદ્દા પર બિલજરૂરી રીતે વિરોધ કરી રહ્યા છે. લોકસભા ચૂંટણીમાં મોદી મેજિક વધારે મજબુત બનીને સતત બીજી વખત પ્રચંડ બહુમતિ મેળવી હતી. કોંગ્રેસે લોકસભાની ચૂંટણીમાં મોદીને સત્તાથી દુર કરવા માટે તમામ પ્રયોગ કર્યા હતા. દરેક હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમ છતાં કોંગ્રેસને કોઈ ફાયદો થયો ન હતો.

પ્રતિ વર્ષ ૧૦૦૬૦ કરોડ ટન પદાર્થોનો ઉપયોગ થઈ રહ્યો છે...

માત્ર ૮.૬ ટકામાં જ રિસાયકલિંગ

પર્યાવરણના રક્ષણ અને જળવાયુ પરિવર્તનને લઈને તમામ દેશો સાવધાન થયેલા છે અને વિવિધ પગલા પણ લેવામાં આવી રહ્યા છે પરંતુ કેટલાક કારણો ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. હાલમાં જ જારી કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે માનવીના ઉપયોગ અને ધરતીથી પ્રાપ્ત પદાર્થોની બરબાદી સતત વધી રહી છે. સમગ્ર ધરતી પર સંપૂર્ણ માનવતા દ્વારા ઉપયોગ કરવામાં આવી રહેલી સામગ્રીનુ પ્રમાણ રેકોર્ડ ૧૦ હજાર કરોડ ટનના આંકડા સુધી પહોંચી જતા દુનિયાના દેશો હેરાન થયેલા છે. પ્રતિ વ્યક્તિ ઉપયોગની દ્રષ્ટિએ વાત કરવામાં આવે તો આ આંકડો ૧૩ ટન વાર્ષિકની આસપાસ પહોંચે . આંકડા દર્શાવે છે કે માત્ર ૮.૬ ટકા પદાર્થોના રિસાયકલિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. લોકપ્રિય થિંક ટેંક સર્કલ ઈકોનોમીના વૈશ્વિક સર્કયુલેટરી ગેપના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે રેકોર્ડ ઉપયોગ છતાં પદાર્થોના રિસાયકલિંગનુ પ્રમાણ ઘટી રહ્યુ છે. વૈશ્વિક અર્થવ્યવસ્થાના વપરાશનો આંકડો વર્ષ ૧૯૭૦ની તુલનામાં ચાર ગણો થઈ ગયો છે. જ્યારે આ ગાળા દરમિયાન દુનિયાની વસ્તી માત્ર બે ગણી વધી છે. છેલ્લા બે વર્ષના આંકડા પર નજર કરવામા આવે તો વપરાશમાં આઠ ટકાના દરે વધારો થયો છે જ્યારે ફેરઉપયોગ ૯.૧ ટકાથી ૮.૬ ટકા સુધી ઘટી ગયો છે. ધરતીથી જીવાશ્મ ઈંધન, ધાતુ, નિર્માણ સામગ્રી અને વૃક્ષોનો આડેધડ ઉપયોગ કરવામા આવી રહ્યો છે. આ તમામ કારણોસર જળવાયુ અને વન્ય જીવો ઈમરજન્સીનો સામનો કરી રહ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે સંશાધનોને અમર્યાદિત



માનવીના વપરાશ અને ધરતીથી પ્રાપ્ત પદાર્થોની બરબાદી સતત વધી રહી છે : પ્રતિ વ્યક્તિ વપરાશનો આંકડો ૧૩ ટન પદાર્થોની આસપાસ

માનવાની માનસિકતાના કારણે હાલત વધારે ખરાબ થઈ રહી છે. જેના કારણે અમે હવે વૈશ્વિક ઈમરજન્સી તરફ વધી રહ્યા છીએ. વર્ષ ૨૦૧૭માં કુલ ૧૦૦૬૦ કરોડ ટન સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે પૈકી અડધી ચીજો નિર્માણમાં ઉપયોગ કરવામાં આવતી માટી, ખનિજોની રહેલી છે. આ તમામ ચીજોનો ઉપયોગ ખાતર બનાવવા માટે પણ કરવામાં આવે છે. કોલસા, ગેસ અને તેલનો હિસ્સો ૧૫ ટકાની આસપાસ છે. જ્યારે ધાતુ જેવી ચીજોનો હિસ્સો ૧૦ ટકાની આસપાસ છે. ભોજન અને ઈંધન માટે ઉપયોગ કરવામાં આવતા વૃક્ષોની પણ આમાં ભૂમિકા રહેલી છે. જમીનમાંથી કાઢવામાં આવતી ચીજો અને તેના પ્રમાણની વાત કરવામાં આવે તો તે એક તૃતિયાંશના પ્રમાણમાં જ એક વર્ષ બાદ સુધી ઉપયોગમાં રહે છે. ૧૫ ટકા જેટલી સામગ્રી વાતાવરણમાં જળવાયુ તાપ ગેસના સ્વરૂપમાં ઉત્સર્જિત થાય છે. જે પૈકી એક ચતુર્થાંશ પર્યાવરણમાં મિક્સ થાય છે. જેમ કે જળમાર્ગો અને મહાસાગરોમાં પ્લાસ્ટિક સામગ્રી મિક્સ થાય છે તે રીતે તમામ ચીજો મિક્સ થાય છે. સામગ્રી પૈકી એક તૃતિયાંશ લેન્ડફિલ કરવામાં ઉપયોગ આવે છે. માત્ર ૮.૬ ટકા પદાર્થોનો જ ફરી ઉપયોગ થઈ શકે છે. સર્કુલર ઈકોનોમી એવી વ્યવસ્થાને કહેવામાં આવે છે જેમાં ઉપયોગ કરવામાં આવતા પદાર્થોની બરબાદી અને ઉર્જાના લીકેજની બાબત સામાન્ય રહે છે. પદાર્થોના રિસાયકલિંગ થાય છે. આને માપવા માટે સર્કુયલેટરી ગેપ રિપોર્ટિંગ હોય છે. તેની શરૂઆત થિંક ટેંક સર્કલ ઈકોનોમી દ્વારા કરવામાં આવી હતી. પ્રથમ વખત રિપોર્ટ જાન્યુઆરી ૨૦૧૮માં દાવોસ ખાતેની બેઠકમાં જારી કરવામાં આવ્યો હતો.

વિશ્વ વાર્ષિક ફોર્મમાં રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા રહી હતી. પર્યાવરણને લઈને આંકડા જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા આવનાર દિવસોમાં પણ રહી શકે છે. પદાર્થોની વાત કરવામાં આવે તો આરોગ્ય પર તેમાં ૯૩૦ કરોડ ટનનો ઉપયોગ કરવામાં આવે છે. આવી જ રીતે સેવા ક્ષેત્ર પર ૧૦૦૦ કરોડ ટનનો ઉપયોગ કરવામાં આવે છે. ભોજન પર ૨૧૩૦ કરોડ ખર્ચ કરવામાં આવે છે. ખનિજ પદાર્થોની વાત કરવામાં આવે તો આંકડો ૫૦૮૦ કરોડ ટનમાં જાય છે. આમાંથી વપરાશની વાત કરવામાં આવે તો ૮૭૦ કરોડ ટન પરિવહનમાં વપરાશ થાય છે.

સુફળ બાંગ્લા યોજનાના મોડલને દેશમાં લાગુ કરવાની જરૂર છે...

સુફળ બાંગ્લા યોજના દાખલારૂપ છે

દેશમાં શારભાજીથી લઈને ખાદ્ય સામગ્રીના મુલ્યોમાં જોરદાર વધારો થઈ રહ્યો છે. જેના કારણે સામાન્ય લોકોની હાલત કફોડી બનેલી છે. શાકભાજીના ભાવમાં ભડકો થતા સામાન્ય અને મધ્યમ વર્ગ તેમજ ગરીબ વર્ગના લોકોના બજેટ બગડી ગયા છે. ખાદ્ય સામગ્રી ખુબ ઉંચી કિંમતોમાં વેચાઈ રહી છે. જો કે આનો લાભ એવા ખેડુતો સુધી પહોંચી રહ્યો નથી જે પોતાના ખુન પરસેવા રેડીને ખેતરોમાં ફળફળાદી અને શાકભાજીનુ ઉત્પાદન કરે છે. હવે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો તેમજ ખેડુતોને રાહત આપવા માટે પશ્ચિમ બંગાળની સરકાર દ્વારા સુફળ બાંગ્લા યોજના શરૂ કરી દીધી છે. દિલ્હી નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ અને રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનાના સહકાર સાથે પ્રદેશના કૃષિ વિભાગ હેઠળ સંચાલિત સુફળ બાંગ્લા યોજનાની કેટલીક વિશેષતા રહેલી છે. આ સુફળ યોજના હેઠળ સરકાર સીધી રીતે ખેડુતોની પાસેથી યોગ્ય કિંમતમાં શાકભાજી અને અન્ય ખાદ્ય ચીજોની ખરીદી કરે છે. ત્યારબાદ લોકોને તે ચીજ વસ્તુઓનુ વેચાણ કરે છે. આ યોજનાની સફળતાથી એક બાબત સ્પષ્ટ થાય છે કે ખાનગીકરણ જ દરેક સમસ્યાના ઉકેલ તરીકે નથી. દેશના અન્ય રાજ્યો પણ આ યોજનાના મોડલને અમલી કરી શકે છે. પશ્ચિમ બંગાળ સરકારની મોબાઈલ અને સ્થાયી રિટેલ દુકાનની સાથે સપ્લાય ચેન મેનેજમેન્ટ વ્યવસ્થાવાળી આ મહત્વકાંક્ષી યોજના સામાન્ય ગ્રાહકોની સાથે ખેડુતો માટે પણ વરસાદ સાબિત થઈ રહી છે. રાજ્ય સરકારે કોલકત્તા સહિત ઉપનગરોમાં સુફળ બાંગ્લાના નામથી યોગ્ય મુલ્યની દુકાનો અને કાઉન્ટર ખોલવામાં આવે છે. ત્યાં રાહતના દર પર શાકભાજી અને ખાદ્ય સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. હાલમાં રાજ્યભરમાં સુફળ બાંગ્લાના ૧૦૦થી વધારે સ્ટોલ થઈ ગયા છે. કોલકત્તામાં જ ૫૦થી વધારે અસ્થાયી



પશ્ચિમ બંગાળ સરકારની સુફલ બાંગ્લા યોજના હેઠળ સીધી રીતે ખેડુતોની પાસેથી શાકભાજી ખરીદીને ગરીબ-મધ્યમ વર્ગને અપાય છે

અને મોબાઈલ કાઉન્ટરો રહેલા છે. જે મહાનગરોના જુદા જુદા હિસ્સામાં દોડતી રહે છે. હાલના દિવસોમાં જ્યારે દેશભરમાં બટાકા અને ડુંગળી સહિત તમામ શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા હતા ત્યારે આ યોજનાથી બંગાળમાં લોકોને રાહત થઈ હતી. હાલમાં જ્યારે દેશભરના મોટા ભાગના રાજ્યોમાં ડુંગળી અને બટાકાની કિમત ક્રમશ ૨૦૦ અને ૪૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયો હતો. સુફળ બાંગ્લા સ્ટોરમાં આ બંને ચીજો ક્રમશ ૫૯ રૂપિયા અને ૧૭ રૂપિયા પ્રતિ કિલોના દર પર ઉપલબ્ધ રહેલી છે. વર્ષ ૨૦૧૪માં સામાન્ય લોકોની પહોંચથી દુર હોવાના કારણે રાજ્ય સરકારે સબસિડી આપીને ડુંગળી અને બટાકાનો જથ્થો ઉપલબ્ધ કરાવ્યો હતો. જો કે ફુગાવા પર અંકુશ મુકવા માટે સ્થાયી સમાધાનની જરૂર દેખાઈ રહી હતી. આવી સ્થિતીમાં રાજ્ય સરકારે નિર્ણય કર્યો કે ખેડુતો પાસેથી સીધી રીતે શાકભાજીની ખરીદી કરવામાં આવશે. સાથે સાથે આ ખેડુતોની પાસેથી ખરીદી લેવામાં આવેલી શાકભાજીને સીધી રીતે રાહત દરો પર સામાન્ય લોકોને આપવામાં આપવામાં આવનાર છે. આના ભાગરૂપે સૌથી પહેલા ખેડુતોની યાદી તૈયાર કરવામાં આવી હતી. ખાદ્ય સામગ્રીની મોંઘવારીના સમય જમાખોરી અને સગ્રહખોરીને રોકવા માટેના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૧૪માં જોરશોરથી મોબાઈલ વેન મારફતે યોજના શરૂ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે હુગલી જિલ્લાના સિંગુરમાં તાપસી મલ્લિક કૃષક બજાર તેમજ બીજા જિલ્લામાં સપ્લાય ચેન વિકસિત કરી લીધી છે. ગ્રેડિંગ અને ગુણવત્તા નિયંત્રણ માટે આધુનિક પ્રયોગશાળા બનાવી દેવામાં આવી છે. પશ્ચિમ બંગ એગ્રી માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડે વિધાન ચન્દ્ર રાય કૃષિ યુનિવર્સિટીની સાથે વિદેશી જાતિના બાસમતી ચોખા, દાળ, યુનિફ્લોરલ, મસાલા, સરસિયા તેલ, ઘઉં તેમજ લોટ સહિતની ચીજોના વેચાણ માટે સમજુતી કરી હતી.

ખાદ્ય સામગ્રીમાં વ્યાપક ફુગાવાની અસર ગ્રાહકો પર પડી હોવા છતાં આનો લાભ ખેડુતોને થયો છે. પહેલા ખેડુતોના બદલે તેનો લાભ વચેટિયા લોકો ઉઠાવી લેતા હતા. સુફળ બાંગ્લા યોજનાના માધ્યમથી રાજ્ય સરકારે ખેડુતો અને ગ્રાહકો બંનેને લાભ આપવામાં ભૂમિકા ભજવી છે. સરકારે સુફળ બાંગ્લા યોજના મારફતે ગ્રાહકો અને ખેડુત વચ્ચે મધ્યસ્થી બનવાનુ કામ કર્યુ છે. સીધી રીતે ખેડુતોની પાસેથી શાકભાજીની ખરીદી કરીને હવે તેને બજાર કરતા પણ ઓછા ભાવથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેથી ખાદ્ય ચીજવસ્તુમાં ફુગાવાની અસરને રોકવામાં સફળતા મળી રહી છે.

ઈન્ટીમેટ પળ બાદ પણ ખુબસુરત દેખાશો

સેક્સ-પ્રુફ મેક અપનો ક્રેઝ

પોતાને વધુને વધુ ખુબસુરત દેખાવવા માટે લોકો દરેક પ્રકારના પ્રયોગ કરે છે. સાથે સાથે નવી નવી ચીજો ટ્રાઈ કરે છે. આજકાલ જોવામાં આવે છે કે બ્યુટી સેક્શનમાં કેટલીક નવી નવી ચીડો બજારમાં આવી રહી છે. હવે આ સમયમાં ઈન્ટરનેટ પર સેક્સ પ્રુફ મેક અપને લઈને ભારે ચર્ચા છે. જેમ કે તમામ લોકો સારી રીતે જાણે છે કે દર વર્ષે મેક અપ સાથે જોડાયેલા નવા ટ્રેડને આકર્ષિત કરવા માટે ચીજો બજારમાં આવે છે. આવી જ રીતે સેક્સ પ્રુફ મેક અપ લોકોની વચ્ચે હાલમાં જોવા મળે છે. સેક્સ પ્રુફ મેક અપની બોલબાલા લોકોની વચ્ચે જોવા મળે છે. સેક્સ પ્રુફ મેક અપ પ્રોડક્ટસની માંગ મહિલાઓ અને યુવતિઓમાં ભારે જોવા મળે છે. મહિલાઓ હાલમાં બ્યુટી પ્રોડક્ટસ એવી ઉપયોગ કરવા માટે ઈચ્છુક છે જે સેક્સ પ્રુફ હોવાનો દાવો કરવામાં આવે છે. હકીકતમાં આ એવી મેક અપ પ્રોડક્ટસ છે જે સેક્સ સેશન બાદ પણ મેક અપને પહેલાની જેમ જ રાખે છે. મેક અપ ખરાબ થતા નથી. મેક અપ ખરાબ થતા નથી અને બેડશીટ પર પણ કોઈ દાગ થતા નથી. સેક્સ



પ્રુફ મેક અપ પ્રોડક્ટસની બોલબાલા હાલમાં સતત વધી રહી છે. ન્યુઝ રિપોર્ટથી જાણવા મળ્યુ છે કે હિક્સ કોસ્મેટિક્સ સેક્સ પ્રુફ મેક અપની નવી રેંજને લઈને આવે છે. આ રેંજમાં જેલ, પાઉડર અને પેસ્ટ્સ સામેલ હોય છે. આ વિશેષ રીતે ફિમેલ એસ્કોર્ટર્સ માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. જો કે ફિમેલ એસ્કોર્ટર્સ માટે લાવવામાં આવેલી પ્રોડક્ટસ અન્ય મહિલાઓને પણ પ્રભાવિત કરે છે. દુનિયાભરની મહિલાઓનુ ધ્યાન ખેંચી રહેલી બ્યુટી રેંજમાં આશરે ૨૫ પ્રોડક્ટ્સ છે. જેમાં લિપસ્ટિક, આઈ-લાઈનર અને આઈશેડ સામેલ છે. આની વિશેષતા એ રહેલી છે કે તે દાગ છોડતી નથી. આ મેક અપ પ્રોડક્ટસને લઈને લોકોની ઉત્સુકતા વધી રહી છે. કંપનીઓ લોસ એન્જલસ, કેલિફોર્નિયામાં તેના સ્ટોર ખોલવા માટેના વિકલ્પ પર ચર્ચા ચાલી રહી છે. સેક્સ પ્રુફ મેક અપ મેક અપની બોલબાલા વધી રહી છે. આ એવા પ્રકારના મેક અપ છે જે ઈન્ટીમેટ પળો બાદ પણ મહિલાઓ ખુબસુરત દેખાય છે. બ્યુટી સેક્શનમાં કેટલીક પ્રકારની ચીજો દેખાઈ રહી છે.

ફિલ્મી ગપસપ...

કિઆરા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રા વચ્ચે ઈલુ-ઈલુ..?!!



મુંબઈ

નવા વર્ષમાં અનેક કપલ ઉજવણી કરવા માટે વિદેશ ગયાં હતાં. આ લિસ્ટમાં રણવીર-દીપિકા, રણબીર-આલિયા, વિરાટ-અનુષ્કા, સોનમ આનંદ, વરુણ-નતાશા, સૈફ-કરીના વગેરેનો સમાવેશ થાય છે. આ બધા જ નવા વર્ષની ઉજવણી માટે અલગ અલગ ડેસ્ટિનેશન પર ગયાં હતાં જોકે વરુણ-નતાશા, કરીના-સૈફ અને વિરાટ-અનુષ્કા સ્વિટ્ઝર્લેન્ડમાં ભેગાં થઈ ગયાં હતાં.

હવે વાત કરીએ નવાં કપલની તો આ કપલ ચોરીછૂપી વિદેશ ફરીને પાછું આવતું ઝડપાઈ ગયું હતું. આ નવા વર્ષે કિઆરા અને સીડ શ્રીલંકા ફરી આવ્યાં હતાં. આ બંને સાથે જ ફરવા ગયાં હતાં અને પાછાં પણ સાથે ફર્યાં હતાં. ગયાં ત્યારે તો બંને અલગ અલગ રીતે ગયાં હોવાથી અહીં કોઈને જાણ નહોતી થઈ પણ પાછા ફરતી વખતે બંને સાથેસાથે આવતાં કેમેરામાં ઝડપાઈ ગયાં હતાં.

ત્યારથી આ વાત ચર્ચાઈ રહી છે કે કિઆરા અને સિદ્ધાર્થ મલ્હોત્રા એકબીજાને ડેટ કરી રહ્યાં છે. વેલ, સિદ્ધાર્થનું નામ આ પહેલાં તારા સાથે પણ ઊડ્યું હતું. તો હવે જોઈએ કિઆરા અને સિદ્ધાર્થના સંબંધો ખરેખર કેવા છે.

ઈન્સ્ટાગ્રામ પર આજે વેબ સીરિઝ 'ફસ્ટ્ર્સ' રિલીઝ થશે

મુંબઈ

ફોટો શેરિંગ એપ્લિકેશન ઈન્સ્ટાગ્રામ પર વેબ સીરિઝ રિલીઝ થવાની છે. વેબ સીરિઝ 'ફસ્ટ્ર્સ'ના તમામ એપિસોડ માત્ર એક મિનિટના હશે. ૨૫ જાન્યુઆરીએ રિલીઝ થનારી આ સીરિઝમાં રોહન શાહ, ઉર્વી સિંહ, અપૂર્વા અરોરા, વિરાજ ઘેલાણી મહત્ત્વની ભૂમિકામાં જોવા મળશે.

આ સીરિઝ સ્કૂલમાં વિતાવેલા જૂના દિવસોની યાદ અપાવશે. આ સીરિઝના દરેક એપિસોડમાં



પાત્રો એકબીજાને પહેલીવાર મળે છે, એકબીજાને જુએ છે, તે બાબતો બતાવવામાં આવશે. સીરિઝમાં લીડ રોલ પ્લે કરતા રોહન તથા અપૂર્વા ડિજીટલ વિશ્વના જાણીતા સ્ટાર્સ છે. રોહન ડિરેક્ટર વિક્રમ ભટ્ટની ફિલ્મ 'હેક્ડ'માં જોવા મળશે. આ ફિલ્મમાં હિના ખાન છે. આ ફિલ્મ સાત ફેબ્રુઆરીએ રિલીઝ થશે. અપૂર્વા અરોરા 'કોલેજ રોમાન્સ' જેવી હિટ વેબ સીરિઝમાં જોવા મળી હતી.

બીગ બોસ-૧૩ પછી આસિમ રિયાઝ સની લિયોની સાથે ફિલ્મ કરશે..!!



મુંબઈ

બિગ બૉસ હાલ ભારતનો સૌથી વિવાદીત ટીવી શો બની ચૂક્યો છે. તેની ટીઆરપી પણ હાલ તેના તમામ જૂના રેકોર્ડ તોડી ચૂકી છે. અને શોમાં ભાગ લેતા કંટેસ્ટેંટની આ શો પછી જિંદગી બદલાઈ જાય છે. ત્યારે આ સીઝન જો કોઈ વ્યક્તિ માટે સૌથી વધુ ફેમ લઈને આવ્યા હોય તો તે છે આસિમ રિયાઝ આ શો પહેલા તેમની કોઈ ખાસ ઓળખ નહતી. પણ બિગ બોસ પછી આસિમ રિયાઝના કરોડો ફેન્સ થઈ ગયા છે. અને તેમને તેનો સપોર્ટ પણ મળ્યો છે. આ વચ્ચે મોટી ખબર આવી રહી છે કે આસિમ હવે સની લિયોની સાથે એક ફિલ્મ કરશે.


અનેક મીડિયા રિપોર્ટમાં તેવો દાવો કરવામાં આવ્યો છે કે આસિમ માટે એક મોટી ફિલ્મ ઓફર બહાર રાહ જોઈ રહી છે.

કંગના રનૌત ફિલ્મ 'તેજસ'માં એરફોર્સ પાઈલટના રોલમાં ચમકશે



મુંબઈ

કંગના રનૌતની 'પંગા' ફિલ્મ રિલીઝ થઈ છે. આ ફિલ્મ રિલીઝ થતાં જ કંગનાએ પોતાની આગામી ફિલ્મની જાહેરાત કરી છે. આ ફિલ્મ રોની સ્ક્રૂવાલાના પ્રોડક્શન હાઉસ હેઠળ બનશે. ફિલ્મ એરફોર્સ પાઈલટ પર આધારિત છે અને ફિલ્મનું નામ 'તેજસ' છે. ફિલ્મને સર્વેશ મેવાડા ડિરેક્ટ કરવાના છે. ઉલ્લેખનીય છે કે જાહન્વી કપૂર પણ 'ગુંજન સક્સેનાઃ ધ કારગિલ ગર્લ'માં એરફોર્સ પાઈલટ બની છે.



'છલાંગ'નું ફર્સ્ટ પોસ્ટર રિલીઝ, ૧૩ માર્ચે ફિલ્મ રજુ થશે

મુંબઈ

રાજકુમાર રાવ તથા હંસલ મહેતાની આગામી ફિલ્મ 'છલાંગ'નું પહેલું પોસ્ટર રિલીઝ કરી દેવામાં આવ્યું છે. પહેલાં આ ફિલ્મનું નામ 'તુર્રમ ખાન' રાખવામાં આવ્યું હતું અને ફિલ્મ જાન્યુઆરી, ૨૦૨૦માં રિલીઝ થવાની હતી. જોકે, હવે આ ૧૩ માર્ચે રિલીઝ થશે. રાજકુમાર રાવે સોશિયલ મીડિયામાં ફિલ્મનું પોસ્ટર રિલીઝ કરીને કહ્યું હતું, 'લમ્બી છલાંગ કે લિયે, લમ્બી નીંદ ઝરૂરી હૈં...' પોસ્ટરમાં રાજકુમાર રાવ ઊંઘતો જોવા મળે છે. તેને નુસરત ભરૂચા તથા છોકરીઓ ગુસ્સાથી જોતી હોય છે. નુસરત ભરૂચા પિંક શેડના કુર્તા-પાયજામામાં જોવા મળે છે. જ્યારે રાજકુમાર રાવ તથા છોકરીઓ સ્પોર્ટ્સ આઉટફિટમાં જોવા મળે છે. ફિલ્મમાં સતિશ કૌશિક, સૌરભ શુક્લા તથા મોહમ્મદ ઝિશાન પણ મહત્ત્વના રોલમાં જોવા મળશે. 'છલાંગ'ને અજય દેવગન, લવ રંજન તથા અંકુર ગર્ગ પ્રોડ્યૂસ કરી રહ્યાં છે. આ સોશિયલ-કોમેડી ફિલ્મ ઉત્તર પ્રદેશના નાનકડાં ટાઉન પર આધારિત છે. 'છલાંગ' યુપીની એક ફંડેડ સેમી ગર્વમેન્ટ સ્કૂલના પીટી ટીચરની પ્રેરણાદાયી સફર છે. મોન્ટુ (રાજકુમાર રાવ) પીટી ટીચર છે, જેના માટે આ માત્ર એક કામ છે.

અભિષેક બચ્ચને 'બોબ બિશ્વાસ'નાં શૂટિંગનાં શ્રીગણેશ કર્યા

મુંબઈ

અભિષેક બચ્ચન તથા શાહરુખ ખાને ગયા વર્ષે નવેમ્બરમાં 'બોબ બિશ્વાસ'ની જાહેરાત કરી હતી. આ ફિલ્મનું શૂટિંગ અભિષેક બચ્ચને કોલકાતામાં શરૂ કર્યું છે. અભિષેક બચ્ચને સેટ પરની તસવીરો શેર કરી છે, જેમાં એક તસવીરમાં અભિષેક બચ્ચન બોબ બિશ્વાસના લુકમાં જોવા મળે છે.

તસવીર શેર કરીને અભિષેક બચ્ચને કેપ્શન આપ્યું હતું, 'નોમોસ્કાર.' તસવીરમાં મોટોરોલાનો ફ્લિપ ફોન તથા ચશ્મા જોવા મળે છે. ફિલ્મ 'કહાની'માં બોબ બિશ્વાસ આ ફોન તથા ચશ્માનો ઉપયોગ કરતો હતો. ડિરેક્ટર સુજોય ઘોષ તથા એક્ટ્રેસ વિદ્યા બાલનની વર્ષ ૨૦૧૨માં આવેલી ફિલ્મ 'કહાની'માં બોબ બિશ્વાસ એક પાત્ર હતું, જે પોતાના શાતિર ચહેરા અને કોન્ટ્રાક્ટ કિલર તરીકે ચાહકોમાં લોકપ્રિય થયો હતો. આ કેરેક્ટરને લઈ સોશિયલ મીડિયામાં અનેક પેજીસ બન્યા હતાં, વિવિધ મીમ્સ પણ બન્યા હતાં. આજ સુધી બોબ બિશ્વાસ ચાહકોના મનમાં છવાયેલો છે.

રમત જગત વિશેષ

ઓસ્ટ્રેલિયન ઓપન : સાનિયા મિર્ઝા ઈજાના કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ

ન્યુ દિલ્હી

સાનિયા મિર્ઝા ઓસ્ટ્રેલિયન ઓપનમાંથી બહાર થઈ ગઈ છે. તે ડબલ્સની પહેલી મેચમાં પોતાની જોડીદાર યૂક્રેનની નાદિયા કિચેનોક સાથે કોર્ટ પર ઉતરી હતી. તેનો મુકાબલો શિનયૂન હેન અને લિન જૂની ચાઈનીઝ જોડી સામે હતો. મેચ દરમિયાન સાનિયાને પિંડીની ઈજા ઉભરતા તેણે મુકાબલો છોડી દીધો હતો. તેણે મેચ છોડી ત્યારે ચાઈનીઝ જોડી ૬-૨થી પ્રથમ સેટ જીતી ચુકી હતી અને બીજામાં ૧-૦થી આગળ હતી.

સાનિયાને પ્રેક્ટિસમાં જમણા પગની પિંડીમાં ઈજા થઈ હતી. તે મેચમાં પટ્ટી બાંધીને ઉતરી હતી. તેને રમવામાં તકલીફ પડી રહી હતી. સાનિયાએ પ્રથમ સેટ પછી મેડિકલ ટાઈમ આઉટ લીધો હતો. જોકે તેમ છતાં તેને આરામ મળ્યો નહોતો. બીજી ગેમમાં પ્રથમ સેટ હાર્યા પછી તેણે હટવાનો નિર્ણય લીધો હતો.

આ પહેલા સાનિયાએ ઓસ્ટ્રેલિયન ઓપનના મિક્સ્ડ ડબલ્સમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. તે રોહન બોપન્ના સાથે રમવાની હતી. રોહન હવે યૂક્રેનની નાદિયા કિચેનોક સાથે દાવેદારી રજૂ કરશે.

એ દિવસો દૂર નથી, જ્યારે ખેલાડીઓ સીધા સ્ટેડિયમમાં લેન્ડ થશે અને મેચ રમશે : કોહલી

ઓકલેન્ડ

ભારત સતત ક્રિકેટ રમી રહ્યું છે. આ અંગે કેપ્ટન વિરાટ ખાલીએ ગુરુવારે ચિંતા વ્યક્ત કરી હતી. કોહલીએ કહ્યું કે, એ દિવસો દૂર નથી, જ્યારે ખેલાડીઓ સીધા સ્ટેડિયમમાં લેન્ડ કરશે અને મેચ રમશે. ભારતે ચાર દિવસ પહેલા જ ૧૯ જાન્યુઆરીએ ઓસ્ટ્રેલિયા સામે વનડે સીરિઝ સમાપ્ત કરી હતી અને ચાર દિવસ પછી કિવિઝ સામે ટી-૨૦ સીરિઝ રમશે. ૨૦૧૯ના વર્લ્ડ કપ સેમિફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે હાર્યા પછી ભારત પહેલીવાર તેની સામે ટકરાશે. કોહલીએ કહ્યું- મને વિશ્વાસ છે કે, ભવિષ્યમાં ટાઈટ શેડ્યુલ પર ધ્યાન આપવામાં આવશે. અત્યારનું ઈન્ટરનેશનલ ક્રિકેટ આવવું જ છે. તમારે સતત રમવા માટે તૈયાર રહેવું પડે છે. અમે ગઈ સીરિઝમાં ઓસ્ટ્રેલિયા સામે ૩ વનડે રમ્યા અને ઘણો સમય મેદાન પર વિતાવ્યો હતો. તે પહેલા અમે શ્રીલંકા સામે ટી-૨૦ સીરિઝ રમ્યા હતા. ત્યારે અમને વધુ સમય મળ્યો હતો, તેથી અહિયાં આવવામાં અને તૈયારી કરવામાં કોઈ તકલીફ પડી નહોતી.

ભારતે ન્યૂઝીલેન્ડને ૬ વિકેટે હરાવ્યુ, ચોથી વખત ૨૦૦+નો ટાર્ગેટ ચેઝ કર્યો

પ્રથમ ટી-૨૦: ઐયર, રાહુલની અડધી સદી, ભારતનો ૬ વિકેટે વિજય

ન્યૂઝીલેન્ડનો ૨૦૩ રનનો લક્ષ્યાંક ૧૯મી ઓવરમાં જ પાર પાડી લીધો

ઓકલેન્ડ

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ઓકલેન્ડમાં રમાયેલી પ્રથમ ટી૨૦ ઈન્ટરનેશનલમાં ભારતે કિવીઝના ૨૦૪ રનના ટાર્ગેટને ૧૯ ઓવરમાં જ પ્રાપ્ત કરીને શાનદાર વિજય મેળવી લીધો છે. ઓપનર કે એલ રાહુલની ઝડપી અડધી સદીની મદદથી ભારતને મજબૂત સ્ટાર્ટ મળ્યું હતું. રોહિત શર્મા સાત રન બનાવીને ભારતને આઉટ થઈ જતા ભારતીય ટીમને પ્રથમ ઝટકો વહેલો લાગ્યો હતો અને ન્યૂઝીલેન્ડના તોતિંગ સ્કોરને ચેઝ કરવો મુશ્કેલ જણાતો હતો. કેપ્ટન વિરાટ કોહલીની ૩૨ બોલમાં ૪૫ રનની ઉપયોગી ઈનિંગ્સ અને શ્રેયસ ઐયરના ૫૮ રનની મદદથી ભારતે એક ઓવર બાકી હતી ત્યારે જ આ મેચ જીતી લીધી હતી. આ સાથે જ ભારતે સીરિઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. શ્રેયસ ઐયરને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ ટોસ જીતીને પ્રથમ બોલિંગનો નિર્ણય કર્યો હતો. ન્યૂઝીલેન્ડના કોલિન મુનરો અને કેપ્ટન કેન વિલિમસનની શાનદાર અડધી સદીની મદદથી કિવિઝ ટીમે એડન પાર્કમાં રમાયેલી પ્રથમ ટી૨૦માં નિર્ધારિત ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને ૨૦૩ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ભારત તરફથી બોલિંગમાં જસપ્રિત બુમરાહે સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરતા ચાર ઓવરમાં ૩૧ રન આપીને એક વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત શાર્દુલ ઠાકુર, રવિન્દ્ર જાડેજા, યુઝવેન્દ્ર ચહલ અને શિવમ દુબેએ પણ એક-એક વિકેટ ઝડપી હતી.

૨૦૪ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમને રોહિત શર્માના રૂપે પ્રથમ ઝટકો લાગ્યો હતો. ટીમના ૧૬ રન હતા ત્યારે રોહિત સેંટનરની ઓવરમાં ટેલરના હાથે કેચ આઉટ થઈ ગયો હતો. જો કે વનડાઉન બેટિંગમાં ઉતરેલા કેપ્ટન વિરાટ કોહલી અને ઓપનર કે એલ રાહુલની જોડીએ ૧૦૧ રનની ઉપયોગી પાર્ટનરશિપ કરી હતી. ત્યારબાદ ઐયર અને મનિષ પાંડે (૧૪) અણનમ રહીને ભારતને ૧૯મી ઓવરમાં જીત અપાવી હતી. ઐયરની ટી૨૦ ઈન્ટરનેશનલમાં પ્રથમ અડધી સદી રહી છે. ભારતને જીત માટે અંતિમ બે ઓવરમાં ૧૮ રનની જરૂત હતી અને ન્યૂઝીલેન્ડના ઝડપી બોલર ટીમ સાઉધીએ ૧૯મી ઓવર લીધી હતી. શ્રેયસ ઐયરે સાઉધીની ઓવરના અંતિમ બોલ પર છગ્ગો ફટકારીને ભારતીય ટીમને જીત અપાવી હતી. આ સાથે જ ભારતે સીરિઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે

હાર્દિક પંડ્યા સવા કરોડની ઘડિયાળ અને ૧ લાખના શૂઝ સાથે એરપોર્ટ પર જોવા મળ્યો

ન્યુ દિલ્હી

હાર્દિક પંડ્યા ભલે લાંબા સમયથી ક્રિકેટથી દૂર હોય પણ તે સતત ચર્ચામાં રહે છે. પોતાની ગર્લફ્રેન્ડ નતાશા સ્ટાકોવિચ સાથે સગાઈ પછી હવે હાર્દિક પંડ્યા પોતાના શૂઝ અને ઘડીયાળને લઈને ચર્ચામાં આવ્યો છે.

હાર્દિક પંડ્યા એ ક્રિકેટર્સમાં સામેલ છે જે પોતાની હટકે સ્ટાઈલ અને મોંઘા કપડા માટે ઓળખાય છે. ઘણી વખત તે મોંઘા શૂઝ, સન ગ્લાસ, સ્નીકર અને જેકેટમાં જોવા મળે છે. આવો જ નજારો હાલમાં પણ જોવા મળ્યો છે.

હાર્દિક પંડ્યા મુંબઈ એરપોર્ટ પર નજર આવ્યો હતો. જ્યાં તે કૂલ અંદાજમાં જોવા મળ્યો હતો. આ દરમિયાન તેણે જે ઘડિયાળ પહેરી છે તેની કિંમત આશ્ચર્યચકિત કરનારી છે. પંડ્યાએ પાટેક ફિલિપની પર્પેચુઅલ કેલેન્ડર ૫૭૪૦/૧-જીની ઘડિયાળ પહેરી છે. જેની કિંમત ૮૫ લાખ રુપિયા છે. આ ઘડિયાળમાં ભારતમાં મળતી નથી જેથી તેને ઈમ્પોર્ટ કરાવી અને ટેક્સ મળીને તેની કિંમત એક કરોડ ૧૦ લાખ રુપિયા થાય છે. ઘડિયાળની કિંમત વધારે હોવાનું કારણ છે એ છે કે આ ઘડિયાળ વાઈટ ગોલ્ડથી બનેલી છે.

જો હાર્દિકના શૂઝની વાત કરવામાં આવે તો તેણે ક્રિસચિયન લુબાઉટિનના લુ સ્પાઈક્સ શૂઝ પહેર્યા હતા. જે બ્લેક કાફફિશ લેધરથી બનેલા છે. જેની કિંમત ૭૦ હજાર રુપિયા છે. ઈમ્પોર્ટ કરાવ્યા પછી તેની કિંમત એક લાખ રુપિયા સુધી પહોંચી જાય છે.

ઓસ્ટ્રેલિયન ઓપન : કોકો ગોફે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસાકાને સીધા સેટોમાં હરાવી



મેલબોર્ન

વર્ષના પહેલા ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપનમાં પાંચમા દિવસે સૌથી મોટો અપસેટ થયો. ૧૫ વર્ષની અમેરિકન ખેલાડી કોકો ગોફે ડિફેન્ડિંગ ચેમ્પિયન જાપાનની નાઓમી ઓસાકાને હરાવી છે. વર્લ્ડ નંબર-૬૭ કોકો ગોફે વર્લ્ડ નંબર ૪ નાઓમી ઓસાકાને ૬-૩, ૬-૪થી હરાવીને બધાને હેરાન કરી દીધા છે. આ મેચ ૧ કલાક ૭ મિનિટ સુધી ચાલી હતી. મેચ જીત્યા પછી ગોફે કહ્યું કે, "બે વર્ષ પહેલા જુનિયર વર્ગના પ્રથમ રાઉન્ડમાં જ હારી ગઈ હતી. પરંતુ આજે હું અહિયાં છું. અત્યારે હું પોતાને બસ એટલું જ કહીશ કે લડત આપતી રહે, કારણકે કોર્ટ પર શું થશે તે કોઈ નથી જાણતું."

૭ વારની ચેમ્પિયન સેરેના વિલિયમ્સ ત્રીજા રાઉન્ડમાં બહાર થઈ ગઈ છે. તેને ૨૭મી સીડ ચાઈનાની કિયાંગ વાંગે ૬-૪, ૬-૭, ૭-૫થી હરાવી હતી. મેન્સ ડબલ્સમાં ભારતના દિવિજ શરણ અને ન્યૂઝીલેન્ડના એટર્ન સિટેકની જોડીને મેટ રીડ અને ક્રિસ ગુચિઓને ૭-૬, ૬-૩થી હરાવ્યા હતા.

ગઈ વખતની રનરઅપ ચેક રિપબ્લિકની પેત્રા ક્વિતોવા ત્રીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. વર્લ્ડ નંબર ૮એ રશિયાની વર્લ્ડ નંબર ૨૮ એકતેરિનાને ૬-૧, ૬-૨થી હરાવ્યો હતો. મહિલા સિંગલ્સમાં વર્લ્ડ નંબર ૧ ઓસ્ટ્રેલિયાની એશ્લે બાર્ટી અને મેન્સ સિંગલ્સમાં ડિએગો પણ ત્રીજા રાઉન્ડમાં પહોંચી ગયા છે.

બાર્ટીએ કઝાખસ્તાનની એલેના રિબાકિનાને સીધા સેટોમાં ૬-૩, ૬-૨થી હરાવી હતી. વર્લ્ડ નંબર-૨૬ એલેના પહેલીવાર ઓસ્ટ્રેલિયન ઓપન રમી રહી છે. ડિએગોએ સર્બિયાના દુસાન લાજોવિચને ૬-૨, ૬-૩, ૭-૬થી હરાવ્યો હતો. દુસાન સાતમી વાર ટૂર્નામેન્ટમાં રમી રહ્યો છે. તે હજી સુધી ત્રીજા રાઉન્ડમાં પહોંચ્યો નથી.

ભારતમાં આવેલ સુસ્તી હંગામી,આગામી દિવસમાં તેજી જોવા મળશેઃ IMF

દાવોસ

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ની MD ક્રિસ્ટેલિના જિયોર્જીવાએ શુક્રવારે કર્યું હતું કે ભારતના અર્થતંત્રમાં GDP વૃદ્ધિદરમાં ઘટાડો અસ્થાઈ છે અને આગામી દિવસોમાં તેમાં સુધારો જોવા મળે તેવી શક્યતા છે. જિયોર્જીવાએ કહ્યું હતું કે ઓક્ટોબર,૨૦૧૯માં IMFએ જ્યારે વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂક જારી કરવામાં આવ્યુ હતું તે સમયની તુલનામાં હવે વિશ્વભરમાં સ્થિતિ સારી છે. તેમણે સ્વીત્ઝલેન્ડના દાવોસમાં ચાલી રહેલા ગ્લોબલ સમિટ 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ'માં આ માહિતી આપી હતી. આ અગાઉ ૨૦મી જાન્યુઆરીના રોજ જારી આઉટલૂકમાં IMF એ ભારતના ગ્રૂથનો અંદાજ ૬.૧ ટકાથી ઘટાડી ૪.૮ ટકા કરવામાં આવ્યું હતું.

જિયોર્જીવાનું કહેવું છે કે અમેરિકા-ચીન વચ્ચે વ્યાપાર વિવાદનો અંત આવતા અને ટેક્સ દરોમાં ઘટાડો થવા જેવા સકારાત્મક કારણોથી માહોલનું સર્જન થયું છે. જોકે વિશ્વ અર્થતંત્ર માટે ૩.૩ ટકા ગ્રોથ એટલો ઉત્સાહજનક કહી શકાય નહીં. અમે ઈચ્છીએ છીએ કે નાણાકીય નીતિઓ આક્રમક હોય અને માળખાગત સુધારા પર ધ્યાન આપવામાં આવે.

IMFના પ્રમુખે કહ્યું છે કે અમે ભારતના ગ્રોથનો અંદાજ ઘટાડ્યો છે, જોકે આ સ્થિતિ હંગામી જણાય છે. ભારત સાથે જ ઈન્ડોનેશિયા અને વિયેતનામ જેવા દેશોમાં પણ સ્થિતિમાં સુધારો થવાનો અંદાજ છે. આફ્રિકાના દેશમાં પણ સારું પ્રદર્શન રહ્યું છે, જોકે મેક્સિકો જેવા કેટલાક દેશોમાં સુધારો જોવા મળ્યો નથી.

સીએએ સમર્થક પરિવારોનુ પાણી રોકાયાનો આક્ષેપ કરનાર સાંસદ સામે જ ફરિયાદ

તિરુવનંતપુરમ્

ભાજપના સાંસદ શોભા કરાંદલાજેએ કરેલા ટ્વિટ બાદ કેરાલા પોલીસે તેમની સામે સીધી ફરિયાદ જ નોંધી દીધી છે.

કર્ણાટકના શોભા કરાંદલાજે ટ્વિટ કરીને આક્ષેપ કર્યો હતો કે, કેરલના મલપ્પુરમમાં સીએએનુ સમર્થન કરનારા હિન્દુઓના ઘરોમાં પાણીનો સપ્લાય રોકી દેવામાં આવ્યો છે.

બીજી તરફ પોલીસે શોભા કરાંદલાજે સામે આ ટ્વિટ બાદ બે સમુદાયો વચ્ચે વૈમન્સ્ય ફેલાવવા બદલ કેસ દાખલ કીર દીધો છે.પોલીસનુ કહેવુ છે કે, શોભા કરાંદલાજેએ સાવ ખોટી વાત ફેલાવીને બે સમુદાયો વચ્ચે કડવાશ વધારી છે. આ વિસ્તારમાં પાણની અછત પહેલેથી જ છે.

શોભા કરાંદલાજેએ ફોટો શેર કરીને લખ્યુ હતુ કે, કેરલ પણ કાશ્મીર બનવાના રસ્તા પર છે. મલપ્પુરમાં કુટ્ટીપુરમ પંચાયતમાં સીએએનુ સમર્થન કરનાર હિન્દુઓ પાણી રોકી દેવમાં આવ્યુ છે.સેવા ભારતી સંસ્થા હાલમાં આ લોકોને પાણી પીવડાવી રહી છે. શું મીડિયા આ પ્રકારની અસહિષ્ણુતાને દર્શાવશે કે નહી. શોભાએ કહ્યુ હતુ કે, દલિત પરિવારો સાથે થઈ રહેલા ભેદભાવ પર મેં અવાજ ઉઠાવ્યો છે ત્યારે કાર્યવાહી કરવાની જગ્યાએ કેરલ સરકારે મારા સામે જ કેસ દાખલ કરી દીધો છે. તમામે કેરલ સરકારની આ નીતિ સામે અવાજ ઉઠાવવો જોઈએ.

વૈશ્વિક ભ્રષ્ટાચાર ધોરણો સૂચકાંકઃ૨૦૧૯માં ભારત ૭૮મા ક્રમે પાછળ

વડાપ્રધાન મોદીનો દાવો પોકળઃ ભારતમાં ભ્રષ્ટાચાર યથાવત્

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભલે છેલ્લા સાડા પાંચ વર્ષથી દાવો કરી રહ્યા હોય કે તેઓ ખાશે પણ નહિ અને ખાવા દેશે પણ નહિ પરંતુ હકિકત એ છે કે આંતર રાષ્ટ્રીય સૂચકાંકમાં ભારતની સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. ગ્લોબલ કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્ષ એટલે કે વૈશ્વીક ભ્રષ્ટાચાર ધોરણો સૂચકાંકઃ ૨૦૧૯ માં ભારતની રેન્કીંગમાં કોઈ સુધારો થયો નથી. ભારત ૨૦૧૮ ની જેમ જ ૭૮માં ક્રમે રહ્યું છે.

ભ્રષ્ટાચાર માત્ર ભારત જ નહીં, પ્રત્યેક દેશની સમસ્યા છે. વધતે ઓછે અંશે ભ્રષ્ટાચાર દરેક દેશમાં થતો જ હોય છે. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ સંસ્થા દ્વારા વૈશ્વિક સ્તરે ભ્રષ્ટાચારનું દુષણ કયા દેશમાં કેટલી હદે વ્યાપ્ત છે એનો સર્વે કરાયો હતો, જેમાં ભારતે ૨૦૧૮ ના સ્તરે એટલે કે ૭૮મો ક્રમાંક જાળવી રાખ્યો છે.

ગ્લોબલ કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ ૨૦૧૯ માં ભારતના રેકિંગ્સમાં કોઈ સુધારો થયો નથી. એ ૨૦૧૮ ની જેમ જ ૭૮મા ક્રમાંકે યથાવત છે. નિષ્પક્ષ રીતે વૈશ્વિક સ્તરે ભ્રષ્ટાચારનું વિશ્લેષણ કરનાર સંસ્થા ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા જાહેર કરવામાં આવેલા સર્વે પ્રમાણે ભારતનો ઈન્ડેક્સમાં કુલ સ્કોર ૪૧ રહ્યો અને એ ૭૮ માં સ્થને છે. ૨૦૧૭ માં ઈન્ડેક્સમાં ૪૦ પોઈન્ટ સાથે ૮૧ મા સ્થાન પર હતું. આ પહેલાં ૨૦૧૬ માં ભારત આ ઈન્ડેક્સમાં ૭૯ મા સ્થાને હતું.

આ વખતે રસપ્રદ વાત એ રહી કે ભારત સાથે ચીન, ઘાના, બેનિન અને મોરોક્કો પણ ૭૮મા રેંક પર છે. પાડોશી દેશ પાકિસ્તાનના રેકિંગ્સ ૧૨૦ રહી. એ વધારે ભ્રષ્ટાચાર દર્શાવે છે. આ ઈન્ડેક્સમાં સાર્વજનીક ક્ષેત્રના ભ્રષ્ટાચારના મામલાઓમાં ૧૮૦ દેશોને રાખવામાં આવ્યા છે. ઈન્ડેક્સ ૦ થી ૧૦૦ ના પોઈન્ટનો ઉપયોગ કરે છે જેમાં ૦ સૌથી વધારે ભ્રષ્ટાચાર દર્શાવે છે, જયારે નંબર ૧૦૦ ખૂબ જ ભ્રષ્ટાચારમુકત દર્શાવે છે.

ગ્લોબલ કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ પ્રમાણે બે તૃતીયાંશ દેશોનો સ્કોર ૫૦ થી ઓછો છે એન એવરેજ સ્કોર ૪૩ છે. ૨૦૧૨ થી લઈને અત્યાર સુધી ૨૨ દેશોએ પોતાનો સ્કોર સુધાર્યો છે. એમાં એસ્ટોનિયા, ગ્રીસ અને ગયાના સામેલ છે. ૨૧ દેશોના સ્કોરમાં પછડાટ જોવા મળી જેમાં ઓસ્ટ્રેલીયા, કેનેડા અને નિકારાગુઆ સામેલ છે. જી-૭ દેશોના ચાર દેશોના સ્કોરમાં ઘટાડો નોંધાયો હતો એમાં કેનેડા, ફ્રાન્સ, બ્રિટન અને અમેરિકા સામેલ છે. જર્મની અને જાપાનના સ્કોરમાં કોઈ સુધારો નથી થયો. ઈટલીના સ્કોરમાં એક આંકડાનો સુધારો નોંધાયો છે.

હું બાલ ઠાકરેનો ચેલો છું, જે પણ કરું છું ખૂલ્લેઆમ કરુ છું: રાવત

વિધાનસભા ચૂંટણી ટાણે પવાર-ઉદ્ધવના ફોન ટેપ થયા..!: મુખ્યમંત્રીના તપાસના આદેશ

મુંબઈ

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી વખતે શિવસેનાના ઉદ્ધવ ઠાકરે અને એનસીપીના શરદ પવારના ફોન ટેપ થતા હતા એવી ચોંકાવનારી વિગત બહાર આવી હતી. આજે શુક્રવાર ૨૪ જાન્યુઆરીએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ આ બાબતે તપાસ કરીને પોતાને રિપોર્ટ આપવાનો આદેશ આપ્યો હતો.

ખાસ કરીને શિવસેના અને ભાજપ વચ્ચે સરકરા રચવાના મુદ્દે મતભેદો સર્જાયા ત્યારબાદ ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર અને શિવસેનાના સાંસદ સંજય રાઉતના ફોન ટેપ થવાના શરૂ થયા હતા.

સંજય રાઉતે કહ્યું હતું કે મને ભાજપના જ એક પ્રધાને આ માહિતી આપી હતી અને એ સમયે મેં એમને કહ્યું હતું કે હું બાળાસાહેબ ઠાકરેનો ચેલો છું. કોઈ બાબત ચોરીછૂપીથી કરવામાં માનતો નથી. પણ મારું કોઈ ક્યાં સાંભળે છે ?

રાજયના એક પ્રધાન અનિલ દેશમુખે કહ્યું હતું કે અમને મળેલી માહિતી મુજબ મોટા ભાગના બિનભાજપી નેતાઓના ફોન ટેપ થતા હતા. હવે અમે તપાસનો આદેશ આપ્યો છે. અનિલ દેશમુખના આ નિવેદન પછી તરત સંજય રાઉતે કહ્યું કે મને ભાજપના જ એક નેતાએ આ માહિતી આપી હતી. મેં આ માહિતી આપનાર ભાજપી નેતાને કહ્યું હતું કે હું કોઈથી ડરતો નથી. જેને મારી વાત સાંભળવી હોય તે સાંભળે. હું બાળાસાહેબ ઠાકરેનો ચેલો છું. કશું ચોરીછૂપીથી કરતો નથી. જેને મારા ફોન સાંભળવા હોય તે ભલે સાંભળે.

કલમ ૧૪૪ લાગૂ છતાં પ્રદર્શન કરનાર સુમિત્રા મહાજન સહિત ભાજપ નેતાઓની અટકાયત

ઈન્દોર

મધ્ય પ્રદેશના ઈન્દોરમાં કલમ ૧૪૪ લાગુ હોવા છતાં પણ પ્રદર્શન કરી રહેલા લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન સહિત ભાજપના અનેક નેતાઓની ધરપકડ કરવામાં આવી છે. શુક્રવારના રોજ ધરપકડ કરાયેલા નેતાઓમાં ભાજપના અધ્યક્ષ રાકેશ સિંહનો પણ સમાવેશ થાય છે. ઈન્દોરના કલેક્ટર કાર્યાલય પર ભાજપના નેતાઓ પ્રદર્શન કરી રહ્યા છે. ત્યારે પોલીસે અહીં આ નેતાઓની ધરપકડ કરી છે.

જણાવી દઈએ કે, મધ્ય પ્રદેશમાં માફિયા વિરુદ્ધ વિદ્રોહના નામે સરકાર ભાજપ નેતાઓ પર વેરભાવ રાખવાનો આરોપ ભાજપ લગાવી રહ્યું છે. જેને લઈ ભાજપ કાર્યકર્તાઓ અને નેતાઓ પ્રદર્શન કરી રહ્યા છે. ઉપરાંત ખેડૂતોના દેવા માફી અને બેરોજગારો ભથ્થા નહીં આપવાને લઈ ભાજપ મધ્ય પ્રદેશમાં અનેક જગ્યાએ વિરોધ કરી રહ્યું છે. સરકારના વાયદાઓને લઈ ભાજપ સતત વિરોધ કરી રહ્યું છે.

સ્વરાજ કૌશલ પર ભડક્યા થરૂર કહ્યું - બીજા ધર્મમાં લગ્ન કરવા તે શું દેશદ્રોહ છે?

નસીરુદ્દીન, ભારત દેશે તમને કેટ-કેટલું આપ્યું તેમ છતા તમે નિરાશાથી ભરપૂર છોઃ સ્વરાજ

ન્યુ દિલ્હી

નાગરિકતા સુધારણા કાયદા અને નેશનલ રજિસ્ટર ફોર સિટીઝનના મુદ્દા પર બોલિવૂડથી માંડીને રાજકારણની દુનિયામાં ઉથલપાથલ મચી ગઈ છે. બોલિવૂડના બંને દિગ્ગજ નસીરુદ્દીન શાહ અને અનુપમ ખેર વચ્ચે ચાલી રહેલા વાક્યુદ્ધમાં પૂર્વ ગવર્નર સ્વરાજ કૌશલની એન્ટ્રીથી વિવાદ વધુ વકર્યો છે. હવે સ્વરાજ કૌશલને કોંગ્રેસના સાંસદ શશિ થરૂરને જવાબ આપ્યો છે. તેમણે લખ્યું કે બીજા ધર્મમાં લગ્ન કરવા તે શું દેશદ્રોહ છે?

ગુરૂવારે સ્વરાજ કૌશલે નસીરુદ્દીન શાહના મામલામાં ઘણા બધા ટ્વીટ કર્યા હતા, જેના પર થરૂરે લખ્યું કે ગવર્નર સાહેબ, પોતાના ધર્મમાંથી બહાર જઈને અન્ય કોઈ સાથે લગ્ન કરવાને શું તમે દેશદ્રોહ કહેશો? કે પછી અનુપમ ખેરની ટીકા કરવી? તમે તમારા મિત્રને બચાવી શકો છો પરંતુ આ પ્રકારના તથ્યોની સાથે નહીં કે જેને તમે તમારા ટ્વીટમાં ગણાવ્યા છે.

પૂર્વ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજના પતિ સ્વરાજ કૌશલે નસીરુદ્દીન અને અનુપમ ખેરના વિવાદમાં ગુરૂવારે ઘણા બધા ટ્વીટ કર્યા હતા. આ મામલામાં તેમણે અનુપમ ખેરના વખાણ કરીને તેમના નિવેદનોનો બચાવ કર્યો હતો જ્યારે નસીરુદ્દીન પર બરાબરના પ્રહારો કર્યા હતા. તેમણે એક ટ્વીટમાં લખ્યું હતું કે 'ભારત દેશે તમને આટલું બધું આપ્યું છે, તેમ છતા પણ તમે નિરાશાઓથી ભરેલા છો.

અતુલ રાય સાંસદ તરીકે શપથ લેશે

બસપા સાંસદ અતુલ રાયને અલ્હાબાદ હાઈકોર્ટે બે દિવસના પેરોલ આપ્યા

લખનઉ

બહુજન સમાજ પાર્ટીનાં સાંસદ અતુલ રાયને અલ્હાબાદ હાઈકોર્ટેનાં પેરોલ મળી ગયાં છે. હાઈકોર્ટે બે દિવસનાં પેરોલની મંજૂરી આપી છે. આ પેરોલના બે દિવસ દરમિયાન અતુલ રાય સાંસદ તરીકે શપથ લેશે.

રેપનાં આરોપી બહુજન સમાજ પાર્ટીનાં સાંસદ અતુલ રાય ઈલ્હાબાદ હાઈકોર્ટ પાસેથી પેરોલ મળી ગઈ છે. હાઈકોર્ટે બે દિવસનાં પેરોલ મંજૂર કર્યાં છે. સાંસદ સભ્ય પદનાં શપથ લેવા માટે કોર્ટે પેરોલ મંજૂર કર્યાં છે. અતુલે આ પહેલા જામીન અરજી કરી હતી. જે કોર્ટે ફગાવી દીધા હતા. એ બાદ તેમણે શપથ લેવા માટે પેરોલ માટે અરજી કરી હતી.

અતુલ રાય ૩૧ જાન્યુઆરીએ શપથ લેશે. તેના બીજા દિવસે તેમને ફરી જેલમાં જવું પડશે. શપથ ન લીધા હોવાનાં કારણે અતુલ રાયના સભ્યપદ પર ખતરો છે. લોકસભા સચિવાલયની ચિઠ્ઠી પર અતુલ રાયને રાહત મળી છે. બસપા સાંસદ અતુલ રાય વિદ્યાર્થીનાં બળાત્કારનાં આરોપમાં જેલમાં બંધ છે. તે ઉત્તરપ્રદેશનાં મઉ જિલ્લાનાં ધોસી લોકસભાની સીટ પરથી ચૂંટણી જીત્યા છે જોકે તે જેલમાં હોવાનાં કારણે તેમણે સાંસદ તરીકે શપથ ગ્રહણ કર્યા નહોતા.

જેએનયુના પ્રદર્શનકારી વિદ્યાર્થીઓને હાઈકોર્ટથી રાહત, જૂની ફી પર જ રજિસ્ટ્રેશન

ન્યુ દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે. સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે આદેશ આપ્યો કે વિદ્યાર્થીઓને હાલ જૂની ફીના આધાર પર જ રજિસ્ટ્રેશન કરવાની પરવાનગી આપવામાં આવે. કોર્ટે એમ પણ કહ્યું કે વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ પ્રકારની લેટ ફી પણ નહીં લઈ શકાય.

આ મામલે વધુ સુનાવણી ૨૮ ફેબ્રુઆરીએ થશે. આ પહેલા કોર્ટમાં જેએનયુ વિદ્યાર્થી સંગઠનના વકીલ કપિલ સિબ્બલે કહ્યું હતું કે ફીમાં વધારો ગેરકાયદે છે. અને જેએનયુની હાઈલેવલ કમિટીને હોસ્ટેલ મેન્યુઅલમાં બદલાવનો અધિકાર નથી.

જેએનયું સત્તાધારીઓ એ જ્યારે ઘણા વિદ્યાથીઓની ફી જમા કરવાની વાત કહી તો વિદ્યાથીઓનું સમર્થન કરી રહેલા કપિલ સિબ્બલે જણાવ્યું કે બાળકોએ દબાવમાં આવીને ફી જમા કરી છે. કપિલ સિબ્બલે જણાવ્યું કે પ્રશાસને ફી વધારો પાછો ખેંચવો જરૂરી છે. પરંતુ જે વિદ્યાથીઓની ફી વસૂલ કરી છે તેને પણ પાછી આપવી જોઈએ.

મની લોન્ડરિંગ કેસઃ EDએ એર એશિયા ઈન્ડિયાના અધિકારીઓને ફરીથી સમન્સ બજાવ્યા

ન્યુ દિલ્હી

કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ એર એશિયા ઈન્ડિયાના મની લોન્ડરિંગ કેસમાં કંપનીના CEO ટોની ફર્નાન્ડિસ સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓને નવેસરથી સમન્સ બજાવ્યા છે. ઈડીના અધિકારીઓએ આજે આ માહિતી આપી હતી. ઈડીએ કંપની અને તેના અધિકારીઓ વિરુદ્ધ વર્ષ ૨૦૧૮માં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (સેન્છ) હેઠળ કેસ દાખલ કર્યો છે. સુત્રોએ કહ્યું કે, ઈડીએ ટોની ફર્નાન્ડિસને ૫ ફેબ્રુઆરીના રોજ, તેના ડેપ્યુટી અને મલેશિયા સ્થિત એર એશિયાના પૂર્વ ડેપ્યુટી ગ્રૂપ સીઈઓ બો લિંગમને ત્રીજી ફેબ્રુઆરીના રોજ તથા એર એશિયા ઈન્ડિયા લિમિટેડના આર. વેંકટરમનને ૧૦મી ફેબ્રુઆરીના રોજ તપાસ અધિકારી સમક્ષ હાજર થવાનો આદેશ કરાયો છે. કંપનીના પ્રવર્તમાન અને જૂના મેનેજમેન્ટ સાથે જોડાયેલા કેટલાક અધિકારીઓને હાજર થવાનો નિર્દેશ કરાયો છે

સુત્રોએ જણાવ્યું કે, ઈડીએ આ પહેલા પણ કેટલાંક અધિકારીઓને ચાલુ મહિને તપાસ અધિકારી સમક્ષ હાજર થવાનો આદેશ કર્યો હતો. અલબત કેટલાંક અધિકારીઓ હાજર થયા ન હતા તથા કેટલાંકે વધુ સમયની માંગણી કરતા તેમને નવી તારીખ આપી હતી. ઉપરોક્ત તમામ વ્યક્તિઓને મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સમન્સ બજાવવામાં આવ્યા છે.

મોદી સરકારે આરબીઆઈ પાસે ૧૦ હજાર કરોડની માંગણી કરી

મુંબઈ

કેન્દ્ર સરકારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસે ૧૦ હજાર કરોડ રૂપિયાના વચગાળાના ડિવિડન્ડની માગ કરી છે. સરકાર નાણાકિય વર્ષ ૨૦૧૯-૨૦માં મહેસૂલ વસૂલીના લક્ષ્યાંકને ચૂકી ગઈ છે. સરકાર આ ખૂટતા પૈસા આરબીઆઈ પાસે માગી રહી છે. સતત ત્રીજા વર્ષે મોદી સરકારે આ ડિવિડન્ડનો લાભ લીધો છે.

આરબીઆઈએ આ બાબતે કોઈ નિર્ણય લીધો નથી પણ ૧૫ ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હીમાં આરબીઆઈની કેન્દ્રીય બોર્ડની બેઠકમાં સરકારની આ માગ બાબતે નિર્ણય લેવાઈ શકે છે.

આરબીઆઈએ ગત વર્ષે બેલેન્સશીટની ઓડિટ કરાવી હતી કારણ કે એ નક્કી થઈ શકે છે સરકારને કેટલું વચગાળાનું ડિવિડન્ડ આપી શકાય. મોદી સરકાર દર વર્ષે ૧૦ હજાર કરોડ રૂપિયાના વચગાળાના ડિવિડન્ડની માગ કરે છે. ગત વર્ષે આરબીઆઈએ ૨૮ હજાર કરોડ રૂપિયાનો લાભ આપવાનો નિર્ણય લીધો હતો.

રશિયાના આ 'કપલ'નો આ મામલો વાંચીને તમે પણ ચકરાવે ચઢી જશો

૧૦ વર્ષના બાળકથી ૧૩ વર્ષની સગીરા પ્રેગનેન્ટ થતા ડોક્ટર્સ પણ ચોંક્યા

મૉસ્કો

રશિયાના Zheleznogorsk શહેરમાં રહેતી ૧૩ વર્ષની એક સગીરા દાવો કરી રહી છે કે તેના પેટમાં ઉછરી રહેલા બાળકના પિતા તેનો ૧૦ વર્ષનો પ્રેમી છે. સગીરાએ જણાવ્યું કે લગભગ એક વર્ષ પહેલા તેની મુલાકાત એક છોકરા સાથે થ હતી અને પહેલી જ નજરમાં મને તેની સાથે પ્રેમ થઈ ગયો હતો. ડરિયા અને ઈવાન નામનું આ કપલ રશિયાના Zheleznogorsk શહેરના રહેવાસી છે. એક ટીવી શોમાં આ કપલે ભાગ લીધો હતો અને પોતાના રિલેશનશિપ સાથે સંકળાયેલા તમામ પ્રશ્નોના જવાબો આપ્યા હતા. ઈવાનની તપાસ કરનારા ડોક્ટરનું કહેવું છે કે તે સ્પર્મ પ્રોડ્યૂસ કરવા માટે ઘણો ઓછો મેચ્યોર છે, તે બાળકનો પિતા ન હોઈ શકે. પરંતુ સગીરા



સતત દાવો કરી રહી છે કે તેને આના સિવાય અન્ય કોઈ પાર્ટનર નથી. એક સાઈકોલોજિસ્ટે સગીરાની વાત પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. બંનેના માતા-પિતાની સંમતિથી બાળકોને તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. આ કપલના મામલે સ્થાનીક સમાજમાં ગંભીર વિવાદ સર્જાઈ ગયો છે. ઈવાનની માતાને પણ લાગી રહ્યું છે કે તેમનો દીકરો સાચું બોલી રહ્યો છે. તેની માતાએ કહ્યું કે હું સમજું છું કે તેને પોતાને એ વાતનો અનુભવ નહીં હોય કે તેણે શું કર્યું. તે ભલે પોતાને સમજદાર માનતો હોય પરંતુ તે ખરેખરમાં તો હજી બાળક જ છે ને. ડરિયાએ કહ્યું કે તે અને તેનો બોયફ્રેન્ડ એક-બીજાનું ખૂબ જ ધ્યાન રાખે છે. આ બંનેએ સોશિયલ મીડિયા પર પોતાના સ્ટેટસમાં મેરિડ પણ લખી દીધું છે. જોકે, આ કપલને સ્થાનીક સમાજમાં લોકોના ગુસ્સાનો ભોગ પણ બનવું પડ્યું છે. બે મહિનાની પ્રેગનેન્ટ ડરિયા અને તેની માતા બાળકને રાખવા માગે છે. તેમણે કહ્યું કે મારી દીકરીએ પોતાનો સંબંધ સ્વિકાર્યો તેનાથી હું બહું જ ખુશ છું.

દિલ્હી-એનસીઆરમાં વિશ્વની સૌથી મોટી યુનિવર્સિટી બનાવશે

બેરોજગારી અને મોંઘવારી જેવી સમસ્યા પર ધ્યાન આપે મોદી સરકારઃ બાબા રામદેવ

ન્યુ દિલ્હી

દેશમાં આવી ચુકેલી આર્થિક મંદીને દૂર કરવાનાં સરકારનાં કોઇ પણ પગલા આજે દેખાઇ રહ્યા નથી. સરકાર આજે માત્ર સીએએ, એનઆરસી અને હવે દિલ્હી ચૂંટણીને લઇને જાહેર મંચો પર ચર્ચાઓ કરી રહી છે. પણ કોઇનું ધ્યાન દેશમાં વદી રહેલી મોંઘવારી અને બેરોજગારી પર નથી દેખાઇ રહ્યુ. પરંતુ એક શખ્સ છે જે સરકારની નજીક હોવાનુ ઘણીવાર ચર્ચાઇ ચુક્યુ છે, જેણે આ મુદ્દે સરકારને સલાહ આપી છે, તે છે યોગ ગુરુ બાબા રામદેવ.

નાગરિકતા સુધારો અધિનિયમનો વિરોધ દેશભરમાં થઇ રહ્યો છે અને તેમાં વિદ્યાર્થીઓની ભાગીદારી અંગે યોગ ગુરુ બાબા રામદેવે કહ્યું છે કે, આંદોલનનું કામ બેરોજગારો પર છોડી દેવું જોઇએ. દેશમાં પ્રદર્શનને કારણે અરાજકતા ફેલાઇ છે. જ્યારે આઝાદીનાં નારા લગાવતા જિન્નાનાં નારાઓએ લાગે ત્યારે તે ખોટુ છે. વિદ્યાર્થીઓએ તેમની કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

બાબા રામદેવે કહ્યું કે, ૨૦૨૪ સુધી મોદીજીને થોડી તક આપવી જોઇએ. જ્યારે આ પ્રકારનું વાતાવરણ સર્જાય છે, ત્યારે દેશ બદનામ થાય છે. દેશમાં મોંઘવારી અને બેરોજગારી જેવી સમસ્યા છે. તેમણે કહ્યું કે, આપણા દેશને ૫ વર્ષમાં ખાદ્યતેલોમાં આત્મનિર્ભર બનવું જોઇએ. ૨ લાખ કરોડનો ખર્ચ આમાં જ કરવામાં આવે છે. તેમણે તે પણ સવાલ ઉઠાવ્યો કે મલેશિયાનાં રાષ્ટ્રાધ્યક્ષ કેમ આપણા આંતરિક બાબતોમાં દખલ કરે છે. બાબા રામદેવે કહ્યું કે, તેઓ દિલ્હી એનસીઆરમાં વિશ્વની સૌથી મોટી યુનિવર્સિટી બનાવશે. તેમણે કહ્યું કે હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તીનાં નામે અમે કોઇની સાથે ભેદભાવ રાખ્યો નથી.

રાજસ્થાનમાં માત્ર ૩૫ ટકા સરપંચ જ વાંચી લખી શકે છે બાકી બધા અભણ..!!

જયપુર

રાજસ્થાનમાં પહેલા ચરણની સરપંચની ચૂંટણી પૂરી થઇ હતી. એમાં એવી ચોંકાવનારી વિગત બહાર આવી હતી કે માત્ર ૩૫ ટકા સરપંચ એવા છે જે પોતાનું નામ લખવા જેટલું ખપ પૂરતું શિક્ષણ ધરાવે છે. બાકીના બધા સરપંચ અંગુઠા છાપ છે.

રાજસ્થાનનાં ગામડાંમાં ખેતમજૂર તરીકે કામ કરતો કોઇ નિરક્ષર માણસ સાંજ પડ્યે સરપંચની ખુરસી પર બેઠેલો દેખાય તો હવે મિડિયા આશ્ચર્ય નહીં અનુભવે કારણ કે આ સત્તાવાર જાહેરાત છે કે ૨,૭૨૬ ગ્રામ પંચાયતોમાંથી ફક્ત ૧૦૦ ગ્રામ પંચાયતોના સરપંચ ખપ પૂરતું વાંચતાં લખતાં જાણે છે. બાકીના બધા અંગુઠા છાપ છે. એનો અર્થ એવો પણ થઇ શકે કે આ બધી ગ્રામ પંચાયતો રિમોટ કન્ટ્રોલથી અન્ય કોઇ વ્યક્તિ ચલાવશે.

અગાઉ સરપંચની ચૂંટણી માટે પણ મિનિમમ શિક્ષણ અનિવાર્ય હતું. હવે એ યોગ્યતા હટી જતાં કોઇ પણ વ્યક્તિ સરપંચ બની શકે છે. રાજસ્થાન ચૂંટણી પંચે કરેલી જાહેરાત મુજબ ૨,૭૨૬ ગ્રામ પંચાયતોમાં ફક્ત ૯૬૯ સરપંચ એવા છે જે માંડ માંડ પોતાનું નામ લખી શકે છે. સરકારી યોજના વિશે આવતી સામગ્રી એ લોકો વાંચી શકતા નથી. તો પછી ગ્રામ વિકાસનાં કાર્યો શી રીતે કરશે એનો જવાબ કોઇ રાજકીય પક્ષ આપી શકે એમ નથી. સૌથી વધુ નિરક્ષર સરપંચ બાડમેર જિલ્લામાં છે. અહીં ૧૪ સરપંચ પૂરેપૂરા અભણ છે.

એફએટીએફએ પાકિસ્તાન પાસે કેટલાક મુદ્દાની સ્પષ્ટતા માગી છે

ચીન પાકિસ્તાનને એફએટીએફના ગ્રે લિસ્ટમાંથી બહાર નીકળવા મદદ કરશે..!!

ન્યુ દિલ્હી

જમ્મુ કશ્મીર સહિત અડધો ડઝન મુદ્દે પાકિસ્તાનની પડખે રહેલા ચીને ફરી એકવાર પાકિસ્તાનની પડખે રહેવાનું નક્કી કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. આવતા મહિને એફએટીએફ પાકિસ્તાનને ગ્રે લિસ્ટની બહાર મૂકી શકે છે. અત્યાર અગાઉ આ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ પાકિસ્તાન કને કેટલાક મુદ્દાનો સ્પષ્ટ જવાબ માગ્યો હતો ખાસ કરીને ટેરર ફંડિંગના મુદ્દે પાકિસ્તાને કરેલા ખુલાસાને આ સંસ્થાએ સ્વીકાર્યો નહોતો અને વધુ કેટલાક મુદ્દાની સ્પષ્ટતા માગી હતી.

એ મુદ્દાનો જવાબ ન આપે તો પાકિસ્તાન ગ્રે લિસ્ટમાં મૂકાઇ જવાની ભીતિ હતી. આ મુદ્દે પાકિસ્તાન ક્યારનું અકળાઇ રહ્યું હતું.

આ અઠવાડિયે એટીએફએની એક બેઠક ચીનમાં યોજાઇ છે જેમાં ચીને પાકિસ્તાનની ભેર તાણી હતી. એના પ્રયાસો સફળ થઇ જાય તો આવતા મહિને પાકિસ્તાન ગ્રે લિસ્ટની બહાર આવી શકે છે એમ ભારતીય અધિકારીઓએ કહ્યું હતું.

ફ્રાન્સના પેરિસમાં વડું મથક ધરાવતા ફાયનાન્શિયલ એક્શન ટાર્સ ફોર્સ નામની આ સંસ્થા આતંકવાદ માટે ફાળવાતા નાણાંને કાબુમાં રાખવા માટે નજર રાખતી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે ચીન આ સંસ્થાનું અધ્યક્ષ છે અને આ સંસ્થાને યુનોની સિક્યોરિટી કાઉન્સિલનો સાથ સહકાર મળે છે.

બીજિંગમાં ચાલી રહેલી એફટીએએફની બેઠકમાં પાકિસ્તાન વતી રજૂઆત કરવા પાકિસ્તાનના આર્થિક બાબતોના પ્રધાન હમ્માદ અઝહરની આગેવાની હેઠળનું એક પ્રતિનિધિ મંડળ બીજિંગ ગયું હતું.

આમ કરવાથી એનસીપીના નેતાઓ પર કોઇ જ ફરક નહીં પડે : નવાબ મલિક

એનસીપી સુપ્રિમો શરદ પવારની દિલ્હી સ્થિત ઘરની સુરક્ષામાં ઘટાડો

મુંબઇ

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારના નવી દિલ્હી સ્થિત ઘર પર કેન્દ્રે સુરક્ષામાં ઘટાડો કર્યો છે. પવારના ઘરેથી એકાએક સુરક્ષા પરત ખેંચવાને પગલે એનસીપીએ કેન્દ્ર દ્વારા બદલાની ભાવનાથી રાજકારણ કરવામાં આવતું હોવાનો આક્ષેપ કર્યો છે.

મહારાષ્ટ્રના મંત્રી અને એનસીપીના મુખ્ય પ્રવક્તા નવાબ મલિકે જણાવ્યું હતું કે, એનસીપીના નેતાઓ આનાથી સહેજ પણ ગભરાશે નહીં અને તેમને કોઇ ફરક નથી પડતો. પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સામે પક્ષની લડત ચાલુ રહેશે.

એનસીપી પ્રવક્તાના મતે રાજ્યસભાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શરદ પવારને દિલ્હીમાં 'વાય' શ્રેણીની સુરક્ષા મળેલી છે. શરદ પવારના દિલ્હીના નિવાસ સ્થાન ૬ જનપથ ખાતેના સુરક્ષા જવાનો ૨૦ જાન્યુઆરીથી ફરજ પર હાજર રહ્યા નથી. આ અંગે કેન્દ્ર તરફથી પણ કોઇ પૂર્વ જાણકારી આપવામાં આવી નથી. કેન્દ્ર સરકાર દ્વારા આ રીતે બદલાનું રાજકારણ કરવામાં આવી રહ્યું છે. તેમને લાગે છે કે આમ કરવાથી એનસીપીના નેતાઓ ડરી જશે. જો કે આ તેમનો ભ્રમ છે. દરમિયાન મંત્રી જયંત પાટિલે પણ આ ઘટનાને મહારાષ્ટ્રમાં ભાજપ સત્તામાંથી બહાર ફેંકાયું તેની સાથે સરખાવી હતી. ભાજપે મહારાષ્ટ્રમાં હારનો સ્વાદ ચાખતા તેણે દિલ પર લઇ લીધું અને હવે તે વેરની ભાવના સાથે વર્તન કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ૭૯ વર્ષીય પવાર મહારાષ્ટ્રમાં 'ઝેડ પ્લસ' સુરક્ષા ધરાવે છે જ્યારે દિલ્હીમાં તેમને વાય શ્રેણીની સુરક્ષા પુરી પાડવામાં આવી છે.

મુશ્કેલીના સમયમાં સાથ આપવા બદલ પાકિસ્તાન ચીનનું હંમેશા આભારી રહેશેઃ ઇમરાન ખાન

દાવોસ

ચીન-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોર (CPEC)ની અમેરિકાએ આકરી ટીકા કરી હતી. પરંતુ પાકિસ્તાન ફરી એકવાર પોતાના ખાસ મિત્ર ચીનને બચાવવા દોડી આવ્યું છે. પાકિસ્તાનના વડાપ્રધાન ઇમરાન ખાને સીપીઇસી પાકિસ્તાન માટે દેવાનો ડુંગર હોવાના અમેરિકા મંતવ્યને ફગાવી દીધું છે. ખાને કહ્યું હતું કે, મુશ્કેલીના સમયમાં સાથ આપવા બદલ પાકિસ્તાન ચીનનું હંમેશા આભારી છે.

ઇમરાન ખાને સીપીઇસીનું સમર્થન કરતા કહ્યું હતું કે, પાકિસ્તાન, ચીનનું આભારી છે કારણ કે તેને મુશ્કેલ સમયમાં રોકાણ કરીને અમારી મદદ કરી. અમે તે સમયે અત્યંત ખરાબ હાલતમં હતાં, ત્યારથી ચીનનીએ સરકાર આગળ આવી અને અમને ઉગાર્યા. ઇમરાન ખાને દાવોસમાં એક અમેરિકી ચેનલ સાથેની વાતચીતમાં આમ કહ્યું હતું.

સીપીઇસી ચીનની મહત્વાકાંક્ષા બેલ્ટ એંડ રોડ ઇનિશેટિવનો ભાગ છે જેને લઇને તમામ નિષ્ણાંતો ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે. નિષ્ણાંતોનું માનવું છે કે, આ પ્રોજેક્ટના કારણે પાકિસ્તાન ચીનના દેવા હેઠળ દબાઇ જશે. જોકે આ વાતને ઇમરાન ખાને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, પાકિસ્તાનનું કુલ દેવુ ચીનના દેવાનો માત્ર ૫ કે ૬ ટકા ભાગ જ છે. સાથે જ તેમણે કહ્યું હતું કે, સીપીઇસી જુદા જુદા ક્ષેત્રોમાં યોગદાન આપે છે. તેમાં કૃષિ ક્ષેત્રે ટેક્નોલોજી ટ્રાંસફરનો પણ સમાવેશ થાય છે. ચીનના રોકાણના કારણે અમે અન્ય દેશોને પણ રોકાણ માટે આમંત્રીત કરી ચુક્યા છીએ. અમે આ પરિયોજનાના કારણે જ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ)ની સ્થાપના કરવા જઇ રહ્યું છે.

હાઇ-વેના પ્રોજેક્ટોમાં વિલંબ નહીં ચાલેઃ ગડકરી

ન્યુ દિલ્હી

રોડ ટ્રાંસપોર્ટ અને હાઇવે પ્રધાન નીતિન ગડકરીએ પોતાના અધિકારીઓ અને ડેવલપરોને સખત શબ્દોમાં તાકીદ આપતા જણાવ્યું હતું કે હાઇવેના પ્રોજેક્ટોમાં વિલંબ નહીં ચાલે.

જે પ્રોજેક્ટમાં વિલંબ થયો છે, એ અને અન્ય રૂપિયા ત્રણ લાખ કરોડના પ્રોજેક્ટોની સમીક્ષા કર્યા બાદ એમણે ઉપરોક્ત તાકીદ કરી હતી.

એમણે વધુમાં જણાવ્યું હતું કે આંતર-મંત્રાલય સંબંધી કોઇપણ સમસ્યા સંબંધી જાણકારી મંત્રાલયને જણાવવી જેથી સમસ્યાનું ત્વરિત સમાધાન થઇ શકે.

તમિળનાડુ, ગુજરાત, કેરળ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, પુડુચેરી, તેલંગણા, છત્તીસગઢ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ સહિતના દક્ષિણ અને મધ્ય ઝોનની યોજનાઓની એમણે ગુરુવારે સમીક્ષા કરી હતી.

ઝડપથી કામ આગળ વધે એ માટે ગુરુવાર અને શુક્રવારે રૂપિયા ત્રણ લાખ કરોડના ૫૦૦ હાઇવે પ્રોજેક્ટોની સમીક્ષા કરવામાં આવશે.

રાજ્ય કક્ષાના રોડ ટ્રાંસપોર્ટ અને હાઇવે પ્રધાન વી. કે. સિંહની સાથે ગડકરીએ 'ગતિ' નામના વેબ પોર્ટલની શરૂઆત કરી હતી. આ પોર્ટલને નેશનલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એનએચએઆઇ)એ 'પ્રગતિ'ની જેમ બનાવી છે. ગડકરી જાતે આ પોર્ટલ પર નજર રાખશે.

ટાટા સન્સ-સાયરસ મિસ્ત્રી કેસઃ સુપ્રીમે NCLATના આદેશ પર સ્ટે ઓર્ડર મૂક્યો

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે ટાટા સન્સ અને સાયરસ મિસ્ત્રીના કેસમાં રજિસ્ટાર ઓફ કંપનીઝની અપીલ ફગાવી દઇ નેશનલ કંપની લો એપલેટ ટ્રિબ્યૂનલના આદેશ ઉપર આજે શુક્રવારે સ્ટે ઓડર મૂકી દીધો છે. કંપનીઝ રજિસ્ટારે ટાટા સન્સ અને સાયરસ મિસ્ત્રીના કેસમાં નેશનલ કંપની લો એપલેટ ટ્રિબ્યૂનલના આદેશમાં સંશોધન કરવા માટેની અરજી દાખલ કરી હતી. ન્યાયાદીશ બીઆર ગવઇ અને ન્યાયાધીશ સૂર્યકાંતની ખંડપીઠે ટાટા સન્સ પ્રાઇવેટ લિમિટેડની અપિલ પર સુનાવણી હાથ ધરવા સહમતી દર્શાવી છે.

ખંડપીઠે સંબંધિત પક્ષોને આ મુદ્દે નોટિસ મોકલી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તેઓ નેશનલ કંપની લો એપલેટ ટ્રિબ્યૂનલના ચુકાદાની વિરુદ્ધ ટાટા સન્સ દ્વારા દાખલ મુખ્ય અરજીની સાથે જ આ કેસની સુનાવણી કરશે. આ પહેલા સુપ્રીમ કોર્ટે સાયરસ મિસ્ત્રીને ફરીથી ટાટા સન્સના ચેરમેન બનાવવાના નેશનલ કંપની લો એપલેટ ટ્રિબ્યૂનલના આદેશ ઉપર ૧૦ જાન્યુઆરી સુધી સ્ટેટ મૂક્યો હતો.

૨૬મીએ "ભરૂચ રત્ન" પુરસ્કાર કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવશે હોલીવુડ અભિનેત્રી મેરી લૂઇસ

ગાંધીનગર

હોલીવુડની જાણીતી એકટ્રેસ અને મોડેલ મેરી લૂઇસ ગૌવ્સ ગુજરાતના આંગણે પધાર્યા છે. ગુજરાતથી હજારો કિ.મી. દૂર રહેનાર આ સોહામણી એકટ્રેસ ભરૂચરત્ન પુરસ્કાર કાર્યક્રમમાં ખાસ હાજર રહેવા માટે ગુજરાત આવ્યાં છે. એક રીતે જોતાં હોલીવુડની કોઇ અભિનેત્રીએ ગુજરાતના આ પ્રકારના સામાજિક કાર્યક્રમમાં હાજરી આપી હોય તેવું કદાજ પહેલીવાર બન્ય હશે. આ સોહામણી અભિનેત્રીએ ૩ વર્ષની ઉંમરે અભિનયનો પ્રારંભ કર્યો હતો. આજે તે એક સફળ અભિનેત્રીની સાથે એક આકર્ષક મોડેલ પણ છે.

૨૬ જાન્યુઆરીના રોજ ભરૂચમાં દેશની જાણીતી મલ્ટી લેંગ્વેજ વાયર ન્યૂઝ એજન્સી જીએનએસ અને સહારા મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગરવી ગુજરાતના ભરૂચ શહેરના વતની કે જેમણે દેશ વિદેશમાં ભરૂચ અને ગુજરાતનું નામ રોશન કર્યું છે તેવા ખમીરવંતા અને ગૌરવશાળી ભરૂચીઓને "ભરૂચ રત્ન" એવોર્ડ-૨૦૨૦થી સન્માનવાનો એક ભવ્ય અને જાજરમાન જાહેર કાર્યક્રમ ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનના રોજ ભરૂચ ખાતે પંડિત ઓમકારનાથ કલાભવન ખાતે રાત્રે ૮ કલાકે યોજવામાં આવ્યો છે. જેમાં મેરી લૂઇસ પણ શોભામાં રંગારંગ અભિવૃધ્ધિ કરશે.

હિંસા ફેલાવનારાઓ સામે પગલાં લેવામાં આવેઃ ૧૫૪ લોકોની રાષ્ટ્રપતિને અપીલ

ન્યુ દિલ્હી

નાગરિકતા સંશોધન કાયદાની વિરુદ્ધ હિંસક દેખાવોને લઈને ૧૫૪ લોકોએ શુક્રવારે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને અપીલ કરી. આ અપીલ કરનારાઓમાં પૂર્વ જજ, બ્યુઅરક્રેટ અને આર્મી અધિકારીઓ સામેલ છે. આ લોકોએ રાષ્ટ્રપતિને કહ્યું કે દેખાવો દરમિયાન હિંસા ફેલાવનારાઓ પર પગલા લેવામાં આવે. આ લોકોએ રાષ્ટ્રપતિને કહ્યું કે જે લોકોએ દેખાવોના નામે હિંસા ફેલાવી છે, તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી જોઈએ અને લોકતાંત્રિક સંસ્થાઓની રક્ષા થવી જોઈએ. પૂર્વ જજ અને કેન્દ્રીય એડમિનિસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલના ચેરમેન પ્રમોદ કોહલી એક પ્રતિનિધિમંડળની સાથે રાષ્ટ્રપતિને મળવા પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે વિવાદિત નાગરિકતા કાયદાને લઈને જે ભડકાવવાને કારણે થયા હતા. લોકસભા અને રાજ્યસભામાં પાસ થયા બાદ રાષ્ટ્રપતિએ નાગરિકતા સંશોધન બિલને ૧૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ મંજૂરી આપી હતી, બાદમાં તે કાયદો બની ગયો હતો. આ અંતર્ગત પાકિસ્તાન, બંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી ભારત આવેલા હિન્દુ, શીખ, ઈસાઈ, જૈના, બૈદ્ધ અને પારસી શરણાર્થીઓને નાગરિકતા આપવાની જોગવાઈ છે.

અસહિષ્ણુ ભારત
પહેલા પાનાથી ચાલુ

મેગેઝિનના કવરને લઈને ભાજપના અનેક નેતાઓએ તેની ટીકા કરી છે. ભાજપના નેતા વિજય ચોથાઈવાલેએ મેગેઝિનને અંહકારી અને તુચ્છ માનસિકતા વાળુ ગણાવ્યું છે. મહત્વનું છે કે, ધ ઈકોનોમિસ્ટ ગ્રુપના ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યૂનિટે ચાલુ સપ્તાહે જ ગ્લોબલ ડેમોક્રેસી ઈન્ડેક્સનું લિસ્ટ જાહેર કર્યુ હતું, જેમાં ભારત ૧૦ સ્થાન પાછળ ધકેલાઈને ૫૧માં સ્થાન પર પહોંચ્યું હતું. આ લિસ્ટ અનુસાર ૨૦૧૮માં ભારતનો અંક ૭.૨૩ હતો, જે ૨૦૧૯માં ઘટીને ૬.૯૦ રહી ગયો.

જો ટ્રાફિક
પહેલા પાનાથી ચાલુ

છે, જેના હેઠળ એક દિવસમાં જ ૨૯ લોકો પર કેસ દાખલ કરવામાં આવ્યા છે. લુધિયાણાના પોલીસ કમિશ્નર રાકેશ અગ્રવાલના જણાવ્યા પ્રમાણે ટ્રાફિકની સમસ્યા લુધિયાણામાં મોટી સમસ્યા છે, જેને ધ્યાનમાં પોલીસે હવે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનાર સખત કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો છે.

વારંવાર ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને પાસપોર્ટ અને હથિયાર ઉપરાંત લાઈસન્સ રદ કરવામાં આવી શકે છે.

ચીનમાં કોરો
પહેલા પાનાથી ચાલુ

નેશનલ હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે. જો કે લોકસભા સાંસદ એન્ટો એન્ટનીએ સાઉદી અરબમાં ભારતીય દૂતાવાસના એક વોલિન્ટિઅરની સાથે સાઉદી અરબની હોસ્પિટલમાં દાખલ નર્સના ખબર અંતર પૂછ્યા હતા.

તેમણે કહ્યું કે તેઓ કોરોના વાયરસથી મુક્ત છે અને તેમને જનરલ વોર્ડમાં શિફ્ટ કરાઈ ચૂકયા છે. બાદમાં સાઉદી અરબના ડૉકટરે પણ ટ્વીટ કરી પુષ્ટિ કરી કે કેરળના આ નર્સ MERS-CoVથી પીડિત છે, નહીં કે કોરોના વાયરસથી. જોકે બીજી ૧૦૦ નર્સોની હજુ પણ તપાસ ચાલી રહી છે.

કેરળમાં એરપોર્ટ પર પૂરતો બંદોબસ્ત કરી લેવાયો છે. દિલ્હી, મુંબઈ, કોલકત્તાના એરપોર્ટ પર ચેકિંગનો ચાપતી વ્યવસ્થા કરાઈ છે. ચીનમાં ભારતીય દૂતાવાસે કહ્યું કે સ્થિતિ પર તેઓ ગંભીરતાથી નજર રાખી રહ્યા છે. તેમણે બે હેલ્પલાઈન નંબર્સ પણ રજૂ કર્યો છે.

ચીનના વુહાન શહેરથી કોરોના વાયરસ ફેલાવાનું શરૂ થયું અને હવે તે પાડોશી સિંગાપુર અને વિયેતનામ સુધી પહોંચી ગયો છે. ચીનમાં આ વાયરસથી મૃત્યુ પામનારાની સંખ્યા ૨૫ પહોંચી છે.

છત્તીસગઢ
પહેલા પાનાથી ચાલુ

સંભળાવ્યો હતો. નોંધનીય છે કે હિટલરના ભાષણના કેટલાક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે.

તેમાંથી એક વીડિયોમાં તેમના ભાષણ નીચે અંગ્રેજી સબટાઈટલ્સ પણ આપવામાં આવ્યું છે જે સોશિયલ મીડિયામાં વાયવુગે વાયરલ થઈ રહ્યું છે. આ ભાષણમાં હિટલરે કહ્યું હતું કે 'તમારે લોકોએ જેટલી પણ ગાળો આપવી હોય તે મને આપો પણ જર્મનીને ગોળો ન આપશો.' જોકે, કેટલીક વેબસાઈટ્સ હિટલરના આ વીડિયોને ખોટો ગણાવી રહ્યા છે.

કાશ્મીર સહિત
પહેલા પાનાથી ચાલુ

નોંધાયો હતો. કેન્દ્ર શાસિક પ્રદેશ લેહ લદ્દાખમાં પણ માઈનસ ૨૦.૧ ડિગ્રી સુધી તાપમાન નીચું જતા સ્થિતિ કપરી બની હતી. આ ઉપરાંત ઉત્તરમાં સૌથી ટોચના સ્થળ દ્રાસમાં તાપમાનનો પારો ગગડીને -૩૦ ડિગ્રી રહ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આગામી થોડા દિવસો સુધી ખીણ વિસ્તારમાં હળવા વરસાદી ઝાપટા પડવાની તેમજ બરફવર્ષા થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

જમ્મુ-કાશ્મીરમાં ઠંડા પવનો સાથે બરફવર્ષાને પગલે સમગ્ર ઉત્તર ભારતમાં પણ તાપમાન નીચું ગયું હતું. આગામી સમયમાં દેશમાં ઠંડીના વધુ એક રાઉન્ડ માટે લોકોને તૈયારી રાખવી પડશે.

ચૂંટણી કાર્ડ
પહેલા પાનાથી ચાલુ

લગાવતા આ કવાયત બંધ કરી દેવામાં આવી હતી. જોકે, ચૂંટણી પંચે આ પહેલા જ આધાર સાથે ૩૮ કરોડ વોટર આઇડ કાર્ડ લિંક કરી દીધા હતા. ઓગસ્ટ ૨૦૧૯માં ચૂંટણી પંચે કાનૂન સચિવને એક પત્ર લખીને જનપ્રતિનિધિ કાયદો ૧૯૫૦ અને આધાર અધિનિયમ ૨૦૧૬માં સંશોધન માટે પ્રસ્તાવ આપ્યો હતો. જેનાથી મતદાર યાદીમાં પણ ગરબડથી બચી શકાય. જનપ્રતિનિધિત્વ કાનૂનના પ્રસ્તાવિત સંશોધન પ્રમાણે, ઈલેક્ટ્રોરલ રજિસ્ટ્રેશન ઑફિસર મતદાતાઓ પાસે મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે તેમની પાસે આધાર નંબર માંગી શકે છે.

વિરમગામ ખાતે પુરવઠા મામલતદાર દ્વારા દિવ્યાંગોને અંત્યોદય કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો



ગાયત્રી મંદિર ખાતે દિવ્યાંગોને વિરમગામ પુરવઠા મામલતદાર જી એમ ગોહીલ દ્વારા અંત્યોદય કાર્ડ આપવામા આવ્યા

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

અમદાવાદ જીલ્લાના વિરમગામ સેવાસદન રોડ પર આવેલ ગાયત્રી મંદિર ખાતે ૨૩ જાન્યુઆરી ગુરૂવારના રોજ વિરમગામ શહેરના ૭૧ દિવ્યાંગોને વિરમગામ પુરવઠા મામલતદાર જી એમ ગોહીલ દ્વારા અંત્યોદય કાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબ ઓફ વિરમગામ ના પ્રમુખ હરિવંશ શુકલ, ટાઉન ક્લબ ઓફ વિરમગામના પ્રમુખ મહેશ પટેલ, સામાજિક કાર્યકર બીરજુ ગુપ્તા, દિવ્યાંગ તેમજ સામાજિક કાર્યકર હિતેશભાઈ દરબાર, દિલીપભાઈ મહેતા, પૂર્વ પુરવઠા મામલતદાર હરિઓમભાઈ જાની, દશરથભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા પુરવઠા અધિકારીના સહયોગથી પુરવઠા મામલતદાર જી એમ ગોહીલ દ્વારા ૭૧ અંત્યોદય કાર્ડ આપવામાં આવ્યા હતા. દિવ્યાંગોને અંત્યોદય કાર્ડદર માસે ૨૫ કિલો ઘઉં,૧૦ કિલો ચોખા , ૩૦૦ ગ્રામ ખાંડ, કેરોસીન સહિત ગંભીર બિમારીઓમાં સરકાર તરફથી મફત સારવાર આપવામાં આવે છે. સામાજિક કાર્યકર હિતેશભાઈ દરબાર, દિલીપભાઈ મહેતા એ દરેક વિકલાંગોના ઘરે ઘરે ફરી ડોક્યુમેન્ટ્સ ફોર્મ ભેગા કરી પુરવઠા મામલતદારને પહોંચાડ્યા હતા. આ પ્રસંગે સ્ટેજ પર ઉપસ્થિત પુરવઠા મામલતદાર સહિતનાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

રીક્ષામાં પેસેન્જરને બેસાડી લુંટ ચલાવતી ટોળકી ઝડપાઈ, પની ધરપકડ

અમદાવાદ

રબારી કોલોનીમાં રહેતા દિનેશ રામપ્રસાદ નામનો મધ્યપ્રદેશનો યુવક છેલ્લા ઘણા સમયથી જીયો કંપનીના ટાવરોમાં ઈલેકટ્રીકનું કામ કરે છે. ધંધુકા પાસે આવેલા એક ગામમાં જીયોના કામ ચાલતુ હોવાથી રાત્રે તે કામ પતાવી કારમાં સહ કર્મચારીઓને લઈ અમદાવાદ આવવા નીકળ્યો હતો. દિનેશ અને તેના બે સાથીદારો અનુપ જોષી અને મહેન્દ્ર જોષીને વિશાલા ચાર રસ્તા પાસે ઉતર્યા હતાં. વિશાલા સર્કલથી તેઓ શટલ રીક્ષામાં બેસીને નારોલ જવા નીકળ્યા હતાં. અગાઉથી જ રીક્ષા ચાલક ઉપરાંત ચાર પ્રવાસીઓ બેઠેલા હતા આ રીક્ષામાં બેઠેલા ત્રણ શખ્સો આગળ ચાલકની સીટ પર ગોઠવાઈ ગયા હતા જ્યારે દિનેશ, અનુપ અને મહેન્દ્ર પાછળની સીટ પર બેઠા હતાં રીક્ષા શાસ્ત્રીબ્રિજના છેડે પહોચે ત્યારે અચાનક જ ચાલકે રસ્તાની સાઈડમાં અંધારામાં ઝાડીની પાસે ઉભી રાખી હતી

જેથી દિનેશે સવાલ પુછતા રીક્ષામાં બેસેલા પાંચેય શખ્સોએ તેને ધમકી આપી હતી અને તીક્ષ્ણ ધારવાળુ ચપ્પુ કાઢયુ હતું. ચપ્પુ જાઈ દિનેશ ગભરાઈ ગયો હતો જયારે બાકીના ચાર શખ્સોએ આ ત્રણેય યુવકોના ખિસ્સામાંથી રૂપિયા અને મોબાઈલ ફોન લુંટવાનો પ્રયાસ કર્યો હતો. પાંચેય લુંટારુઓ ત્રણેય યુવકોને લુંટવાનો પ્રયાસ કરતા હતા તે દરમિયાન અચાનક જ પાછળથી પોલીસની જીપ આવતા લુંટારુઓ એલર્ટ થઈ ગયા હતા અને આ ત્રણેય યુવકોને બળજબરીપૂર્વક રીક્ષામાં બેસાડી ધમકી આપી હતી કે જા બુમાબુમ કરી તો જાનથી મારી નાંખીશ. પોલીસે પણ આ રીક્ષાનો પીછો કરી થોડે દુરથી આંતરી લીધી હતી અને લુંટારુઓના ચુંગલમાંથી ત્રણેય યુવકોને છોડાવી લીધા હતાં. પોલીસે રીઝવાન પઠાણ (ઉ.વ.૨૧,રહે. હુસેનીબાગ વિશાલા), મુસ્તુફા પઠાણ (ઉ.વ.૨૯), સમીર શેખ (ઉ.વ ૨૨), આદીલ દરબાર (ઉ.વ: ૨૨) અને નદીમ શેખ (તમામ રહે. સંકલિતનગર જુહાપુરા)ની ધરપકડ કરી છે.

ભ્રષ્ટાચારનો ફુગ્ગો ફુટ્યો...માત્ર ૬ વર્ષ પહેલા બનેલો ખારી નદીનો પુલ વળી ગયો

મહેસાણા

ભ્રષ્ટાચારનો ભરડો દિવસને દિવસે વધી રહ્યો હોય તેમ લાગે છે. મહેસાણા બાયપાસ હાઈવે પર ખારી નદીનો પુલ કે જે માત્ર ૬ વર્ષ પહેલા જ હજુ તો બન્યો હતો તે વળી ગયો છે. પુલ વળી જતા હાલ વાહન વ્યવહાર બંધ કરી દેવાયો છે. ચોંકાવનારી વાત તો એ છે કે આ પુલમાં ભ્રષ્ટાચાર થયો એમ કહેવું કે ભ્રષ્ટાચારનો પુલ કહેવો મુશ્કેલ છે. શરૂઆતથી વિવાદમાં રહેલ બાયપાસની કામગીરીમાં ફરી એકવાર ભ્રષ્ટાચારનો ફુગ્ગો ફુટ્યો છે.

મળતી માહિતી મુજબ મહેસાણા બાયપાસ હાઈવે પર ખારી નદી પર પુલ વળી ગયો છે. આ પુલ ૬ વર્ષ પહેલા જ બન્યો હતો. પુલ વળી જવા અંગે આર એન્ડ બીએ એવું કારણ આપ્યું કે ભારે વાહનોના કારણે આ પુલ વળી ગયો છે. હાલ પુલના સમારકામના પગલે પુલ પર વાહન વ્યવહારને બંધ કરી દેવાયો છે. ભારે વાહનો સિટી તરફ ડાઈવર્ટ કરાતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા છે. અહીં વાત એ નોંધવા જેવી છે કે માત્ર ૬ વર્ષ પહેલા બનેલો આ પુલ આ રીતે વળી કેવી રીતે ગયો? પુલની આવી હાલત કઈ રીતે થઈ ગઈ? કોણ આ માટે જવાબદાર?

મિસફાયર થતાં સીઆરપીએફનાં જવાનનું ઓનડ્યુટી મોત

કેશોદ

કેશોદના ડેરવાણ ગામનો સીઆરપીએફ જવાનનું મોત થતા પરિવારમાં શોક છવાઈ ગયો છે. જણાવીએ કે આ જવાનનું મોત મુંબઈમાં ઓન ડ્યુટી વખતે થયું છે. આ જવાન જ્યારે ઓન ડ્યુટી હતા ત્યારે આકસ્મિક રાઈફલમાંથી ગોળી વાગી જતાં જવાનનું ઘટના સ્થળે મોત નીપજ્યું છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા પાંચ વર્ષથી જવાન બકોત્રા દેવદાનભાઈ સીઆરપીએફમાં ફરજ બજાવતા હતા. આપને જણાવી દઈએ કે જવાનમાં બે વર્ષ પહેલા જ લગ્ન થયા હતા અને તેમને એક દોઢ વર્ષનો પુત્ર પણ છે.

મહત્વનું છે કે મૃતક જવાનના પાર્થિવ દેહને તેમના વતન ડેરવાણ ખાતે લાવવામાં આવશે. આ જવાનના મોતને પગલે પરિવારજનો સાથે સાથે ગામમાં પણ માતમનો માહોલ છવાયો છે.

નીતિન પટેલે રાજકોટમાં ફ્લાવર શોને ખુલ્લો મુક્યો, ૨૦ રૂપિયા ટિકિટથી લોકોમાં રોષ

રાજકોટ

મહાનગરપાલિકાએ માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ પાસેના ગાર્ડનમાં ફ્લાવર શોનું આયોજન કર્યું છે. જેનું શુક્રવારે સવારે ૯ વાગે નાયબ મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ ફ્લાવર શોમાં ૭૦ પ્રકારના ફૂલછોડનો નજારો જોવા મળશે. ફ્લાવર શોમાં ૨૦ રૂપિયા ટિકિટ રખાતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ફ્લાવર શોમાં ૭૦ પ્રકારના ફૂલછોડનો નજારો જોવા મળશે તેમજ ફ્લાવર ડોલ, મોર, ઘડો, હાર્ટ સાઈન, હેંગિંગ બાસ્કેટ, હેંગિંગ પોર્ટ સહિતના આકર્ષણ રાખવામાં આવ્યા છે. મેયર બિનાબેન આચાર્યએ જણાવ્યું હતું કે, ફ્લાવર શોમાં વિવિધ પ્રકારના આકર્ષણ હયાત ચીજવસ્તુઓ વગેરેને ધ્યાને રાખી કરવામાં આવી રહ્યો છે. અંદાજે ૭૦ પ્રકારના ફૂલછોડ, ફોલીયેઝ (રેઈનબોઈફેક્ટ) પ્લાન્ટસ સર્કસ, હેંગિંગ પ્લાન્ટસ, ફ્લાવર્સના પિલર વગેરેથી સુશોભન કરવામાં આવ્યું છે. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે ચરખો કાંતતા ગાંધીજી, મીઠાનો સત્યાગ્રહ, દાંડીકૂચ, મહાત્મા ગાંધીના આફ્રિકાના પ્રવાસના સ્કલપચર્સ સાથોસાથ આયુર્વેદાન (હનુમાનજીની પ્રતિમા), ફ્લાવર ડોલ, હાર્ટ, મોર, કુંભ, હાર્ટ સાઈન, સાઈકલ ફ્લાવર્સથી સુશોભન, હેંગિંગ બાસ્કેટ, હેંગિંગ પોર્ટ વગેરે રાખવામાં આવ્યા છે. ફ્લાવર શો સવારે ૯થી ૧ અને બપોરે ૩થી રાતના ૧૦ વાગ્યા સુધી ખુલ્લો રાખવામાં આવશે.

બે ટ્રક વચ્ચે અકસ્માત થતા ક્લિનરનું મોત નીપજ્યું

વડોદરા

વડોદરા શહેર નજીક આવેલી કપુરાઈ ચોકડી પાસે બે ટ્રક વચ્ચે અકસ્માત થતાં એક વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વડોદરા શહેર નજીક આવેલ કપુરાઈ ચોકડી પાસે હાઈવે પર ગુરૂવારે મોડી રાત્રે એક ટ્રક રોડ પર ઉભો હતો. ત્યારે પાછળથી બીજા ટ્રકે ટક્કર મારતા અકસ્માત થયો હતો. જેમાં ટ્રકના ક્લિનરનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ટ્રકનો ડ્રાઈવર ટ્રકમાં ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયરબ્રિગેડના જવાનો અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને ૩ કલાકની ભારે જહેમત બાદ ફસાયેલા વ્યક્તિને સહીસલામત રીતે બહાર કાઢી તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. અકસ્માતને પગલે ઘટના સ્થળે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિક પોલીસે આ બનાવને પગલે અકસ્માત મોતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ-દિલ્હી વચ્ચે ૨૬ જાન્યુઆરી સુધી રેલવે પાર્સલ સેવા બંધ

અમદાવાદ

૨૬ જાન્યુઆરીને લઈ દેશભરમાં એલર્ટ આપવામાં આવ્યું છે. ધાર્મિક સ્થળ જાહેર સ્થળોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. ત્યારે દિલ્હીની પાર્સલ સેવાની પણ બંધ કરવામાં આવી છે. અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનીથી રોજના ૨૦ થી ૨૨ ટન પાર્સલ દિલ્હી જાય છે. સેવા બંધ થતાં આગામી ત્રણ દિવસ સુધી પાર્સલ દિલ્હી નહીં જાય. એટલું જ નહીં દિલ્હીથી આવતા પાર્સલોની સેવા પણ બંધ રાખવામાં આવી છે. સુરક્ષાને કારણે પાર્સલ સેવા બંધ છે. જોકે, ૨૪ થી ૨૬ જાન્યુઆરીના પાર્સલ પહેલાથી જ બુક કરવામાં આવ્યા નથી. ત્રણ દિવસ પાર્સલ બુકિંગની સેવા પણ બંધ રહેશે.

અંધશ્રદ્ધા નિવારણ ક્ષેત્ર કામગીરી કરનાર લોકોનો સન્માન સમારંભ

સવારે ટંકારામાં યોજાશે સન્માન સમારંભ

અમદાવાદ

રાજ્યમાં ભારત જન વિજ્ઞાન જાથા છેલ્લા ૩૦ વર્ષથી વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સાથે અંધશ્રદ્ધા નિર્મૂલનની કામગીરી મીશનથી કરે છે. આ સંસ્થાની કામગીરીની નોંધ દેશ-વિદેશના વર્તમાનપત્રો તથા રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય ચેનલોએ કરી લોકોને માહિતગાર કર્યા છે. યુ.કે. ચેનલ ૪ અને ૫ ની ટીમ રાજકોટ–ગુજરાતમાં આવી સંસ્થાના હોદેદારોને સાથે સ્થળ ઉપર કવરેજ કરી લોકોને અભિમુખ કર્યા છે. જાથા દ્વારા સન્માન કરનાર શ્રેષ્ઠીઓની નોંધ સમગ્ર ભારતમાં થાય છે. ગૌરવ સાથે માનવતાલક્ષી પ્રવૃત્તિઓનું બિરૂદ મળે છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે તા. ૨૫ મી શનિવાર સવારે અગિયાર કલાકે દયાનંદ સરસ્વતી હોલ, આર્ય વિદ્યાલયમ, ટંકારા ખાતે ભવ્ય સન્માન રાજયના એડી. ડી.જી.પી. ડૉ. વિનોદકુમાર મલ્લના હસ્તે બહુમાન થવાનું છે તેમાં માવજીભાઈ દલસાણીયા, ભગવાનજીભાઈ ભીમાણી, દેવજીભાઈ પડસુંબીયા, રજનીભાઈ મોરસાણીયા, મેહુલભાઈ કોરીગા, કાર્તિક બાવીસી (વલસાડ), મનીષભાઈ કોરીંગા, હસમુખભાઈ દુબરીયા ટંકારા, પૃથ્વીસિંહ ચુડાસમા સરપંચ લાઠ, વિનોદભાઈ વામજા ઉપલેટા, ભરતભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, ધીરજકુમાર ચૌહાણ ખારોડ (વિજાપુર), ચંદ્રકાંતભાઈ મંદિર રાજકોટ, રૂચિર કારીઆ મોરબી, અલ્પેશ કોઠીયા સરપંચ પીપળીયા (મોરબી), કચ્છ એસ. એમ. બાવા અંજાર, કચ્છી મગનભાઈ પટેલ સુરત, દધિચી મહેતા ભાવનગર, પ્રોફે. ડૉ. ઈરોઝ વાઝા, પ્રોફે. ડૉ. યશવંતભાઈ ગોસ્વામી, પ્રોફે. ડૉ. શાંતીભાઈ રાબડીયા, રાજયના સર્વોત્તમ શ્રેષ્ઠીઓનું બૌદ્ધિકોની હાજરીમાં બહુમાન થવાનું છે.

અમારી સરકારમાં કોઈ હનુમાન નથી, બધા રામ છે : નીતિન પટેલ

મધુભાઈ અમારા સંનિષ્ઠ ધારાસભ્ય છેઃ મહેસૂલ મંત્રી

અમદાવાદ

વાઘોડીયાના ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવની રાજીનામાંની ચીમકીના મુદ્દે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, મહેસૂલ મંત્રી કૌશિક પટેલ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મધુ શ્રીવાસ્તવની નારાજગી પ્રજાના પ્રશ્ન માટે હોય શકે છે, તેઓ બચાવ કરીને મધુ શ્રીવાસ્તવને સમજાવવા, મનાવવા અને ભાજપમાં એકતા હોવાનું નિવેદન આપ્યું હતું. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે-કેતન ઈનામદારની જેમ મધુ શ્રીવાસ્તવની નારાજગી પણ દૂર કરવામાં આવશે. તેમનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે.

નીતિન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, જો કોઈ નારાજ થતા નથી, દરેક ધારાસભ્ય પોતાના મત વિસ્તારમાં મનગમતા કામ કરવા માંગતા હોય છે. જે માટે તેઓ સંબધિત અધિકારીઓ પાસે માંગ પણ કરતા હોય છે. સિંચાઈ વિભાગમાં મધુશ્રી વાસ્તવ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના આદેશ અનુસાર સરકાર મંજૂરી આપવા કટિબદ્ધ છે. અમારી સરકારમાં કોઈ હનુમાન નથી બધા રામ છે. સરકાર પાસે બધાની ઘણી માંગણીઓ હોય છે. પરંતુ સરકાર પોતાની જોગવાઈ અનુસાર કામ કરે છે. મધુ શ્રીવાસ્તવનું નિવેદન સ્વાભાવિક છે. તેઓનો સ્વભાવ ઉગ્ર છે. જે રીતે એમની કામ કરવાની પદ્ધતિ છે, બોલીને આ બધું કરતા હોય છે, પણ એમના મનમાં કોઈના માટે આવી ભાવના હોતી નથી.

ઘોર કળિયુગ... દીકરીએ માતાને બંધક બનાવી મારમાર્યો

અમદાવાદ

અમદાવાદ શહેરના શાહીબાગ પાસેના એપાર્ટમેન્ટમાં એક દીકરી દ્વારા પોતાની માતાને બંધક બનાવી માર મારવાની ઘટના સામે આવી છે. આ અંગે તેના ઓસ્ટ્રેલિયામાં રહેતા દીકરાને ચિંતા થવા લાગી અને અમદાવાદ પોલીસ પાસે મદદ માંગી હતી. પોલીસ કન્ટ્રોલરૂમમાં વિદેશથી આવેલા ફોન અંગે ગણતરી મિનિટમાં માધુપુરા પોલીસને જાણ કરવામાં આવી અને માધુપુરા પોલીસ સ્ટેશનની શી ટીમ અને ડીસ્ટાફના પોલીસ કર્મીઓએ સમય સુચકતા દાખવી ઘટના સ્થળે પહોંચી વૃદ્ધાનો જીવ બચાવી લીધો હતો.

આ મામલે પોલીસ કન્ટ્રોલરૂમમાંથી માહિતી મળ્યા બાદ માધુપુરા પોલીસ સ્ટેશનના ડીસ્ટાફ પીએસઆઈ અરવિંદ ચાવડાની સાથે શી ટીમમાં ફરજ બજાવતી મહિલા પોલીસકર્મીઓ પુષ્પાબહેન, અંજુબહેન, નિરૂબહેન, પાયલબહેન સહિતનો સ્ટાફ આ વૃદ્ધાને બચાવવા માટે તાત્કાલિક દોડી ગયો હતો. પોલીસની ટીમ જ્યારે બંધક બનાવેલી વૃદ્ધાને બચાવવા પહોંચી ત્યારે ઘરનો દરવાજો અંદરથી બંધ હતો. જેથી મહિલા પોલીસની ટીમે દરવાજો ખખડાવીને અંદરથી દરવાજો ખોલવા માટે જણાવ્યુ હતુ. પરંતુ પોલીસ હોવાની જાણ થતા અંદર રહેલી યુવતીએ પોલીસને ધમકી આપી કે જો તમે અંદર આવશો તો તે વૃદ્ધાને ચાકુથી મારી નાંખશે.

યુવતીની આ ધમકીને કારણે પોલીસે ખાસ યુક્તિ અજમાવવાની ફરજ પડી હતી. જેથી આ યુવતીને અન્ય મહિલા પોલીસે તેની સાથે વાતોમાં વ્યસ્ત કરી દીધી હતી. બીજી તરફ પોલીસ સ્ટેશનના ડી સ્ટાફે ફાયરબ્રિગેડને જાણ કરીને એપાર્ટમેન્ટના પાછળના દરવાજા પર ફાયરબ્રિગેડની સીડી મુકીને પહોંચ્યા હતા. ત્યાર બાદ પોલીસની ટીમે અંદર પહોંચી યુવતીને ઝડપી લીધી હતી. જ્યારે પોલીસે બંધક બનાવેલી વૃદ્ધાને બચાવી લીધી હતી. આ વૃદ્ધાનું વજન ખૂબ વધુ હોવાથી તેઓ સ્વબચાવ કરી શકે તેમ નહોતા. આખરે પોલીસે આ મામલે તપાસ કરતા યુવતીની માનસિક સ્થિતિ સારી ન હોવાની જાણ થઈ હતી. જેને કારણે યુવતીને તાત્કાલિક માનસિક રોગની સારવાર માટે મોકલી આપી હતી.

ભાજપમાં એક સાંધે ત્યા તેર તૂટે જેવી સમસ્યા, ઈનામદાર શાંત થયા ત્યાં શ્રીવાસ્તવે તલવાર કાઢી...!

અધિકારીઓના નામે રૂપાણીની સામે ભાજપના ધારાસભ્યોનો ખુલ્લો બળવો...?

• સાવલીના ધારાસભ્ય માંડ માન્યા ત્યાં વાઘોડિયાના મધુ શ્રીવાસત્વે તલવાર ઉગામીને સરકારનું નાક વાઢી નાંખ્યું...!
• મધુએ મૂછે વળ દઈને પોતાના કામની ફાઈલ પર નેગેટીવ નોંધ કરનાર ઉચ્ચ અધિકારીને જાહેરમાં લાફા મારવાની પ્રતિજ્ઞા લીધી...!

ગાંધીનગર

ગુજરાત ભાજપમાં સાવલીના નારાજ ધારાસભ્ય કેતન ઈનામદારનું રાજીનામા પ્રકરણ માંડ શાંત પડ્યું અને તેમની લાગણી કે સરકારમાં તેમની વાત કોઈ સાંભળતું નથી..તેનો ઉકેસ લાવવાની ખાતરી આપ્યાના ૨૪ કલાકમાં જ ભાજપના વધુ એક સિનિયર ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ પોતાની ફાઈલ પર નેગેટીવ નોંધ કરનાર ઉચ્ચ અધિકારીને જાહેરમાં લાફાવાળી કરવાની ધમકી આપતાં અને મિડિયા સાથે પણ ગેરવર્તન કરતાં ભાજપની પ્રદેશ નેતાગીરી ફરી એક વાર શરમજનક હાલતમાં મૂકાઈ ગઈ અને મામલાને થાળે પાડવાનો પ્રયાસસ કર્યો હતો. જો કો ભાજપ નેતાગીરી દ્વારા મધુ શ્રીવાસત્વનાા આ વર્તને ससभ्य શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભાજપના ભરૂચના પણ બે ધારાસભ્યોએ જીએનએફસી નિગમ સામે વિરોધ વ્યક્ત કર્યો છે.

વડોદરા જિલ્લાના સાવલીના ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદારના રાજીનામાનો મામલો માંડ શાંત પડ્યો અને વડોદરાના જ વાઘોડિયાના ભાજપના ધારાસભ્ય પોતાની જ સરકારની સામે મેદાનમાં આવ્યાં અને મિડિયાની સાથે ગાળાગાળી કરીને ભાજપના નામને બટ્ટો લગાવવાની સાથે જાહેરમાં મૂછે વળ દઈને મહેસૂલ ખાતાના એ અધિકારીને લાફા મારવાની ધમકી આપી કે જેમણે એમના મત વિસ્તારના એક કામની ફાઈલ પર નેગેટીવ નોંધ કરી છે...!

રાજકિય સૂત્રો કહે છે કે ભાજપમાં નબળી નેતાગીરીને કારણે સૌને મોકળુ મેદાન મળી ગયુ હોય તેમ સરકારનું નાક દબાવી રહ્યાં છે. સાવલીના ધારાસભ્યે મારા વિસ્તારના કામો મારી જ સરકારમાં થતા નથી એમ કહીને પક્ષની શિસ્તના લીરેલીરા ઉડાડ્યા છતાં તેને માફ કરીને સમજાવી લેવામાં આવ્યાં. નેતાગીરી ડરી ગઈ એમ માનીને વધુ એક ધારાસભ્ય કે જેઓ તેમના જાહેર વર્તન માટે વિવાદમાં રહ્યાં છે એવા મધુ શ્રીવાસ્તવે તલવાર કાઢી અને સરકારનું નાક વાઢી નાંખીને એ અધિકારીને જાહેરમાં માર મારવાની ખુલ્લી ધમકી આપી કે જેમણે તેમનું કામ કર્યું નથી....!

સૂત્રો કહે છે કે આવું ભાજપમાં અગાઉ ક્યારેય થયું નથી. પરંતુ રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપ માટે તમામ ૩ બેઠકો જીતવી પ્રતિષ્ઠાનો પ્રશ્ન બન્યો હોવાથી કોઈ ધારાસભ્યની સામે ગેર શિસ્ત છતાં પગલા લેવાની હિંમત નેતાગીરી બતાવવાનું ટાળી રહી છે. ખાસ કરીને મધુ શ્રીવાસ્તવે મિડિયાની સામે મૂછે વળ દઈને ઉચ્ચ અધિકારીને મારવાની ધમકી ભાજપ માટે શરમજનક બાબત છે એમ પણ ભાજપના કેટલાક વર્તુળો માની રહ્યાં છે.

ભરૂચના ભાજપના ધારાસભ્ય દુષ્યંત પટેલ અને અન્ય એક ધારાસભ્યે સરકારી નિગમ જીએનએફસી સામે ગંભીર આરોપો લગાવ્યાં છે કે આ નિગમ સ્થાનિક લોકોને નિયમાનુસાર રોજગારી આપતું નથી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ નીમ કોટેડ યુરિયામાં ઘાલમેલ કરીને ખાનગી કંપનીઓને ફાયદો પહોંચાડે છે. આ ધારાસભ્યો પણ પોતાની સરકારના યોગ્ય ફોરમમાં રજૂઆત કરવાને બદલે જાહેરમાં આરોપો કરીને ભાજપમાં જાણે કે કોઈ રણીધણી ના હોય તેવું એક ચિત્ર ઉપસાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

વાહકજન્ય રોગ નિયંત્રણ માટે અમદાવાદ જીલ્લામાં ૨૦૦થી વધુ રાત્રીસભાઓ કરવામાં આવશે



રાત્રીસભાના આયોજન માટે અમદાવાદ ખાતે જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના અધ્યક્ષસ્થાને આયોજન બેઠક મળી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

મેલેરીયા મુક્ત ગુજરાત ૨૦૨૨ અન્વયે અમદાવાદ જીલ્લામાં વાહકજન્ય રોગોના નિયંત્રણ માટે વર્ષ-૨૦૧૯ દરમ્યાન જે વિસ્તારમાં મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયાના કેસો નોંધાયેલ હોય તેમજ અર્બન વિસ્તાર, પેરીફેરી વિસ્તારમાં જનજાગૃતિ માટે રાત્રી સભાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. જેના આયોજન માટે અમદાવાદ જીલ્લા પંચાયત ખાતે જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને તાલુકા સુપરવાઈઝર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝરોની બેઠક મળી હતી. વિરમગામ તાલુકા સહિત અમદાવાદ જીલ્લામાં ૨૦૦થી વધુ ગામોમાં રાત્રીસભાનુંઆયોજન કરવામાં આવ્યુ છે. રાત્રીસભામાં ગ્રામજનોને પોરાનું લાઈવ ડેમોસ્ટ્રેશન, મેલેરીયાથી બચવાના ઉપાયો નિદાન સારવાર સહિતની માહીતી આપવામાં આવનાર છે.

અમદાવાદ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યુ હતુ કે, સામાન્ય રીતે આરોગ્ય કર્મચારીઓ દ્વારા વાહકજન્ય રોગ નિયંત્રણ માટે ફરજના સમય દરમ્યાન જનજાગૃતિ કરીને લોકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. પરંતુ દિવસ દરમ્યાન અનેક લોકો કામ ધંધા અર્થે બહાર ગયેલા હોવાથી તેઓ વંચીત રહી જાય છે.જેથી રાત્રી દરમ્યાન મોટાભાગના લોકો ઘરે હોય અને મહત્તમ લોકો સુધી વાહકજન્ય રોગ નિયંત્રણની સચોટ માહીતી પહોચાડી શકાય તે માટે અમદાવાદ જીલ્લામાં ૨૦૦થી વધુ રાત્રીસભાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં મેલેરીયા નાબુદી અને ડેન્ગ્યુ કન્ટ્રોલ પર ખાસ ભાર મુકવામાં આવશે. રાત્રીસભામાં મેલેરીયા થવાના કારણો, મેલેરીયાથી બચવાના ઉપાયો, મેલેરીયાનું નિદાન તથા સારવાર, પોરા નિદર્શન, ૧૦૪ ફિવર હેલ્પ લાઈન સહિતની સચોટ માહીતી પુરી પાડવામાં આવશે. આ ઉપરાંત મેલેરીયા કેવી રીતે ફેલાય છે, મચ્છરનું જીવન ચક્ર, કેવી રીતે લોકો મેલેરિયા થી બચી શકે તે માટેના ઉપાયો દર્શાવતી ફિલ્મોનુ પઢ રાત્રી સભામાં આયોજન કરાયું છે. રાત્રીસભાઓમાં જીલ્લા ટીમ, તાલુકા ટીમ, મેડીકલ ઓફિસર, સુપરવાઈઝર, મપહેવ, આશા સહિતના લોકો ઉપસ્થિત રહેશે અને વાહકજન્ય રોગ નિયંત્રણ અંગે જનજાગૃતિ કરશે.

મહેસૂલ વિભાગમાં ફાઈલ અટવાઈ જતા મધુ શ્રીવાસ્તવ મહેસૂલ મંત્રી અને અધિકારીઓથી નારાજ

પાર્ટીથી નારાજ મધુ શ્રીવાસ્તવની ટપોરીગીરી... પત્રકારોને બીભત્સ શબ્દો કહી કેમેરા ખેંચ્યા

વડોદરા

વડોદરા ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદારની નારાજગીને ભાજપ માંડ પહોંચ વળ્યો હતો ત્યાં વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે નારાજગી વ્યક્ત કરી છે. મધુ શ્રીવાસ્તવે સરકારના મહેસૂલ વિભાગના કામો ન થતા હોવાની રાવ નાખીને પત્રકારો સામે પોતાની નારાજગી દર્શાવી છે. ભારતીય જનતા પાર્ટી માટે મધુ શ્રીવાસ્તવની નારાજગી નવો પડકાર ઉભો કરી શકે છે. શ્રીવાસ્તવ વાઘોડિયા વિધાનસભા પરથી છઠ્ઠી વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. મધુ શ્રીવાસ્તવ અગાઉ પણ નારાજ હતા અને કેતન ઈનામદાર સાથે સરકાર સામે મોરચો ખોલી બેઠા હતા.

મધુ શ્રીવાસ્તવ મીડિયા કર્મીઓ પર ગુસ્સે થઈ ગયા હતા. અને ધક્કો મારીને હુમલાનો પ્રયાસ કર્યો હતો. અને પત્રકારોને માં-બહેનની ગંદી ગાળો દઈ કેમેરા ખેંચ્યા હતા. વડોદરા શહેરના વાડી વિસ્તારમાં આવેલા મહાદેવ તળાવમાં હનુમાનજી મંદિરના કામ માટે પાલિકા અને કલેક્ટરે મંજૂરી આપ્યા બાદ મહેસૂલ વિભાગમાં ફાઈલ અટવાઈ જતા મધુ શ્રીવાસ્તવ નારાજ થયા છે, ત્યારબાદ મીડિયાકર્મીઓએ તેમના પર સવાલોનો મારો કરતા તેઓ મીડિયાકર્મીઓ પર ગુસ્સે થઈ ગયા હતા. કોંગ્રેસે હનુમાન મંદિર ગેરકાયદે બનવુ હોવા અંગેનો સવાલ ઉઠવ્યો હતો. આ સવાલ મીડિયાકર્મીઓએ મધુ શ્રીવાસ્તવને કરતા તેઓએ મીડિયાકર્મીઓ સાથે ગાળાગાળી કરી હતી.

મધુ શ્રીવાસ્તવે પત્રકારોને જણાવ્યું, "લોકો ચૂંટાયેલા પ્રતિનિધિ પોતાના મતવિસ્તારના કામો લઈ જાય છે તે થાય છે અને નથી પણ થતા. શહેરના મહાદેવ તળાવ વિસ્તારમાં મેં બજરંગબલીની સ્ટિલની મૂર્તિ મૂકવાનો નિર્ધાર કર્યો છે. મેં કોન્ટ્રાક્ટરને પણ પૈસા ચુકવ્યા છે. મૂર્તિના ૮૦ લાખ રૂપિયા પણ ચુકવી દીધા છે. મારૂં ૪૦ ટકા કામ થઈ ગયું છે. વડોદરા કોર્પોરેશન, કલેક્ટરે મંજૂરી આપી છે. ગાંધીનગર અભિપ્રાય માટે ફાઈલ મોકલી છે. મંત્રી મને કે છે મંજૂરી કરી આપીશ, મંજૂરી કરી આપીશ. મેં છેલ્લે મંત્રીને કહ્યું કે મારી પોતાની ફાઈલ નથી કે સંપત્તિની ફાઈલ નથી. હું છેલ્લીવાર તમને કેવા આવ્યો છે. તમે મંજૂર કરો કે ન કરો તો હું ધર્મનું કામ લઈને બેઠો છું શ્વાસ ચાલશે ત્યાં સુધી ધર્મનું કામ કરીશ તમે મંજૂર નહીં કરો તો પણ મૂર્તિ મૂકીશ. આ મધુશ્રીવાસ્તવ છે. "

મધુ શ્રીવાસ્તવે ઉમેર્યું કે 'પહેલાં જ્યારે કામો નહોતા થતા ત્યારે મુખ્યમંત્રીને વાત કરી છે. ભારતીય જનતા પાર્ટીના સિમ્બોલ પર ચૂંટાયેલા કામો નથી થતા. અધિકારીઓ મંત્રીઓ ગાઠતા નથી. મેદાને પડીશું ત્યારે કેવડાવીશું કે કેટલા નારાજ છે અને કેટલા નારાજ નથી' મધુ શ્રીવાસ્તવે જણાવ્યું કે 'મારે ધર્મનું કામ કરવાનું છે. હું જ્યાં સુધી જિવતો રહ્યો ત્યાં સુધી ધર્મનું કામ કરતો રહીશ. તમે મંજૂરી આપો કે ન આપો. પરમિશન ન આપે તો મારૂ રાજીનામું આપી દઈશ. આ મારા ઘરનું કામ નથી. ધર્મનું કામ છે.'

ગેસની બોટલ લીકેજ થતાં ધડાકા સાથે આગ લાગી, મકાન માલિક ઈજાગ્રસ્ત

વડોદરા

વડોદરા ફાયર બ્રિગેડના છાણી ટીપી-૧૩ ફાયર સ્ટેશનને કોલ મળ્યો હતો કે, સમા-સાવલી રોડ પર આવેલી આનંદ વન કો-ઓપરેટિવ સોસાયટીના મકાન નં-૭-૮માંથી ધૂમાડા સાથે આગ ફાટી નીકળી છે, જેથી ફાયર બ્રિગેડની ટીમ તુરંત જ સ્થળ પર દોડી ગઈ હતી. અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. અને મકાન માલિક લીલાધર યાદવ(૫૮)ને માથાના ભાગે ઈજા થયેલ હોવાથી તુરંત જ તેઓને ૧૦૮ એમ્બ્લ્યુલન્સ દ્વારા સયાજી હોસ્પિટલમાં સારવાર માટે મોકલી આપ્યા હતા. આસપાસના રહીશોએ જણાવ્યું હતું કે, બપોરના સમયે અચાનક જ ધડાકાનો અવાજ આવ્યો હતો અને તેના કારણે આગ લાગી હતી. છાણી ટીપી-૧૩ ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસર ઓમ જાડેજાએ જણાવ્યું હતું કે, આગ લાગી હોવાનો કોલ મળતા જ અમે સ્થળ પર દોડી ગયા હતા. અને આગ પર કાબૂ મેળવ્યો હતો. મકાનમાંથી અમને ૩ ગેસની બોટલો ઘરમાંથી મળી છે. ઘરમાં ગેસ લીકેજ થતાં આગ લાગી હતી. આ સમયે ઘરમાં માત્ર એક જ વ્યક્તિ હતી. બાકીના પરિવારજનો બહાર ગયા હતા.

સ્ટેશન ઓફિસર ઓમ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે, ગેસની બોટલને ઘરમાં સુરક્ષિત જગ્યાએ મૂકવો જોઈએ અને સૂર્ય પ્રકાશથી પણ દૂર રાખવો જોઈએ. જેથી કોઈ દુર્ઘટના ન થાય.

૧૫૬ કરોડના ખર્ચે બનાવેલ બસ ટર્મિનલનું આજે મુખ્યમંત્રીનાં હસ્તે લોકાર્પણ

રાજકોટ

રાજકોટ શહેરમાં એરપોર્ટ જેવા અત્યાધુનિક બસપોર્ટનું આજે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ થવાનું છે ત્યારે નવા બસપોર્ટને રોશનીનો મનમોહક શણગાર કરાયો છે. નવા બસ સ્ટેન્ડમાં મુસાફરો માટે ટિકિટ કાઉન્ટર અને પૂછપરછ કેન્દ્ર, ડિજિટલ ડિસ્પ્લે સાથે આવાગમનની માહિતી, યાત્રાળુ માહિતી કેન્દ્ર, વેરિએબલ સાઈન બોર્ડ, સીસીટીવી કેમેરા, વોલ્વો વેઈટિંગ રૂમ, વ્હિલચેર, લગેજ ટ્રોલી, કેન્ટીન/રેસ્ટોરેન્ટ, ડોરમેટરી, બે માળનું અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ, રિટેલ સુપર માર્કેટ, શોપિંગ મોલ, ફૂડ કોર્ટ/પ્લાઝા, શો-રૂમ, ગેમઝોન અને સિનેમા સહિતની સુવિધા અને વ્યવસ્થા હશે.

આ બસપોર્ટમાં ૩૫૦થી વધુ દુકાનો પણ હશે. નવા બસપોર્ટમાં મુસાફરોને મનોરંજન, ખાવા-પીવા, શોપિંગ જેવી અનેક વ્યવસ્થાઓનો લાભ મળશે. ગ્રાઉન્ડ ફ્લોર પર ૨૦ જેટલા પ્લેટફોર્મ બનાવાશે જ્યાં દરેક રૂટની બસોના ડિજિટલ બોર્ડ મુકાશે. ગ્રાઉન્ડ ફ્લોર પરથી તમામ બસોનું સંચાલન થશે, જ્યારે ઉપર ચાર માળમાં ૩૫૦ જેટલી કોમર્શિયલ દુકાનો હશે. ગ્રાઉન્ડ ફ્લોરથી નીચે બે માળનું સેલર બનાવાયું છે જ્યાં એકસાથે ૧૦૦૦ જેટલા બાઈક અને ૩૦૦ જેટલી કાર પાર્ક થઈ શકશે.

નવા બસપોર્ટમાં ૨૦ જેટલા પ્લેટફોર્મમાં જુદા જુદા રૂટની બસોનું સંચાલન કરવા ઉપરાંત વાર-તહેવાર કે યાત્રિકોના ટ્રાફિકને પહોંચી વળવામાટે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરાય છે તે માટે નવા બસપોર્ટમાં ૩૫ જેટલી બસો સ્ટેન્ડ બાય રહી શકે તે માટેની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

વિધાર્થીની પાસેથી શરીરસુખની માંગણી કરનાર લંપટ પ્રોફેસરને સસ્પેન્ડ કરાયાં

રાજકોટ

રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના સમાજશાસ્ત્ર વિભાગના એચ.ડી.ઓ હરેશ ઝાલાએ પી.એચ્ .ડીની એક વિદ્યાર્થીની પાસે શરીર સુખની માંગણીની ઓડિયો ક્લીપ વાઈરલ થયા બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના સત્તાધીશોએ હરેશ ઝાલાની ઓફિસને સીલ કરી દીધી છે. હેરેસમેન્ટ મામલે યુનિવર્સીટીએ મિટિંગ ગોઠવી છે. તેમાં યુવતિને બોલાવમાં આવી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જાતીય સતામણી નિવારણની કમિટી બેઠક પૂર્ણ થઈ છે. જેમા કમિટીના ચેરમેન પ્રફુલાબેન રાવલે નિવેદન આપ્યું કે વાઈરલ થયેલી ઓડિયો ક્લિપ મામલે હરેશ ઝાલાને રૂબરૂ બોલાવીને તેમનું નિવેદન લેવામાં આવશે. ઓડિયો ક્લિપમાં જે યુવતીનો અવાજ છે તે યુવતીએ હજું સુધી યુનિવર્સિટીને લેખિતમાં કે મૌખિક રીતે કોઈ ફરિયાદ કરી નથી. પરંતુ યુવતી ગમે ત્યારે જાતીય સતામણી નિવારણ મામલે કમિટી પાસે આવીને ફરિયાદ નોંધાવી શકે છે. કથિત ઓડિયો ક્લિપ મામલે યુનિવર્સિટી દ્વારા પ્રોફેસર હરેશ ઝાલાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગુરૂવારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજ શાસ્ત્ર ભવનના અધ્યક્ષ ડો.હરેશ ઝાલાની કથિત ઓડિયો ક્લિપ વાઈરલ થઈ હતી. આ ઓડિયો ક્લિપમાં એક યુવતીને પીએચડી કરાવવાની અને પ્રોફેસર બનાવવાની લાલચ આપી શરીર સુખની માંગ કરવામાં આવી હતી. માત્ર એટલું જ નહિ, પ્રોફેસર દારૂના નશામાં ધૂત થઈ બિભત્સ વાતો કરતો સાંભળવા મળે છે.

ભાજપમાં માથાભારે તત્વો છે, ધારાસભ્યને પણ હવે વિશ્વાસ નથીઃ અમિત ચાવડા

અમદાવાદ

કેતન ઈમાનદારના રાજીનામા બાદ હવે મધુ શ્રીવાસ્તવે પણ રાજીનામું આપવાની ચીમકી ઉચ્ચારી છે. જોકે જીતુ વાઘાણી સાથે થયેલી બેઠક બાદ ઈનામદારે રાજીનામું પાછું ખેંચી લીધું છે. ત્યારે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિજય રૂપાણીની સરકાર પર હવે જનતા અને ધારાસભ્યોને વિશ્વાસ રહ્યો નથી. એક બાદ એક ધારાસભ્ય બહાર આવી રહ્યાં છે. ભાજપમાં માથાભારે તત્વો છે, તે કોઈ કાયદો કે સંવિધાનમાં માનતા નથી. ભાજપની સરકારમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. પોતે ઇચ્છે તેવા અધિકારીઓ હોવા જોઈએ તેવી ભાજપની માનસિકતા છે. ૨૫થી ૩૦ ધારાસભ્યો એવા છે જે ભાજપની સરકારની નાખુશ છે.

રાજ્યના મુખ્યમંત્રી કે નાયબ મુખ્યપ્રધાન આવી ધારાસભ્યોની આવી દાદગીરી સામે બોલી નથી શકતા. આ પહેલા આનંદીબેન વખતે પણ આવું થયું હતું. ધારાસભ્ય ચેલેન્જ આપે છે કે, મંજૂરી નહીં મળે તો જાહેરમાં લાફો મારીશું. એવું લાગી રહ્યું છે કે ગુજરાતમાં કાયદો તો માત્ર સામાન્ય માણસ માટે જ છે. સામાન્ય માણસની ઝુપડી બાંધે તો તોડી પડાય છે. એનએસયુઆઈ પર હુમલો થાય તો પણ કોઈ કાર્યવાહી થતી નથી.

કોંગ્રેસના કોર્પોરેટરના પુત્રનું હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપાયું, ૧૩ની ધરપકડ

જામનગર

જામનગર સચાણામાંથી એક હાઈપ્રોફાઈલ જુગારધામ ધમધમી રહ્યું હતું. જામનગરમાં આ હાઈપ્રોફાઈલ જુગારધામ કોંગ્રેસના મહિલા કોર્પોરેટરના પુત્ર ચલાવી રહ્યો હતો. જામનગરમાં વોર્ડ નં-૧૫ના મહિલા કોર્પોરેટર મરિયમ સુમરાનો પુત્ર પપ્પુ કાસમ ખફી હાઈપ્રોફાઈલ જુગારધામ પર જુગારીઓને તમામ વ્યવસ્થા કરી આપીને રેકેટ ચલાવી રહ્યો હતો. ત્યારે જામનગર એલસીબીને આ ઘટનાની બાતમી મળી હતી. બાતમીના આધારે જામનગર એલસીબી એક્શનમાં આવી જઈને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને દરોડા પાડ્યા હતા. બીજી બાજુ હાઈપ્રોફાઈલ જુગારધામ પર દરોડા પડતા જુગારીઓના ખેલમાં ભંગ પડ્યો હતો.

રૂા.૪.૫૦ કરોડ જમીન વેચાણ પેટે વસૂલી દસ્તાવેજ કરવાનો ઈનકાર

વરાછાના ગાંધી પરિવારે છેતરપિંડી કરતા પોલીસ ફરિયાદ

સુરત

કતારગામ રેવન્યુ સર્વે નં.૩૫૨/પૈકી ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર નવાગામ)ના ફાઈનલ પ્લોટ નં.૩૩ તથા ૩૪ના વેચાણ પેટે રૂા.૪.૫૦ કરોડ મેળવી દસ્તાવેજ નહીં બનાવી આપી જાનથી મારી નાંખવાની ધમકી આપનારા વરાછાના ગાંધી પરિવાર વિરૂદ્ધ વરાછા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એલ.એચ. રોડ, ત્રિકમનગર-૧માં રહેતા ધનેશભાઈ ઉર્ફે ધનવાન દયાળજી કોટકે આરોપી રમેશચંદ્ર ઈશ્વરલાલ ગાંધી, દેવાંગ રમેશચંદ્ર ગાંધી, જયેશ રમેશચંદ્ર ગાંધી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી અશ્વનીકુમાર સ્થિત ફાઈનલ પ્લોટ નં.૩૩-૩૪નો સોદો રૂપિયા ૪.૫૦ કરોડમાં કર્યો હતો. આ જમીન સોદાના રૂપિયા પણ આરોપીઓએ ફરિયાદી તથા તેના ભાગીદારો પાસેથી મેળવી લીધા બાદ જમીનના દસ્તાવેજો નહીં કરી આપી થાય તે કરી લો, દસ્તાવેજની વાત કરશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. વરાછા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કોહીનૂર ટેક્સટાઈલ માર્કેટમાં વેપારીનું લાખોમાં ઉઠમણું

સુરત

રિંગરોડ કોહીનૂર માર્કેટના અયાતી ક્રિએશનના માલિક અને કાપડ દલાલ સામે રૂપિયા ૧૦.૮૮ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ સલાબતપુરા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાર્લે પોઈન્ટ હેરિટેજ એપાર્ટમેન્ટમાં રહેતા કાપડ વેપારી ભદ્રેશ ચંપકભાઈ શાહનો વિશ્વાસ કેળવી આરોપી કમલેશ ધીરૂભાઈ કાંગાણી (અયાતી ક્રિએશન), કાપડ દલાલ જીતેશ માયવાળાએ રૂપિયા ૧૦,૮૮,૮૩૫ની કિંમતનો ગ્રે કાપડનો જથ્થો ખરીદ્યો હતો. આ માલના પેમેન્ટ પેટે આપેલા ચેકો પણ રિર્ટન થયા હતા. આરોપીઓએ પેમેન્ટ કરવાને બદલે દુકાન બંધ કરી દઈ રૂપિયા માંગવા આવશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

સલાબતપુરા પોલીસે ફરિયાદી ભદ્રેશ ચંપકભાઈ શાહની ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

બાળકોને ભીખ માંગવા માટે કરાતા ઉપયોગ અંગે પોલીસ ફરિયાદ કરાશે

બાળકના વાલી અથવા કબ્જેદાર સામે ગુનો દાખલ કરાશે

નવસારી

જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નવસારીની યાદીમાં જણાવ્યાં અનુસાર જે.જે.ઍકટ-૨૦૧૫ અન્વયે કલમ-૭૬ મુજબ જે કોઈ વ્યકિત બાળકનો ઉપયોગ ભીખ મંગાવવાને માટે કરે કે કરાવે તે પાંચ વર્ષ સુધીની કેદની સજા અને રૂપિયા ઍક લાખના દંડને પાત્ર થશે. તેમજ ભીખ મંગાવવાના હેતુ માટે કોઈ વ્યકિત બાળકના અંગ કાપે અથવા મુંગો બનાવે તો તેને સાત વર્ષની ઓછી ના હોય તેવી અને દસ વર્ષ સુધીની સખત કેદની સજા અને રૂપિયા પાંચ લાખના દંડને પાત્ર ઠરશે. જે કોઈપણ બાળકનો હકિકતનો કબજા અથવા નિયંત્રણ ધરાવતો હોય તે પેટા કલમ (૧) હેઠળના ગુનો કરવા માટે ઉત્તેજન આપે તે પેટા કલમ(૧) માં જાગવાઈ કરાયા અનુસારની સમાન સજાને પાત્ર ઠરશે અને આવી વ્યકિતને કલમ-૨ ના ખંડ (૧૪) ના પેટા ખંડ(૫) હેઠળ અયોગ્ય વ્યકિત તરીકે જાહેર કરાશે.

જાગવાઈ કરવામાં આવે છે કે કહેવાયેલ બાળકને, કોઈપણ સંજાગોમાં કાયદા સાથે સંઘર્ષમાં હોય તેવું બાળક ગણવામાં નહિ આવે અને બાળકને આવા વાલી અથવા કબ્જેદારના નિયંત્રણ અથવા કબજામાંથી દૂર કરવામાં આવશે અને તેના યોગ્ય પુનઃસ્થાપન માટે તેને સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવશે.

આપના આસપાસ, નજીકમાં કોઈપણ ૧૮ વર્ષથી નાની વયના બાળકોના અધિકારોનું હનન, શારીરિક તથા માનસિક અત્યાચાર કે શોષણ, અનાથ નિરાધાર, તરછોડાયેલા, કુટુંબ વિહોણા અથવા કોઈપણ પ્રકારની મુશ્કેલીમાં મુકાયેલા બાળકોના કાળજી અને રક્ષણ માટે રૂબરૂ અથવા ફોનથી સંપર્ક કરવા જણાવાયું છે.

પોલીસે પીયુસી માંગતા બાઈકસવારે રોફ ઝાડ્યો, બદલીની ધમકી આપતા ધરપકડ

સુરત

સુરતની પુણા પોલીસ મથકમાં ફરજ બજાવતા લોકરક્ષક રણછોડભાઈ વાલાભાઈ અને અન્યો ગતસાંજે કાંગારૂ સર્કલ પાસે વાહન ચેકીંગ કરતા હતા ત્યારે મોટરસાયકલ નં.જીજે-૦૫-પીએફ-૨૫૩૦ ઉપર એક યુવાન આવતા તેને અટકાવી દસ્તાવેજો અને પીયુસી માંગતા તેણે પીયુસી ન હોય પોલીસ સાથે ગાળાગાળી કરી કહ્યું હતું કે મને તમે જ તાત્કાલિક પીયુસી કાઢી આપો. આમ કહી તેણે ભાગવા પ્રયાસ કરતા રણછોડભાઈએ તેને પકડવા પ્રયાસ કર્યો તો યુવાને રણછોડભાઈના યુનિફોર્મનો કોલર પકડી ધક્કો મારી પાડી નાખ્યા હતા. આથી તેમને હાથમાં ઈજા થઈ હતી. અન્ય પોલીસકર્મીઓ દોડી આવતા તેણે ધમકી આપી હતી કે મારી રાજકારણમાં બહુ મોટી ઓળખાણ છે, હું તમારી રાતોરાત બદલી કરાવી નાખીશ. તમને દંડ વસુલ કરવાની કોઈ સત્તા નથી.હું આ ચાલ્યો થાય તે કરી લો.

જોકે, પોલીસે તેને ઝડપી લઈ પુણા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે તેના વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી. પૂછપરછમાં તેની ઓળખ રત્નકલાકાર ધર્મેન્દ્ર ગદાભાઈ બલદાણીયા (ઉ.વ.૨૮) (રહે. ૪૬૭, ધ્રુવ પાર્ક સોસાયટી, ગોડાદરા. લીંબાયત, સુરત) તરીકે થઈ હતી. વધુ તપાસ પીએસઆઈ ડી.ડી.રોહિત કરી રહ્યા છે.

સિનિયર સીટીઝન હોલનો ઉદઘાટન સમારંભ

નવસારી

નવસારી નગરપાલિકા પ્રેરિત નવસારી ડિસ્ટ્રીકટ સિનિયર સીટીઝન ટ્રસ્ટ સંચાલિત સિનિયર સિટીઝન હોલનું ઉદ્ઘાટન તા.૨૫/૦૧/૨૦૨૦ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે નવસારી સાંસદ શ્રી સી.આર.પાટીલના હસ્તે યોજાશે. સીનીયર સીટીઝન હોલ, ન્યુ પટેલ નગર સોસાયટી, સિંધી કેમ્પ, નવસારી ખાતે યોજાનારા કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી આર.સી.પટેલ, નવસારી ધારાસભ્ય શ્રી પિયુષભાઇ દેસાઈ, નવસારી નગરપાલિકા પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

મહાવીર કોલેજમાં રૂા.૫૦ લાખની ચોરીમાં સિક્યુરિટી ગાર્ડ શંકાસ્પદ

ચોરીની તપાસમાં પોલીસે ૨૦૦ લોકોના નિવેદન નોંધતા સુરાગ હાથ લાગ્યો

સુરત

વેસુ-ભરથાણા કોલેજમાં રૂા.૫૦ લાખ રોકડાની ચોરી પ્રકરણમાં પોલીસની એક ટીમ બિહાર પહોંચી હોવાનું પીએસઆઈ કુબાડીયાએ જણાવ્યું હતું. જોકે, આજથી પાંચ-સાત વર્ષ પહેલાં ભગવાન મહાવીર કોલેજમાં જુદા જુદા વિભાગોમાં કામ કરી ગયેલા ૨૦૦થી વધુ લોકોના નિવેદનો લેવાયા બાદ પણ પોલીસને કોઈ સફળતા મળી નથી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વેસુ-ભરથાણા રોડ પર આવેલી ભગવાન મહાવીર કોલેજમાં રૂા.૫૦ લાખની ચોરી કરી ચડ્ડી બનિયાનધારી ઈસમો ફરાર થઈ ગયા હતા. ખટોદરા પોલીસ મથકમાં ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરાયા બાદ પોલીસે આ કોલેજમાં કામ કરી ગયેલા મજુરો, મિસ્ત્રી, ફર્નિચર બનાવનાર પ્લમ્બર, સ્લેબ ભરનારા મજુરો સેન્ટિંગના મુજરો, ઈલેક્ટ્રીશિયન વગેરેઓ મળી કુલ ૨૦૦થી વધુ લોકોના નિવેદનો લેવામાં આવ્યા હતા. મહાવીર કોલેજનો સિક્યુરિટી બનાવના દિવસથી ગાયબ છે. તેને શોધવા પોલીસે બિહાર તથા મહારાષ્ટ્રમાં ધામા નાંખ્યા હોવાનું પીએસાઈ કુબાડીયાએ જણાવ્યું હતું.

તા.૨૮મીએ ચીખલી ખાતે આશા સંમેલનનું આયોજન

નવસારી

નવસારી જિલ્લા પંચાયત આરોગ્યશાદા દ્વારા આરોગ્યની સુંદર સેવાઓ આપતી આશા બહેનોને પ્રોત્સાહિત કરવા તા.૨૮/૦૧/૨૦૨૦ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે દિનકર ભવન, મજીગામ, ચીખલી ખાતે આશા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે નવસારી સાંસદ શ્રી સી.આર.પાટીલ, સમારંભના ઉદ્ઘાટક તરીકે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી આર.સી.પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ ડો. અમિતાબેન પટેલ, વલસાડ સાંસદ ડાલ.કે.સી.પટેલ મુખ્યમહેમાન તરીકે ગણદેવી ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ, વાંસદા ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલ, નવસારી ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈ તેમજ અતિથિવિશેષ તરીકે જિલ્લા કલેકટર આદ્રા અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી ડાલ.વિપિન ગર્ગ ઉપસ્થિત રહેશે. તેમ જિલ્લા પંચાયત નવસારી દ્વારા જણાવાયું છે.

અંકલેશ્વરમાં ગાના મ્યુઝિક લવર્સ ગ્રુપનો દેશભક્તિ કાર્યક્રમ

ગરબા ગ્રાઉન્ડ પર દેશભક્તિ ગીતોની રજૂઆત કરાશે

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી ખાતે કાર્યરત ગાના મ્યૂઝિક લવર્સ ગ્રુપ દ્વારા તારીખ ૨૫મી જાન્યુઆરીના રોજ અંકલેશ્વર શહેર જીઆઈડીસીની જનતા માટે દેશભક્તિ ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ નવજીવન ગરબા ગ્રાઉન્ડ ખાતે તારીખ ૨૫ મી જાન્યુઆરી શનિવારના રોજ રાત્રે ૦૮:૩૦ કલાકથી કાના મ્યૂઝિક લવર્સ ગ્રુપ દ્વારા દેશભક્તિ ગીતો ના કાર્યક્રમનું આયોજન આગામી પ્રજાસત્તાક પર્વના અનુસંધાને કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં અંકલેશ્વર શહેર તેમજ જી.આઈ.ડી.સી ની શાળાઓના વિદ્યાર્થીઓ વાલીઓ તેમજ જાહેર જનતા વિનામૂલ્યે ભાગ લઈ શકશે.

નોંધનીય છે કે કાના મ્યુઝિકલ ગ્રુપ છેલ્લા ઘણા વર્ષોથી વિનામૂલ્યે અંકલેશ્વર શહેર તેમજ જીઆઈડીસીના પ્રતિભાવાન બાળકો માટે એક આદર્શ માધ્યમ બની રહ્યું છે જેને લોકોનો સુંદર પ્રતિસાદ પણ સાંપડ્યો છે. ઔદ્યોગિક હબ ગણાતા અંકલેશ્વરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ગાના મ્યૂઝિક લવર્સ ગ્રુપનું નામ ટોચમાં ગણાઈ રહ્યું છે.

વોર્ડ નં.૨માં ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨, નોંધ નં.૧૫૪૧ વાળી મિલ્કતમાં મિલ્કતદાર હિરાલાલ ગણપતરામ બુન્કી તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૩૦૧/૨૦૨૦ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમા માળે આશરે ૯૭૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ અને ૫૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૬૦,૬/- વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

સુરત જિલ્લામાં ૭મી આર્થિક ગણતરીની કામગીરીનો પ્રારંભ

સુરતમાં ૪૨૦૦ ગણતરીદારો ઘરે-ઘરે ફરી આંકડા એકત્ર કરશે

સુરત

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન ધ્વારા સમગ્ર દેશમાં આર્થિક ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યમાં ૭મી આર્થિક ગણતરી ૨૦૨૦ની કામગીરીનો પ્રારંભ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ૧૫-૦૧-૨૦૨૦ના રોજ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સુરત જિલ્લા પંચાયત ખાતે ભારત સરકારના કોમન સર્વિસ સેન્ટર અને જિલ્લા પંચાયતના આંકડા કચેરી દ્વારા ૭મી આર્થિક ગણતરીનો જિલ્લા આંકડા પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લામાં ૪૨૦૦ થી વધુ ગણતરીદારો અને સુપરવાઈઝર મોબાઈલ એપ્લીકેશનના ઉપયોગથી માહિતી એકત્રિત કરશે. સમગ્ર દેશમાં પ્રથમ વખત ડીઝીટલ માધ્યમ દ્વારા ગણતરી કરવામાં આવશે. આ આર્થિક ગણતરીના ફિલ્ડવર્ક અને પ્રથમ કક્ષાના ૧૦૦ ટકા સુપરવિઝનની કામગીરી ભારત સરકાર દ્વારા કોમન સર્વિસ સેન્ટર (CSC)ને સોપાઈ છે. આ ગણતરી દરમિયાન તમામ ઘરની ગણનાકાર દ્વારા રૂબરૂ મુલાકાત લઈ ઘરની પ્રાથમિક માહિતી અને કુટુંબની વ્યક્તિઓ દ્વારા ઘરમાં ચાલતી આર્થિક પ્રવૃત્તિઓની માહિતી એકત્રિત કરવામાં આવશે. ૩૦જુન ૨૦૨૦સુધીમાં સર્વે તેમજ ૩૦સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી ડેટા એકત્રીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.આવનારા સમયમાં જિલ્લાની સામાજિક અને આર્થિક વિકાસના વેગ માટે આર્થિક ગણતરી મહત્વની સાબિત થશે.

આ વેળાએ યોજાયેલા વર્કશોપમાં સુપરવાઈઝર તથા ગણતરીદારોને ૭મી આર્થિક ગણતરીના મોબાઈલ એપની સમજુતી આપવામાં આવી હતી. જેમાં કોમન સર્વિસ સેન્ટર(CSC) સુરત જિલ્લા મેનેજર તુષાર બેલડીયાએ તમામ માહિતી પૂરી પાડી હતી. સાથે કૃણાલ તરસરીયા, ચિરાગ વરીયા તથા જિલ્લા આંકડા મદદનીશ મુકેશ પંડ્યા હાજર રહ્યાં હતા.

ચોકબજારમાં મધ્યરાત્રિએ પાર્ક કરાયેલી બે મોટર કારમાં આગ

એક ગાડીમાં આગ લાગતા બાજુની ગાડીમાં પણ આગ પ્રસરી

સુરત

ચોકબજાર ખાતે આવેલા આર્ય સમાજ ભવન પાસે રાત્રે ત્રણ વાગ્યાના સુમારે બે ફોર વ્હિલર કારમાં આગ ભભૂકી ઉઠી હતી. પાર્ક કરેલી કારમાં આગ લાગતાં આસપાસમાં ભયનો માહોલ સર્જાયો હતો. જો કે ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

ચોકબજારમાં આર્ય સમાજ ભવન પાસે પાર્ક કરાયેલી કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. રાત્રિના ત્રણ વાગ્યાના સુમારે લાગેલી આગ સૌ પ્રથમ એક કારમાં લાગ્યા બાદ બીજીમાં પ્રસરી ગઈ હતી. સ્કોડા નંબર (GJ01KM2676) અને મારુતિની ઈકો નંબર (GJ5JQ5465) કારમાં આગ લાગી ગઈ હતી. જેથી આસપાસ ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવતાં ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. જો કે, આગ ક્યા કારણોસર લાગી તે સામે આવી શક્યું નથી. આગથી બંને કારોને ભારે નુકસાન થયું છે. બંને કાર સંપૂર્ણ બળી ગઈ છે. પોલીસે આગની ઘટના બાદ આજુબાજુના સીસીટીવી ફુટેજ ચેક કરવાની કામગીરી શરૂ કરી છે. આગ અકસ્માતે લાગી છે કે આગ લગાડવામાં આવી છે તે હજી જાણી શકાયું નથી.

દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ ઘટ્યું નવસારીમાં ૧૨, સુરતમાં ૧૫ ડીગ્રી

બે દિવસમાં તાપમાનમાં ત્રણ ડીગ્રીનો વધારો થયો

સુરત

ઉત્તર દિશાથી ફુંકાતી શીત લહેરની અસર બંધ થતા રાજયના હવામાનમાં અચાનક બદલો આવ્યો છે. છેલ્લા બે દિવસથી તાપમાનમાં ૨થી ૩ ડીગ્રીનો વધારો થતા ઠંડીથી હંગામી રાહત અનુભવાઈ રહી છે. આગામી સપ્તાહમાં ફરી કડકડતી ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૧.૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫.૮ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૪ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬.૯ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાનો કલાકના ૫ કિમીની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે ઠંડીથી નજીવ રાહત અનુભવાઈ છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૨.૬ ડીગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે ઠંડી યથાવત છે. નવસારીના ગ્રામીણ વિસ્તારોમાં રાત્રે અને મળસ્કે કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. વલસાડમાં આજે સવારે ૧૪ ડીગ્રી ન્યુનતમ તાપમાન નોંધાયું છે. ઉત્તર દિશાતી શીત લહેરની અસર બંધ થતા રાજયના વિવિધ શહેરોમાં તાપમાન વધતા ઠંડીની અસર ઓછી થઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે આગામી સમાહ સુધી ફરી એક વખત શીત લહેરની અસરથી કડકડતી ઠંડીનો અનુભવ થશે.

તા.૨૭મીથી હાથીપગા રોગ અટકાયત કામગીરી શરૂ થશે

વ્યારા

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની અખબારી યાદી મુજબ અગામી તા.૨૭ જાન્યુઆરી થી ૫મી ફેબ્રુઆરી દરમિયાન તાપી જિલ્લામાં હાથીપગા રોગ અટકાયત માટે માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (સામુહિક દવા ગળાવવા) ની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેમાં આરોગ્યની ટીમો દ્વારા ઘેર ઘેર જઈને લોકોને રુબરુમાં આઈવરમેક્ટીન, ડી.ઈ.સી. તથા આલબેન્ડાઝોલ દવાનો ડોઝ ઉમર અને ઉચાઈ પ્રમાણે ગળાવવામાં આવશે. આથી

દરેક વ્યક્તિઓએ આ દવા ગળી જિલ્લામાંથી હાથીપગાનો રોગ નાબુદીના કાર્યમાં સહકાર આપવા જાહેર જનતાને આરોગ્ય વિભાગ દ્વારા જાહેર અપીલ કરવામાં આવે છે.

રાજપીપળા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અંગીકાર અભિયાન હેઠળ ૧૦૮ રોપાનું વિતરણ કરાયું



આગામી ૨૬ જાન્યુઆરી એ આવાસ યોજનાના લાભાર્થીઓ પાલીકા કચેરી ખાતે શપથ ગ્રહણ કરશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સુરત પ્રાદેશિક કમિશ્નર, નગર પાલિકાઓના માર્ગદર્શન હેઠળ રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં અંગીકાર અભિયાન હેઠળ નિબંધ સ્પર્ધા,તથા છોડ વિતરણ જેવા કાર્યક્રમો કરવાના હોય રાજપીપળા નગર પાલીકાના ચીફ ઓફિસર અમિત પંડ્યાની સૂચના મુજબ તારીખ ૨૪ મી જાન્યુઆરી એ રાજપીપળામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૧૦૮ જેવા લાભાર્થીઓને પાલીકા પ્રમુખ જીગીષાબેન ભટ્ટ ના હસ્તે રોપા વિતરણ કરવામાં આવ્યા હતા.ત્યારબાદ આગામી ૨૬ મી જાન્યુઆરી ૭૧ માં પ્રજાસત્તાક દીને પાલીકા કચેરી ખાતે યોજાનાર ધ્વજવંદન કાર્યક્રમ દરમિયાન પાલિકા સત્તધીશોની હાજરીમાં આ લાભાર્થીઓને શપથ પણ લેવડાવાશે.

''બેટી બચાવો બેટી પઢાવો'' સપ્તાહની ઉજવણી – ૨૦૨૦

રાજપીપલા સરદાર ટાઉનહોલ ખાતે નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ની ઉજવણી



દિકરીઓને ઉચ્ચ શિક્ષણ આપવાની સાથે સમાજમાં આગળ આવવાની હાંકલ કરતાં રાજપીપળા નગર પાલિકાના પ્રમુખ જીગીશાબેન ભટ્ટ

વ્હાલી દિકરી યોજના અંતર્ગત પાંચ માતાઓને શાલ-સાડી ઓઢાડી સન્માનની સાથે આરોગ્ય વિભાગમાં સારી કામગીરી કરવા બદલ ૧૩ જેટલી ફીમેલ હેલ્થ વર્કર અને સ્ટાફ નર્સ બહેનોને પ્રશસ્તિપત્ર અને શાલ ઓઢાડી સન્માનિત કરાયા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સ્ત્રી જાતિ જન્મદરમાં વધારો કરવા, છોકરીઓનું માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધારવા તેમજ દિકરીઓની સુરક્ષા માટે ''બેટી બચાવો બેટી પઢાવો'' યોજનાને અમલી બનાવવા આજે બેટી બચાવો બેટી પઢાવો કાર્યકારી સમિતિ દ્વારા સરદાર ટાઉન હોલ ખાતે નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ના ઉજવણીના કાર્યક્રમને રાજપીપલા નગરપાલિકાના પ્રમુખ જીગીશાબેન ભટ્ટ, ઈન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રમુખ ડૉ.દર્શનાબેન દેશમુખ,જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ.કે.પી.પટેલ, જિલ્લા અધિક આરોગ્ય અધિકારી ડૉ.વિપુલ ગામીત, જિલ્લા મહિલા અગ્રણી ભારતીબેન તડવી, જિલ્લા મહિલા અને બાળ અધિકારી સુશ્રી હસીનાબેન મન્સુરી, દહેજ પ્રતિબંધક અધિકારી પ્રિતેશભાઈ વસાવા સહિતના મહાનુભાવો તેમજ વિશાળ સંખ્યામાં બહેનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમને દિપપ્રાગટ્ય દ્વારા ખૂલ્લો મુકયો હતો.

આ પ્રસંગે રાજપીપલા નગરપાલિકાના પ્રમુખ જીગીશાબેન ભટ્ટે પ્રાસંગિક ઉદબોધનમાં દિકરીઓને ઉચ્ચ શિક્ષણ આપવાની સાથે સમાજમાં દિકરીને આગળ આવવા હાંકલ કરી હતી. મહિલાઓએ સ્ત્રી ભૃણ હત્યાને રોકવી જોઈએ તેમજ દીકરીઓના મુલ્યોની જાળવણીની સાથોસાથ દીકરી સમાજમાં સ્વનિર્ભર થાય તે અંગે ભાર મુકવામાં આવ્યો હતો. મહિલાઓમાં જાગૃતિ આવવાની સાથે સમાજની દિકરીઓએ ઉચ્ચાભ્યાસ તરફ તેમનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સરકારની અનેકવિધ મહિલાઓ માટે યોજનાઓ છે તેનો લાભ લેવાની તેમણે હિમાયત કરી હતી.

જિલ્લા મહિલા અગ્રણી ભારતીબેન તડવીએ જણાવ્યું હતું કે, દિકરીઓને શિક્ષણ, રમત ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં આગળ વધવાની સાથે દિકરીઓમાં યોગ્ય અને ઉચ્ચ સંસ્કારનું સિંચનની સાથે દિકરા-દિકરીઓમાં ભેદ ન રાખતા દિકરો-દિકરી એક સમાન ગણીને દિકરીઓને પણ સમાન હક્ક મળે છે. તેમણે રાજ્ય અને કેન્દ્ર સરકારની મહિલાલક્ષી વિવિધ યોજનાઓનો લાભ લેવા બહેનોને અનુરોધ કર્યો હતો.

જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ.કે.પી.પટેલે જણાવ્યું હતું કે, બહેનોમાં જે સેક્સ રેશિયો ઘટ્યો છે તેની ચિંતા આપણે સૌએ કરવી પડશે. ''બેટી બચાવો બેટી પઢાવો'' ના અભિયાન થકી લોકોમાં તેની જાગૃત્તિ વધે તેવા હેતુથી આજે નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ની ઉજવણી કરવામાં આવે છે.વધુમાં તેમણે ઉમેર્યું હતું કે,પી.સી.પી.એન.ડી.ટી. એકટના અમલીકરણ તેમજ ગર્ભસ્થ શીશુનું પરીક્ષણ થયા બાદ કરવામાં આવતા ગેરકાયદેસર ગર્ભપાતની બાબત કોઈના ધ્યાનમાં આવે તો આરોગ્ય શાખાની કચેરીને જાણ કરવા તેમણે જણાવ્યું હતું અને આ અંગે તપાસ પણ કરવામાં આવશે અને કસુરવાર સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે.

આ પ્રસંગે ઈન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રમુખ ડૉ. દર્શનાબેન દેશમુખ, મહિલા અને બાળ અધિકારી હસીનાબેન મન્સુરી, દહેજ પ્રતિબંધક સહ અધિકારી પ્રિતેશ વસાવા, રીનાબેન પંડ્યા, ડૉ. શોભનાબેને ''બેટી બચાવો બેટી પઢાવો'' અભિયાન વિષયની વિગતે જાણકારી પુરી પાડી હતી.

આ પ્રસંગે વ્હાલી દિકરી યોજના અંતર્ગત પાંચ માતાઓને શાલ-સાડી એનાયત કરવામાં આવી હતી.નર્મદા જિલ્લા માં આરોગ્ય વિભાગમાં સારી કામગીરી કરવા બદલ ફીમેલ હેલ્થ વર્કર અને સ્ટાફ નર્સ બહેનોને પ્રશસ્તિપત્ર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે ''બેટી બચાવો બેટી પઢાવો× ની થીમ સાથે લોકોમાં જાગૃત્તિ આવે તે માટે હિરેન. શર્મા અને સપ્તધારા ની ટીમ દ્વારા પોપેટ શો નું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું અને અંતે ''બેટી બચાવો બેટી પઢાવો'' અંતર્ગત સહી ઝુંબેશની સાથે સામૂહિક શપથ લેવડાવામાં આવ્યાં હતા.

રાજપીપળાની નવદુર્ગા હાઈસ્કુલ ખાતે નર્મદા જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ગુજરાતના યુવકોને રચનાત્મક માર્ગે વાળવા તેમજ તેમનામાં પડેલી સુષુપ્ત શક્તિઓને કલાક્ષેત્રે કલાત્મક વાતાવરણનું નિર્માણ થાય અને આપણો પ્રાચીન વારસો દેશ દુનીયામાં ટકી રહે તે માટે કમીશનરની કચેરી નર્મદાના ઉપક્રમે કલા મહાકુંભનું આયોજન શ્રી નવદુર્ગા હાઈસ્કુલ,રાજપીપળા ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમા રાજપીપળા નગરપાલીકાના પ્રમુખ જિગીષાબેન ભટ્ટ,રમત ગમત વિભાગ નર્મદાના સિનીયર કોચ વિષ્ણુ વસાવા,જિલ્લા યુવા વિકાસ અધિકારી નર્મદા પી.એ.હાથલીયા,અરવિંદ પટેલ,શાળાનાં આચાર્યા રીનાબેન પંડ્યાની હાજરીમાં ખૂલ્લો મુકવામાં આવ્યો હતો.

નર્મદા જિલ્લાના પાંચ તાલુકાઓમાંથી સ્પર્ધકો હાજર રહ્યા હતા.આ કાર્યક્રમની શરૂઆત સુંદર લોકગીત અને ભજન દ્વારા કરવામાં આવી ત્યાર બાદ સુગમ સંગીતનો કાર્યક્રમ શરૂ થયો.આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે મનહર બેન મહેતા,રશ્મિકાંત પંડ્યા તથા રામકૃષ્ણ પરમાર ઉપસ્થિત રહી પોતાની સેવા બજાવી હતી.

નર્મદાની શ્રી સાઈ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા રૂંઢ-ભીલવાડા ની પ્રા. શાળાના ૧૦૧ બાળકોને ધાબળા વિતરણ કરાયા



રાજપીપળાના મોદી પરિવાર દ્વારા કાર્યરત આ સંસ્થા સાચા અર્થમાં માનસેવાના કર્યો કરતી હોય આકરી ઠંડીમાં ગરીબ બાળકોને ધાબળા અપાયા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નાંદોદ તાલુકાના રૂંઢ-ભીલવાડાની પ્રા. શાળા ના ૧૦૧ બાળકોને નર્મદા જિલ્લાની શ્રી સાઈ માનવ સેવા ટ્રસ્ટ સંસ્થા દ્વારા વિતરણ કરાયા ધાબળાનું વિતરણ કરાતા હાલ પડી રહેલી આકરી ઠંડીમાં વિનામૂલ્યે ધાબળા મળતા ગરીબ બાળકોમાં આનંદ જોવા મળ્યો હતો. સંસ્થાના પ્રમુખ જનકભાઈ મોદી, મંત્રી ભરતભાઈ વ્યાસ, ખજાનચી શંકરભાઈ પટેલ સહિત સંસ્થાના ટ્રસ્ટીઓ પૈકી વિરલભાઈ પટેલ, રાજુભાઈ મોદી,વિહાર મોદી સહિત રાજપીપળાના મોદી પરિવારે ધાબળા વિતરણ કર્યા હતા.મોદી પરિવાર દ્વારા કાર્યરત આ સંસ્થા સાચા અર્થ માં માનસેવાના કર્યો કરતી હોય આકરી ઠંડીમાં ગરીબ બાળકોને ધાબળા અપાતા ઠંડી સામે રક્ષણ મળતા બાળકો અને શાળા પરિવારમાં ખુશી જોવા મળી હતી.

સણીયા-કણદે ગામમાં હનુમાન અને શનિ મંદિરમાં ચોરી થઈ

બે મંદિરની દાન પેટીઓમાંથી રોકડા રૂપિયા ચોરાયા

સુરત

સણિયા-કણદે ગામમાં આવેલી હનુમાન મંદિર અને શનિ મંદિરમાં તસ્કરોએ ધાપ મારી હતી. તસ્કરોએ દાન પેટીમાંથી રોકડા રૂપિયા ૭૦૦૦ની ચોરી કરી ગયા હતા.

ડીંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સણીયા-કણદે તળાવ ફળિયામાં રહેતા વિજય ઈશ્વરભાઈ પટેલે ડીંડોલી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. ગત તા.૨૨-૧૨-૨૦૧૯ના રોજ રાત્રિ સમય દરમ્યાન તસ્કરો હનુમાન મંદિર શનિ મંદિરની દાન પેટીમાંથી રોકડા રૂા.૬ થી ૭ હજારની ચોરી કરી ગયા હતા. પોલીસ ફરિયાદ નોંધી પો.સ.ઈ. જે.આર. ખડિયાએ તપાસ હાથ ધરી છે. રાત્રિ સમય દરમિયાન સણિયા કણદે ગામના મંદિરોમાં ચોરી કરવાની ઘટના બનતા શ્રદ્ધાળુ ગ્રામ્ય જનોમાં તસ્કરોની કરતુતને પગલે રોષની લાગણી જોવા મળે છે.

રઘુવીર સેલિયમ ટેક્સટાઈલ માર્કેટમાં ફરીથી આગ ભડકી ઉઠતા ફાયર બ્રિગેડની દોડાદોડી

આજે સવારથી બપોર સુધીમાં બે વખત આગ લાગતા ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવ્યો

સુરત

સારોલી ખાતે આવેલ રઘુવીર સિલિયમ માર્કેટમાં લાગેલી ભીષણ આગ તો કાબુમાં આવી ગઈ છે. પરંતુ માર્કેટની અંદર રહેલ રો મટીરિયલમાં હીટિંગના લીધે રહી રહીને ભડકો થાય છે. આજે સવારે અને બપોરે આગ અને ધુમાડો દેખાતા ફાયરની ટીમે કુલિંગની કામગીરી કરી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ૭.૨૧ કલાકે ફાયર વિભાગને કોલ મળ્યો હતો કે રઘુવીર સિલિયમ માર્કેટમાંથી ધુમાડો નીકળે છે અને આગની જવાળા પણ દેખાઈ રહી છે. ફાયર કન્ટ્રોલ દ્વારા ઓફિસર શુકલાને સ્થળ પર રવાના કરી કુલિંગની કામગીરી કરી હતી. બપોરે ૧૨.૨૫ કલાકે ફરી રઘુવીર માર્કેટમાં આગ લાગી હોવાનો કોલ મળતા ફાયર ઓફિસર સંજય સોનવણેને સ્થળ પર કુલિંગની કામગીરી કરવા માટે રવાના કરવામાં આવ્યા હતા.

વધુમાં મળતી માહિતી મુજબ રઘુવીર સિલિયમ માર્કેટને એન્ટ્રેન્સ ભાગે એલીવેશનથી કવર કરવામાં આવી હતી. માર્કેટમાં એર કંડીશનના લીધે કાચનું પાર્ટીશન કરવામાં આવ્યું હતું. દુકાનો સેન્ટ્રલી એસી હોવાથી આગને કાબુમાં લેવા માટે ૩૦ કલાક જેટલો સમય લાગ્યો હતો. માર્કેટોની સેંકડો દુકાનોમાં સાડી, ડ્રેસ, મટીરિયલનો મોટો જથ્થો હાજર હતો. દુકાનોમાં લાકડાની દાદર બનાવી હતી. જે આગ દરમ્યાન ઘીનું કામ કર્યું . સતત આગના લીધે માર્કેટની અંદર તાપમાનમાં ભારે વધારો થતા કેટલીક ખુણામાં આવેલી દુકાનોમાં જે જથ્થો સળગ્યા વગરનો રહી ગયો છે તે હવે ગરમીના હિસાબે સળગી રહ્યો છે. આજે ચોથા દિવસે પણ માર્કેટમાંથી આગ અને ધુમાડો દેખાઈ રહ્યો છે. માર્કેટની અંદર જવા માટે હજી કોઈને પરવાનગી આપી નથી. ફાયરની ટીમે બહારથી કુલિંગની કામગીરી હાથ ધરી છે.

સુરત મનપાનાં ડેપ્યુટી કમિશનર ડ્રાફ્ટ બજેટ રજૂ થતી વખતે ઊંઘતા ઝડપાયા

સુરત

ગુરૂવારના રોજ મહાનગર પાલિકાના કમિશનર બંછાનિધિ પાની ડ્રાફ્ટ બજેટ રજૂ કરી રહ્યાં હતાં એ દરમિયાન પાલિકામાં ડેપ્યુટી કમિશનર તરિક ફરજ બજાવતાં કેતન પટેલ રીતસરના ઊંઘતાં કેમેરામાં કેદ થયાં હતાં. જો કે તેમનું કેમેરામાં શૂટિંગ થઈ રહ્યું હોવાનું તેમના ધ્યાન પર આવતાં જ ચુસ્તીને દૂર કરી ફરી સ્વસ્થ થઈને ચશ્મા પહેરીને કામે લાગી ગયા હોય તેવા દ્રશ્યો કેમેરામાં કંડારાઈ ગયાં હતાં.

પાલિકામાં વર્ષોથી એક જ ખાતામાં પર રહ્યાં બાદ છેલ્લા થોડા સમયથી ડેપ્યુટી કમિશનર કેતન પટેલ ટાઉન પ્લાનિંગમાં કામ છે. વન મને આર્મીની ઓળખ ધરાવતા કેતન પટેલ શાસક પક્ષ અને વિપક્ષ બન્નેને સાથે લઈને ચાલતા હોવાની છાપ ધરાવે છે. પાલિકાના ૬૦૦૩ કરોડના ડ્રાફ્ટ બજેટ વખતે નિંદર ભરેલી લાલઘૂમ આંખો સાથે કેતન પટેલે ઝબકી મારી લીધી હોય તેવા દ્રશ્યો કેમેરામાં કેદ થઈ ગયાં હતાં. જોકે અગાઉ પણ ડેપ્યુટી કમિશનર કેતન પટેલ પર તક્ષશિલા આગમાં પણ આરોપ લાગ્યા હતા અને એક મહિલા જાતિય શોષણનો કેસ પણ લડી રહી છે.

પમ્પ અપ ન્યુટ્રીશિયન ઓફિસના કર્મચારી દ્વારા ૭.૩૬ લાખની ઉચાપત

સુરત

સિટીલાઈટ ઈન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્ષમાં આવેલી પમ્પ અપ ન્યુટ્રીશિયનની ફર્મમાં કામ કરતા કર્મચારીએ રૂપિયા ૭,૩૬૦૦૦ની ઠગાઈ કરી હતી. ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સિટીલાઈટ ઈન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્ષમાં પમ્પ અપ ન્યુટ્રીશિયલની ઓફિસ ધરાવતા હસન શોએબ હારૂક ચશ્માવાળાએ ઓફિસના કર્મચારી ફૈઝન તારીક શેખ (રહે. આંબાવાડી, કાલીપુલ, સલાબતપુરા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપી કર્મચારી ફૈઝને ફરિયાદીની કંપનીના પેટીએમ એકાઉન્ટમાંથી રૂા.૨.૨૫ લાખ, ઓફિસના ગલ્લામાંથી રૂા.૧.૩૧ લાખ અને ફર્મનો રૂપિયા ૧.૮૦ લાખનો વેચેલા માલના રૂપિયા બારોબાર મેળવી લઈ કુલ રૂા.૭.૩૬૦૦૦ની ઉચાપત કરી હતી. ઉમરા પોલીસે હસન શોએબ હારૂક ચશ્માવાળાની ફરિયાદ નોંધી પો.ઈ. એમ.એલ. સાળુંકેએ તપાસ હાથ ધરી છે.



દેશની આઝાદી બાદ નર્મદા જિલ્લાના અનેક ગામો વિકાસ થી વંચિત..

સ્ટેચ્યુ ઓફ યુનિટી પહેલા પણ નર્મદા જીલ્લામાં અનેક સ્થળો પ્રવાસીઓ માટે ફરવા લાયક હતા છતાં તેનો વિકાસ થતો નથી



કરજણ ડેમ નજીકના જુનારાજમાં પ્રવાસન કેન્દ્ર હોવા છતાં ગામમાં પાણી,રસ્તા જેવી જરૂરી સુવિધાઓનો અભાવ,રસ્તાના અભાવે પ્રવાસીઓની સંખ્યા નહિવત

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

સરકાર નર્મદા જિલ્લામાં જાણે ફક્ત સ્ટેચ્યુ ઓફ યુનિટી પાછળ જ ધ્યાન આપી રહી હોય તેમ નજીક આવેલા અન્ય પ્રવાસન કેન્દ્રોના વિકાસ માટે સરકાર ધ્યાન આપતી નથી જેના કારણે જુનારાજ,નીનાઇ ધોધ,ઝરવાની ધોધ સહિત ના સ્થળો ઉપર પ્રવસીઓ જોવા મળતા નથી તો શું સરકાર ફક્ત સ્ટેચ્યુ ઓફ યુનિટી પાછળ જ કરોડોનો ખર્ચ કરશે.

રાજપીપળા નજીક આવેલા કરજણ ડેમને અડીને આવેલુ જુનારાજ ગામ પ્રવાસન કેન્દ્ર છે,જંગલ ખાતાનું ઈકો ટુરીઝમ છે છતાં સુંદરપુરા ગામ થી વન વિભાગની ચેક પોસ્ટ થઈ જુનારાજ તરફ જતો રસ્તો સિંગલ પટ્ટી કાચો અને ધુળીયો છે.ગામમાં પાણીની લાઈનો નથી,નેટવર્કના કોઈ ઠેકાણા નથી,હિલ વાળા માર્ગ હોય ચોમાસામાં વાહન અવર જવરની પણ તકલીફ પડે છે તેમ છતાં આઝાદી બાદ પણ આ વિસ્તારનો ખાસ કોઈ વિકાસ થયો નથી.તો શું સરકાર નર્મદા જિલ્લા માં ફક્ત સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જ વિકાસ કરશે.

અમારા ગામમાં પાણી,રસ્તા જેવી જરૂરી સુવિધા નથી : રેખાબેન વસાવા (સરપંચ,જુનારાજ)

જુનારાજ ના મહિલા સરપંચે દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું કે અમારા ગામનો વિકાસ થતો નથી જરૂરી એવી પાણી અને રસ્તા જેવી સુવિધાઓ પણ મળી નથી ગામની લગભગ ૨૫૦૦ જેવી વસતી છે છતાં પાણીની લાઈનો અત્યાર સુધી નંખાઈ નથી માત્ર હેડપંપ છે એમાં પણ ઉનાળામાં પાણી ની મોટી તકલીફ પડે છે, નજીક માજ કરજણ ડેમ હોવા છતાં ગામ માં પાણીની તકલીફ છે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ વિકાસ થતો નથી.

દેશના ૧૦૦ શહેરોમાંથી પ્રોજેક્ટના અમલીકરણના બેસ્ટ પર્ફોમન્સ બદલ સુરતને સિટી એવોર્ડ

સુરત

વિશાખાપટ્ટનમ ખાતે ધી મીનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા તમામ સ્માર્ટ સિટીઓને પ્રોત્સાહન આપવાના હેતુથી ઈન્ડિયન સ્માર્ટ સિટી એવોર્ડ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તમામ સ્માર્ટ સિટી પાસેથી ૭ અર્બન થીમ અંતર્ગત પ્રોજેક્ટનું નોમિનેશન મંગાવવામાં આવ્યું હતું.જેમાંથી સુરતના બે પ્રોજેક્ટને એવોર્ડ આપવામાં આવ્યો હતો.

ધી મીનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા સુરત સ્માર્ટ સિટીના બે પ્રોજેક્ટ રિસ્ટોરેશન,રિ યુઝ એન્ડ રિ ડેવલેપમેન્ટ ઓફ સુરત કેસ્ટલ પ્રોજેક્ટને કલ્ચર એન્ડ ઈકોનોમી કેટેગરીમાં તેમજ વન સિટી વન કાર્ડ ડિજીટલાઈઝેશન ફોર કેશલેશ ટ્રાવેલ બાય ઈન્ટીગ્રેશન ઓફ ઓટોમેટીક ફેર કલેક્શન સિસ્ટમ વીથ સુરત મની કાર્ડ પ્રોજેક્ટને મોબિલીટી એન્ડ ટ્રાન્સપોર્ટેશન કેટેગરીમાં એવોર્ડ મળ્યો છે.

સુરત સ્માર્ટ સિટી દ્વારા સ્માર્ટ સિટી મિશન અંતર્ગત બે પ્રોજેક્ટ ઉપરાંત એસએમએસી સેન્ટર, ઈન્ટેલિજન્ટ ટ્રાન્જીસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, સ્માર્ટ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, એઆઈસી સુરતી આઈએલએબી ફાઉન્ડેશન, વિઝ્યુઅલ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ મોડલ રોડ, એર ક્વોલિટી મોનિટરીંગ સિસ્ટમ, સોલાર એન્ડ વિન્ડ પાવર જનરેશન, એફોર્ડેબલ હાઉસિંગ જેવા પ્રોજેક્ટના સફળતાપૂર્વક અમલ કરવા માટે આ વર્ષે પણ એમઓયુએચયુએ દ્વારા સુરતને સ્માર્ટસિટી પ્રોજેક્ટના અમલીકરણ અન્વયે દેશમાં તમામ ૧૦૦ સ્માર્ટ સિટીઓમાં બેસ્ટ પર્ફોમન્સ બદ સિટી એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ



ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી જીલ્લામાં પ્રોહી/જુગારની અસામાજીક પ્રવૃતી ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આધારે તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.પી. ભોજાણી અંકલેશ્વર ડીવીઝનના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર પો.સ્ટે.વિસ્તારમાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર આર. એન. કરમટીયોની સુચના આધારે બાતમીદાર દ્વારા બાતમી મળેલ કે અંકલેશ્વર તાલુકાના અમરતપરા ગામે અરવિંદભાઈ ઉર્ફે ભોલો અંબુભાઈ વસાવા રહે. અમરતપરા તા. અંકલેશ્વરનાનો અમરતપરા ગામે પાદરીયા વણામાં તુવેરની ખેતરમાં દેશી દારૂ સંતાડેલ છે. તેમજ ખેતરથી થોડે દુર બાવળની ઝાડી પાસે જમીનમાં ખાડા ખોદી પ્લાસ્ટીકના બેરલો દબાવી તેમાં ગોળ પાણીનું મિશ્રણ કરી દેશી દારૂ બનાવવા માટેનો વોશ તૈયાર કરી સંતાડેલ છે જે બાતમી આધારે બાતમીવાળી જગ્યા પર રેઈડ કરતા તુવેરના ખેતરમાંથી પ્લાસ્ટીકના કારબા નંગ ૨૦ જેમા વોશ લી ૭૦૦ કિ.રૂ ૧૪૦૦૦/- તથા વોશના બેરલ નંગ ૩૫ જેમા વોશ લીટર ૭૦૦૦ કિ.રૂ ૧૪,૦૦૦/- મળી કુલ કિ.રૂ ૨૮,૦૦૦/- નો મુદામાલ મળી વોન્ટેડ આરોપી અરવિંદભાઈ ઉર્ફે ભોલો અંબુભાઈ વસાવા રહે. અમરતપરા અંકલેશ્વર, જી.ભરૂચ ના વિરૂધ્ધ પ્રોહી એક્ટ વિરૂધ્ધ કાયદેશર કાર્યવાહી કરવામાં આવેલ છે.

જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ



ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લામાં પ્રોહી/જુગારની અસામાજીક પ્રવૃતી ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આધારે તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.પી.ભોજાણી અંકલેશ્વર ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર પો.સ્ટે વિસ્તારમાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર આર. એન. કરમટીયા નાઓની સુચના આધારે પેટ્રોલીગ દરમ્યાન બાતમીદારથી બાતમી મળેલ કે નવાદીવા ગામે શામજી ફળીયામાકાનો વસાવા નાનો તેના ઘર૦ની સામે ખુલ્લી જગ્યામાં જાહેરમાં કેટલાક ઈસમો સટ્ટા બેટીંગનો જુગાર રમી રમાડી રહ્યા છે જે બાતમી આધારે રેઈડ કરતા સ્થળ ઉપર હાજર ત્રણ આરોપી નં (૧)મનીષભાઈ ઉર્ફે કાનો નટવરભાઈ વસાવા રહે.નવા દીવા શામજી ફળીયા તા. અંકલેશ્વર જી.ભરૂચ (૨) રોબિન મહેશભાઈ ખિસ્તી રહે. નવી નગરી અંકલેશ્વર શહેર જી. ભરૂચ(૩) ધર્મેશ ભાઈ જશવંતભાઈ વસાવા રહે. નવા દીવા શામજી ફળીયા તા. અંકલેશ્વર જી. ભરૂચ તેઓની અંગ ઝડતી માંથી રોકડા રૂ.૧૦,૨૬૦/-તથા સટ્ટા બેટીંગ રમવાના મુદામાલ સાથે પકડાઈ ગયેલ જે ત્રણેવ આરોપીઓને અટક કરી જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ઉધના મોરારજી વસાહતમાં સ્ટેટ પોલીસે દરોડા પાડ્યા

રૂા.૧.૧૧ લાખનો દારૂ ઝડપી પડાયો

સુરત

સ્ટેટ મોનીટરિંગ સેલે ઉધના મોરારજી વસાહતમાં દરોડા પાડી દેશી વિદેશી દારૂ મળી કુલ રૂા.૧,૧૧,૭૦૩ની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.

સ્ટેટ મોનીટરિંગ સેલે મળેલી બાતમીના આધારે ઉધના મોરારજી વસાહતના બે મકાનમાં દરોડા પાડ્યા હતા. આ બંને મકાનમાંથી વિદેશી દારૂની બોટલ બિયરના ટીન અને ૬૭ લીટર દેશી દારૂ મળી કુલ રૂા.૧,૧૧,૭૦૩ની કિંમતનો દારૂ જપ્ત કર્યો હતો. આ કેસમાં પોલીસે આબીદ સલીમ શા, જગ્ગો, યુનુસ બસીર ખાટીક, હુસૈન ટલ્લી અને દારૂનો જથ્થો પુરો પાડનારને વોન્ટેડ જાહેર કરી કાયદેરની કાર્યવાહી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છેકે, સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી સ્ટેટ મોનીટરિંગ પોલીસે ઉધના મોરારજી નગર વસાહતમાં દારૂના અડ્ડા પર દરોડા પાડતા સ્થાનિક ઉધના પોલીસ પણ દોડતી થઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગેલેરીમાં પાણી ઢોળવાના મુદ્દે પાડોશીઓ વચ્ચે મારામારી

મારામારીમાં માતા-દીકરીના માથા ફૂટ્યા

સુરત

કતારગામમાં ગેલેરીમાં પાણી ઢોળવાના મુદ્દે પાડોશીઓએ માતા-પુત્રી સાથે ઝઘડો કરી માથા ફોડ્યા હોવાનો બનાવ સંદર્ભે સામસામે કતારગામ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભગવાન નગરની સામે હરિદ્વાર સોસાયટીમાં રહેતાં ચંપાબેન કેશુભાઈ ચાવડાએ પડોશી આરોપી રમેશભાઈ, હંસાબેન, અક્ષય, ઉર્વીબેન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી ચંપાબેનની દિકરી હિનાબેન ઘરની ગેલેરી પાણીથી સાફ કરતી હતી. ત્યારે આરોપીઓએ ફરિયાદી માતા-પુત્રી સાથે ઝઘડો કરી માથાના ભાગે પથ્થર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.કતારગામ પોલીસે ચંપાબેન ચાવડાની ફરિયાદ નોંધી પાડોશીની ધરપકડ હાથ ધરી હતી. સામે પક્ષે ઉર્વીબેન વિજય પટેલે આરોપી ચંપાબેન, હિનાબેન સામે ફરિયાદ નોંધાવી હતી.

વસીમ બિલ્લા હત્યા કેસમાં સુરતના ત્રણ શકમંદોની પોલીસ દ્વારા તપાસ

હોટલો તથા સીસીટીવી ફુટેજના આધારે હત્યારાઓ સુધી પહોંચવા પોલીસના પ્રયાસો

સુરત

સુરતના વસીમ બિલ્લા હત્યા પ્રકરણમાં નવસારી એલસીબી પોલીસે સુરતના ત્રણ શકમંદોને ઉંચકી લાવી જલાલપોરના વેડછા ગામે ગુનામાં વપરાયેલી બાઈક બિનવારસી હાલતમાં મળી આવતા કબજે કરી છે. પોલીસે વસીમ બિલ્લાના હત્યાની ગુત્થી સુલઝાવવા માટે સીસીટીવી કેમેરા ફુટેજ હોટલોમાં તપાસનો દોર શરૂ કર્યો છે.

પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ સુરતથી તડીપાર કરાયેલા માથાભારે વસીમ બિલ્લાને નવસારી છાપરા રોડ મણીનગર ખાતે મંગળવારની રાત્રે ચાર જેટલા અજાણ્યા હત્યારાઓએ આડેધડ ગોળીઓ ધરબી મોતને ઘાટ ઉતારી દીધો હતો. નવસારીમાં હીરાના વેપારીને આંતરી રૂા.૬૦ લાખના હીરાની લૂંટ અને બીજા દિવસે નવસારી છાપરા રોડ ઉપર સુરતના તડીપાર કરાયેલા માથાભારે વસીમ બિલ્લાની હત્યાને પગલે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં નવસારી ટોક ઓફ ધી ટાઉન બન્યું હતું. આ ફાયરિંગની ઘટના અંગે સુરત રેન્જ આઈજી રાજકુમાર પાંડયનને જાણ થતા જ તેઓ નવસારી આવી આ ચકચારીત હત્યાના ગુનાની ગુત્થી સુલજાવવા માટે નવસારી એલસીબી એસઓજી અને સુરત આરઆર સેલની ટીમને દોડતી કરી હતી.

આ બનાવ અંગે રૂરલ પોલીસમાં વસીમ બિલ્લાના મોત અંગે તેના મોટા ભાઈએ નોંધાવેલી ફરિયાદના આધારે સાત શકમંદો પૈકી ત્રણને પોલીસ ઉંચકી લાવી હતી. નવસારી એલસીબી પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી કેમેરાઓના ફુટેજ મેળવી અલગ અલગ દિશાઓમાં તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે. ગઈકાલે સુરત સિવિલમાં વસીમ બિલ્લાની લાશનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા બાદ તેના નિવાસ સ્થાનેથી અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. નવસારી એલસીબી પોલીસે જલાલપોરના વેડછા ગામની સીમમાં ખાડી નજીકથી એક બિનવારસી મોટર સાયકલ કબજે કરી હતી. હાલ ચારેય હત્યારાઓ પોલીસ પહોંચની દૂર રહ્યા છે. પરંતુ પોલીસ હત્યાની ગુત્થી સુલઝાવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહી છે. વધુ તપાસ એલસીબી પીઆઈ વીએસ પલાસ કરી રહ્યા છે. નવસારીમાં વસીમ બિલ્લાની હત્યાની ભારે ચર્ચા સાથે બોલીવુડના નામી હસ્તીઓ સાથેના તેના ફોટા સોશિયલ મીડિયા પર ફરતા થયા છે.

ભરૂચ જિલ્લાના આછોદ ગામે નાગરિકતા સંશોધન કાયદાનો પ્રચંડ વિરોધ





● આછોદ ગામે રેલી કાઢ્યા બાદ આમોદ આવી મામલતદારને આવેદનપત્ર અપાયું

● મોટી મસ્જીદથી ગામના પાદર સુધી વિવિધ પ્લેકાર્ડ અને બેનર સાથે રેલી કાઢી ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો

દેશભરમાં નાગરિકતા સંશોધન કાયદાનો ભારે વિરોધ થઈ રહ્યો છે ત્યારે આમોદ તાલુકાના આછોદ ગામે આજે જુમ્માની નમાઝ બાદ આછોદની મોટી મસ્જીદથી હાથમાં વિવિધ સૂત્રોના પ્લેકાર્ડ તેમજ બેનર સાથે ગામલોકોએ મોટી સંખ્યામાં ભેગા મળી ગામના પાદર સુધી રેલી કાઢી હતી. અને સીએએ, એનપીઆર તથા એનઆરસી નો પ્રચંડ વિરોધ નોંધાવ્યો હતો. આ કાર્યક્રમમાં ગામના સરપંચ ડેપ્યુટી સરપંચ તેમજ અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આછોદ ગામના પાદરમાં એક સભાના રૂપમાં આ કાયદાની ભયાનકતા વિશે લોકોને લોક સરકારના પ્રમુખ જકવાન જાલ તરફથી સમજૂતી આપવામાં આવી હતી. અને જણાવવામાં આવ્યું હતું કે વિવિધતામાં એકતામાં માનનારો આ દેશ છે જેમાં ધર્મના આધારે આ દેશમાં કાયદો લાગુ પાડી શકાય નહી. ત્યાર બાદ આછોદ ગામે સભા પૂર્ણ થયા બાદ આમોદ ખાતે મામલતદાર ડૉ.જે એન પટેલને આવેદનપત્ર આપવા માટે આછોદ ગામના સરપંચ સહિત ગામના દરેક સમાજના અગ્રણીણો જોડાયા હતા. આવેદનપત્રમા જણાવ્યા મુજબ નાગરિકતા સંશોધનનો આ કાયદો ભારતીય બંધારણના પાયાના સિદ્ધાંતોની વિરુધ્ધ છે.હાલની કેન્દ્ર સરકાર સત્તાના નશામાં ફરી આ દેશને વિદ્રોહ ,વિગ્રહ અને અંધાધુની તરફ લઈ જઈ રહી છે.આઝાદીના લડવૈયાઓ અને બંધારણના ઘડવૈયાઓએ સતત કુરબાનીઓ આપી આપણને એક મજબૂત દેશ અને મહાન બંધારણ આપ્યું છે. તેની રક્ષા કરવા ભારતીયો કટિબધ્ધ છે.

બાકી વેરા અંગે મિલ્કતોના નળ-ડ્રેનેજ કનેકશન કપાયા

સુરત

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૯-૨૦ના મ્યુનિસિપલ મિલકતવેરાની ઘનિષ્ઠ વસુલાત માટે તા. ૨૨/૦૧/૨૦૨૦ના રોજ વોર્ડ નં.૩૫એ ગોકુલ નગર,ભરવાડ વસાહત,ભટારમાં આવેલ મિલકતોના નળ/ડ્રેનેજના ૨૮ કનેકશન કાપીને સ્થળ પર રૂ. ૧૧,૫૬,૫૨ - (અંકે રૂપિયા અગિયાર લાખ છપ્પન હજાર છસો બાવન પુરા)જેટલી મિલકતવેરાની વસુલાત કરવામાં આવેલ છે.